
શ્રી સ્વામિનારાયણ

Rs. 5

December '07


સમૂહ શારદા પૂજન
અને અન્નકૂટ દર્શન








પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



અમદાવાદ મંદિરમાં રંગમહોલ શ્રી ઘનશ્યામ
મહારાજના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન



જેતલપુર મંદિરમાં અન્નકૂટ દર્શન




જેતલપુર મંદિરમાં મારુતી યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારતા
પૂ. પી.પી. સ્વામી અને યજમાન પરિવાર



સર્વોપરિ છપૈયા ધામ ખાતે જન્મસ્થાન નિર્માણમાં ઉપયોગી ક્રેઈનનું
પૂજન કરતા પૂ. બ્રા.રામકૃષ્ણાનંદજી સ્વામી



કાંકરિયા મંદિરમાં મારુતીયજ્ઞની પૂર્ણાહુતિની આરતી
ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી
(મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 1 અંક : 8 दिसम्बर -2007

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	"આનંદની હેલી" : ગોટાળામાંય આનંદ	૪
૪.	હે યુવાનો !!	૫
૫.	સત્સંગ યુવા સંમેલન	૬
૬.	વાણી વિવેક	૭
૭.	આપણા મંદિરો શોપીંગ મોલ કે ડાઈનીંગ હોલ નથી	૯
૮.	વચનામૃત - કારીયાણી	૧૦
૯.	આધુનિક યુગમાં શિક્ષાપત્રી	૧૧
૧૦.	લાખ વરસની લડાઈ	૧૪
૧૧.	કાંકરોલી મંદિરમાં શ્રીનાથજી ભગવાને પરચો આપી પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા આપી	૧૭
૧૨.	સત્સંગ બાલવાટિકા (૧) તમામ પ્રગતિનો પાયો (૨) વિચારીને દાન કરવું	૧૮
૧૩.	ભક્તિસુધા (૧) શ્રીહરિના વચન લોપથી દુઃખી થયેલ સંતો (૨) ઓળાના રતનબા (૩) ક્યારે હવે દેખું રે હરિ હસતા (૪) સાબરમતી-નારાયણઘાટનો મહિમા (૫) કરજીસણમાં શ્રીહરિએ કરેલી અદ્‌ભુત લીલા	૨૦
૧૪.	પ્રશ્નપેટી	૨૪
૧૫.	સત્સંગ સમાચાર	૨૫

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

સત્સમર્પણમ્




તંત્રીશ્રીની કલમે....

આધ્યાત્મિક યાત્રામાં ભગવાનને મેળવવાના સાધનો કરતાં કરતાં ગુણ અવગુણની અસહ્ય પીડા રહ્યાં કરતી હોય છે. સત્સંગ કથા વાર્તા માહાત્મ્ય જ્ઞાનની વાતો સાંભળીને વળી વળીને ગુણ આવે, પણ માયિક દ્રષ્ટિનો પ્રભાવ વધતાં પુનઃ ગુણ ગાયબ થઈ જાય અને અવગુણ દેખાવા લાગે. સામેની સ્થિતિ યથાવત જ હોય પણ જોવામાં ફરક પડવાથી ગુણ-અવગુણ રહ્યાં કરે, અને આ બીમારી તો ભગવાનમાં પણ ભગતને દેખાવા લાગે છે. શ્રીહરિએ વડતાલના વચનામૃત ૧૪ માં સ્પષ્ટ નિરૂપણ કર્યું કે, કુપાત્ર જીવને પણ ભગવાનને ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે. અને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે અને તે જીવ અતિશે પવિત્ર થઈ જાય છે. માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોટે છે અને સમાધિ થઈ જાય છે. અને જે પુરૂષ ધર્મશાસ્ત્રે કહ્યાં એવા જે વર્ણાશ્રમના ધર્મ તેને પાળતો હોય ત્યારે તેને સર્વ લોક ધર્મવાળો જાણે, પણ ભગવાન કે ભગવાનના સાધુ તેનો જો તે દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લાગે છે કે, વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું જે પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાખે છે. તે તો પંચ મહાપાપનો કરનારો તેથી પણ વધુ પાપી છે. ભગવાનમાં માયિક ભાવ આવે તો ગુણ-અવગુણ રહે પણ ભગવાનની સંપૂર્ણ લીલા દિવ્ય સમજે તો દિવ્ય ભાવ આવે. ભગવાનની મૂર્તિઓ પણ સાક્ષાત્ પ્રગટ પ્રત્યક્ષ છે. ભગવાનના સ્થાન પર બિરાજમાન ધર્મવંશી આચાર્યમાં અક્ષરધામના અધિપતિ સાક્ષાત્ પ્રગટ રહ્યા છે. ભગવાન આચાર્ય સ્વરૂપે વિચરણ કરે, સેવા અંગીકાર કરે, રાજી થાય, નારાજ થાય, આજ્ઞા કરે, તેના કર્તા ભગવાન છે. તેમાં ક્યારેય માયિક વ્યવહારિક દ્રષ્ટિ ન રાખે તથા ભગવાનના સાચા સંત જેને ભગવાનને પ્રસન્ન કરવા વિના કોઈ મનોરથ નથી અને સંપૂર્ણ નિર્દભ એવા સંતોમાં ય માયિક દ્રષ્ટિ ન રાખે અને સત્સંગની સેવા પરાયણ અને નિષ્ઠાવાન હરિભક્તમાંય માયિક દ્રષ્ટિ ન રાખે, તો જોનારાએ વર્ણાશ્રમ લોપ્યાના તથા પંચ મહા પાપ કર્યા હોય તે માત્ર દૃષ્ટિથી પાપ બળી જાય છે અને અવિરત અહો અહો ભાવની સ્થિતિ રહેતા સમાધિનિષ્ઠ થાય છે. આ સત્સંગમાં આપણામાં જો દિવ્ય ભાવ હોય તો સર્વત્ર ગુણ જ દેખાશે. અને આપણામાં માયિક ભાવ હશે તો અવગુણ જ દેખાશે અને આજે કાલે કે વરસે દહાડે સત્સંગમાંથી પતન થશે. માટે આધ્યાત્મિક માર્ગમાં આ વાતનું સતત અનુસંધાન રાખવું. અને સામાવાળાની આપણે ચિંતા ન કરવી પણ આપણી જ ચિંતા કરવી.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(નવેમ્બર - ૨૦૦૭)



૧. ઊંઝા શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. ત્યાંથી સ્કુલના ભૂમિપૂજન પ્રસંગે પધરામણી.

૪. વડુ શ્રી સ્વામિનારાયણ મંદિર પધાર્યા. ત્યાંથી કરજીસણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધાર્યા.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા પધરામણી. ત્યાંથી પ.ભ. દશરથભાઈ માધવલાલ ચૌધરીના 'શ્રી નરનારાયણ ટ્રેક્ટર'માં પધરામણી.

૭. પ.ભ. ડાહ્યાભાઈ મણીલાલ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, રાણીપ.

૮. નારણપુરા મંદિર શ્રી હનુમાનજી મહારાજના પૂજન પ્રસંગે પધાર્યા. અમદાવાદ મંદિર શ્રી હનુમાનજી મહારાજની પૂજન-આરતી પોતાના વરદ્ હસ્તે કરી. જમીયતપુરા શ્રી પ્રભા હનુમાનજી મહારાજની આરતી કરવા પધાર્યા.

૯. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં સમૂહ શારદા પૂજન પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયું.

૧૦. પ.ભ. વસંતલાલ ત્રિભોવનદાસ ટાંકને ત્યાં પધરામણી, પાલડી.

૧૧. વિહાર ગામે પ.ભ. અંબાલાલ વાલદાસ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૩. થી ૧૫. નાથદ્વારામાં અમદાવાદના સત્સંગી યુવકોનું સ્નેહ સંમેલન પોતાની શુભ નિશ્રામાં સંપન્ન થયું.

૧૭. આકરૂંદ (તા. બાયડ) ગામે પધરામણી.

૧૮. પંઢરપુર (તા. કડી) પ.ભ. વાલજીભાઈ જાદવજીભાઈ પટેલને ત્યાં 'જપયજ્ઞ' પ્રસંગે પધરામણી.

૧૯. અંબાપુર (જી. ગાંધીનગર) ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

૨૦. હળવદ (મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર જ્ઞાન શિબિર પ્રસંગે પધરામણી.

૨૧. અમદાવાદ મંદિરમાં સંતદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે આપી. નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર 'તુલસી વિવાહ' પ્રસંગે પધરામણી. રાત્રે મકનસર પધરામણી.

૨૨. મકનસર (તા. મોરબી-મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધાર્યા.

૨૩. પ.ભ. વલ્લભભાઈ પોપટભાઈ ખીચડીયા અને પ.ભ. મહેન્દ્રભાઈ વલ્લભભાઈ ખીચડીયા અને પ.ભ. રમેશભાઈ રવજીભાઈ દોંગા અને પ.ભ. અરવિંદભાઈ રવજીભાઈ દોંગાને ત્યાં પધરામણી બાપુનગર.

૨૪. મૂળીશ્રી સ્વામિનારાયણ મંદિર યુવા શિબિર પોતાની શુભ અધ્યક્ષતામાં સંપન્ન થઈ ત્યાંથી સુરેન્દ્રનગર મંદિર પાટોત્સવના ઉપલક્ષમાં આયોજીત કથા-પારાયણ પ્રસંગે આશીર્વાદ આપવા પધાર્યા.

૨૫. પ.ભ. હેમંતભાઈ શશીકાંતભાઈ કાછીયાને ત્યાં પધરામણી ગુલબાઈ ટેકરા.
પ.ભ. ભૂપેન્દ્રભાઈ કેશવલાલ અમીનને ત્યાં પધરામણી સોલા રોડ.
પ.ભ. કાળુભાઈ ગોવિંદભાઈ ગજેરાને ત્યાં પધરામણી એપ્રોચ-બાપુનગર.
પ.ભ. હિરેનભાઈ પ્રવિણભાઈ પટેલને ત્યાં પધરામણી વસ્ત્રાપુર.
પ.ભ. નંદકુમાર એન. પટેલને ત્યાં પધરામણી નારણપુરા.

૨૬. સિધ્ધપુરમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થઈ.

૨૮. ભરાડા (તા. ધ્રાંગધ્રા- મૂળીદેશ) પ.ભ. શામજીભાઈ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૩૦. ફોટડી (કચ્છ) ગામે પધરામણી.

આનંદની હેલી

ગોટાળામાંય આનંદ

- શાસ્ત્રી હરિજીવનદાસ સ્વામી

ડભાણનો જગન ધામધૂમથી પૂરો ઈ ગયો હતો. બાપુભાઈ નાગર ગનમાં કારભારી પદે હતા. હજારો રિભક્તો આ ઉત્સવમાં આવેલા. દરેક ક્ત મહારાજની પૂજા કરે. અને ભેટ કે. એ ભેટનો બધો હિસાબ બાપુભાઈ ાખતા. યજ્ઞનો પૂજાપો, રસોડાનું સીધું-ામાન વગેરે એમાંથી ચૂકવાય. આવક ારી હતી. પૈસા ચૂકવતા વધવા જોઈએ. ેના બદલે બાપુભાઈએ તો બીજા વધારે પિયાની ઉઘરાણી કરી. ત્યાં બેઠેલા બે ણ કાઠીઓ બોલી ઉઠ્યા કે હે મહારાજ ! અમે ફક્ત એક કલાકની મારી પૂજાનો હિસાબ માંડ્યો તો બે જાર રૂપિયાનો માલ અમારા હાથમાં આવ્યો છે. અને આ બાપુભાઈ તો અઢાર દિવસથી તમારી પૂજાની ભેટ વગેરે સંભાળે છે. છતાં લેણું શાનું બાકી રાખે છે ?

મહારાજ કહે, બાપુભાઈ તો હરિભક્ત છે તે જુઠું બોલે નહિ, જો તે આ પૈસા લઈ લેશે તો આ સત્સંગીના પૈસા બ્રહ્મરૂપ છે. તે કોઈને પચવાના નથી. માટે બાપુભાઈ તમે અમારી સાથે આવો. મયારામ ભટ્ટ જ્યારે આવશે ત્યારે તે હિસાબ ચૂકવી દેશે.

એ પછી શ્રીજી મહારાજ સારંગપુર પધાર્યા. મયારામ ભટ્ટ પણ ત્યાં આવેલા હતા. પ્રભુએ આજ્ઞા કરી કે ભટ્ટજી ! તમે બાપુભાઈને હિસાબ ચૂકવી દો. મયારામ ભટ્ટ તો સ્પષ્ટ વક્તા, એટલે ચોખ્ખું કહી દીધું કે મહારાજ ! આ બાપુ તો સત્સંગનો માલ બહુ ખાઈ ગયો છે. છતાં હજુ બાકી શાનું કાઢે છે ! હું બધા સત્સંગી પાસેથી ભેટ લખાવી લાવું છું. જેથી ખ્યાલ આવે કે કોણે કેટલી ભેટ લખાવી. પછી જો હિસાબ બાકી નીકળતો હોય તો ચૂકવી દઈશું. બાકી એ સિવાય રૂપિયો પણ ન મળે.

ત્યાં મહારાજ વચ્ચે જ બોલ્યા. હશે, વાત જવા દોને. હિસાબ "ચૂકવી દો. ભટ્ટ કહે, એ રીતે હિસાબ ચૂકવી દઉં તો મારી આબરું જાય. લોકો વાતો કરશે કે મયારામ ભટ્ટ વિસનગરા કારભારી છે. તેની પાસેથી ડુંગરપુરો બાપુ ખાઈ ગયો." ભટ્ટજી, તમે મને કેવા જાણો છો ? પ્રભુએ હળવેથી પૂછ્યું - "મહારાજ ! આપને તો ભગવાન જાણું છું." "જો ભગવાન જાણતા હો તો હું તેમને કેમ ખાવા દઈશ. માટે અત્યારે તો પૈસા ચૂકવી જ દો. પ્રભુની આજ્ઞાથી ભટ્ટજીએ હિસાબ ચૂકવી દીધો. પછી મહારાજે બાપુ તથા સુરાખાચરને કહ્યું કે પ્રશ્ન-ઉત્તર કરો. સુરાખાચરે બાપુને પૂછયું કે ભીષ્મપિતા મોટા કે દ્રોણાચાર્ય મોટા ? "દ્રોણાચાર્ય" બાપુનાગરે જવાબ દીધો.

સુરાખાચર કહે, દ્રોણાચાર્ય તો બ્રાહ્મણ. તે દાણા માગનારા શાના મોટા ? ભીષ્મ બિતામહ તો રાજા કહેવાય. એટલે એ મોટા ગણાય. બાપુએ ઘણી યુક્તિઓ દોડાવી પણ સમાધાન થયું જ નહિ. સુરા ખાચરે નવો દાવ ખેલ્યો. જો હું ભીષ્મ પિતામહ અને તું દ્રોણાચાર્ય લે, હું કરું તે તારાથી થશે ? "હા થશે." બાપુ બોલ્યા, "તો હું થાઉં પરમહંસ અને તું થા સંન્યાસી. બરાબર છે ને ?" તો બાપુએ હા પાડીને સોગંદ ખાધા. પછી પ્રભુ પણ શું કામ બાકી રાખે. દેવાનંદ દંડી સંન્યાસીને બોલાવ્યા અને બાપુનાગરને સંન્યાસ આપ્યો. સંન્યાસ આપીને નિયમ મુજબ બ્રાહ્મણને ઘેર ભિક્ષા માગવા મોકલ્યા.

મહારાજની મરજી જાણીને સુરાખાચર તો ઘેર ચાલ્યા ગયા. આ બાજુ નવા સંન્યાસી ભિક્ષા માગીને સભામાં મહારાજ પાસે આવી બેઠા. જીવા ખાચરને પૂછ્યું, કે સુરા ખાચર ક્યાં ગયા ? એ તો ઘેર પહોંચી ગયા. જીવા ખાચરે સાચું કહી દીધું. અને પછી તો બાપુએ જે પોક મૂકી ઓ બાપ રે..... આખી સભા હસવા માંડી.

નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે, "રંગભીનો કરે રસ હાસ, બાપુભાઈને સંન્યાસ." સભા ખૂબ હસી. શ્રીજી મહારાજ પણ મુખ આડો રૂમાલ રાખીને હસવા લાગ્યા.

હિસાબ જેવી ગંભીર અને વ્યવહારીક વાતમાંથીય આનંદરસ પ્રગટાવે, એ જ પ્રભુની પ્રભુતા છે.

હે યુવાનો !!

શાસ્ત્રી સ્વામી રામાનુજદાસજી (કાલુપુર મંદિરના કોઠારી સ્વામી)



હે યુવાનો તમે તમારા પ્રત્યે જાગૃત રહેશો. જાગૃતિ એટલે શું ? તો તમે ક્યાં છો ? તમારું ધ્યેય ક્યાં છે ? તમે કેટલું આગળ વધ્યા ? તમે કેટલા પાછળ પડ્યા ? એનું જાણપણું રાખવું, એનું જ્ઞાન એની કાળજી - એના કારણોને જાણી રાખવા તેનું નામ જાગૃતિ.

મનુષ્ય જન્મ મેળવી પરમાત્માની પ્રાપ્તિ કરવા રૂપી ધ્યેય તથા પૂજ્યપાદ મહારાજશ્રીનો રાજીપો મેળવવા માટે રાત્રી દિવસ એક કરી સત્સંગ વિકાસના કાર્યોમાં લાગી જાઓ. તમે જ્ઞાની યુવક છો. તમે ભક્તિ પરાયણ અને સત્સંગના રંગથી રંગાયેલા સક્રિય છો. તમે સત્સંગની મહામૂલી મૂડી છો.

તમારી ધગશમાં - તમારી કામ કરવાની રીતમાં - તમારી સૃષ્ટિ તરફની દ્રષ્ટિમાં - તમારી આત્મશ્રધ્ધામાં - તમારા વ્યક્તિત્વમાં અનેક શક્યતાઓ રહેલી છે. સત્સંગમાં પણ આજે તમારા વ્યક્તિત્વના વિકાસથી તમારી દિવ્ય ચેતના શક્તિ વિકસાવો. અને સત્સંગના વિકાસ માટે આજે જ દ્રઢ નિશ્ચય કરો. પાંદડે પાંદડે સ્વામિનારાયણ નામ લેવાશે એવા સંકલ્પને કાયમ ધ્યેયરૂપ બનાવી મૂર્તિમંત બનાવો. તમારામાં છુપાયેલા એક સફળ અને ઉત્તમ મનુષ્યને બહાર આવવા દો. એકવાર તમને તમારા પોતાનામાં શ્રધ્ધા આવશે. તુરત જ તમારામાં રહેલી શક્યતાઓમા નવીન ફૂપળો ફૂટશે. કારણ કે શક્યતાઓના છોડને આજે શ્રધ્ધાના જળની જરૂર છે.

યુવાધન છે એજ સત્સંગની સાચી સંપત્તિ છે. સત્સંગી યુવક મંડળો અને યુવાન સંતો જ સાચી મૂડી છે. જે જે દેશો અને સંસ્થાઓ આગળ વિકાસ પામ્યા છે. તેનું મુખ્ય કારણ છે યુવા ધન.

સ્પાર્ટા ને રોમ કેવા મજબૂત હતા ? કેવી ભરપુર સંસ્કૃતિ વિકસાવેલી હતી તે પછી નાશ પામ્યા. કારણ કે - જે દેશના યુવાનો મજબૂત અને આશાવાન હતા જે યુવાનોને તાલીમ સરસ અપાતી અને સમૃધ્ધિમાં આળોટતા તે યુવાનો જ્યારે દિશા ભૂલ્યા ત્યારે એ રાજ્યો સર્વનાશને માર્ગે ગયા !

આજે આપણી ભારતીય સંસ્કૃતિ અને આપણા યુવાનોમાં પણ આવું કાંઈક નજરે આવતું હોય એમ લાગે છે. યુવાનો જ સત્સંગમાં સંસ્થામાં કે દેશમાં વિકાસશીલ કાર્યો કરી શકે. પરંતુ આજનો યુવાન સત્સંગની પ્રવૃત્તિમાં દિવસે દિવસે પાછો પડતો જાય છે. નાનપ અનુભવે છે. તે વિચારવા જેવું નથી ?

સત્સંગની સંપત્તિ માત્ર મંદિરો કે લક્ષ્મી જ નથી કે સુખ-સગવડ નથી. માત્ર સૌંદર્યતા કે ક્ષેત્રફળમા નથી. સંપત્તિતો છે સત્સંગી યુવાનો.

ક્ષેત્રફળની દ્રષ્ટિએ નાનો એવો દેશ જાપાન, યુવાનોની કાર્ય કરવાની ધગશને કારણે આજે ટેકનોલોજીમાં મોખરે છે. રણની રેતીમાં બળબળતો દેશ ઈઝરાઈલ આજે યુવાનોના દેશ પ્રેમને કારણે જ રણમાં લીલી ખેતી સર્જી શક્યો છે. એટલે તો આજે સત્સંગમાં પણ યુવાનો જ આબાદી બક્ષી શકે પછી યુવાન સંતો હોય કે યુવાન સત્સંગી.

૧૯૨૧ થી ૧૯૪૭ સુધી ભારતમાં એવા યુવાનો આવ્યા કે જેમણે ગાંધીબાપુના નેતૃત્વ હેઠળ દેશને સ્વંત્રતા અપાવી. યુવા શક્તિએ ખૂબ મહત્વનો ફાળો આપ્યોછે. એવી જ રીતે શ્રીહરિ સમકાલીન સમયમાં - સંપ્રદાયની શરૂઆતમાં યુવાન સંતો અને યુવાન

હરિભક્તોએ જ વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

યુવાનો જો સત્સંગમાં ભેગા મળી સત્સંગનું કોઈપણ કાર્ય ઉપાડી લે તો જબરજસ્ત શક્તિનું મોજું બને.

યુવાનો એક થઈ રચનાત્મક કાર્યમાં આગળ વધે તો સત્સંગની આબાદી એવી વધશે કે સમગ્ર જન સમાજ જોઈ રહેશે.

ઘણીવાર યુવાનો પોતાની શક્તિનો અવળો ઉપયોગ કરતા દેખાય છે. જેમ કે સ્કુલોમાં નોકરીમાં, હડતાલ કે પત્થર મારો કરવો વગેરે. પણ આમ તો વિચારીને જોઈએ તો તે પણ એક શક્તિનું પ્રદર્શન જ છે. તેને અવળેથી સવળે માર્ગે વાળવાનું ક્યાંક આપણે ભૂલી ગયા છીએ. શું આપણે તે વિચારવા જેવું નથી ?

તમે દ્રઢપણે જરૂરથી વિચારજો કે તમારું એક સુસ્વપ્ન સત્સંગના ભાવિની એંધાણી છે. તમારું એક સત્કર્મ પ્રગતિનું આગે કદમ છે. તમારો એક સારો પ્રયત્ન સત્સંગની આબાદીનું ઉમેરણ છે. પરંતુ તમારામાં બે વિચારસૃષ્ટિ છે.

તમારામાં સતત કુરુક્ષેત્ર ચાલ્યા કરે છે. તમારામાં રહેલો એક 'હું' (મન) ને થાય છે કે જવા દે આ બધું આજનો સમય માણી લઈએ. આવતી કાલ કોને જોઈ છે. આજ તો મજા કરી લઈએ. જ્યારે બીજો 'હું' (આત્મા) તેને વિચાર આવે છે નહિ નહિ....


આજે જો જગતના પંચવિષયમાં રાચીશ તો કાલે મારું શું થશે ? આજે સત્કર્મ કરૂ તો કાલ સુધરશે. મન હંમેશા દુનિયા તરફ - આનંદ - ભોગ વિલાસ તરફ ખેંચે અને આત્માનો આદર્શ તમને ભગવાન તરફ જવા આદેશ આપી કલ્યાણના પથ પર પ્રેરે છે. તમારામાં શ્રેય અને પ્રેયનું યુદ્ધ ચાલ્યા જ. કરે છે. તો તે બન્નેને ઓળખી લેવા જરૂરી છે. અને શ્રેય માર્ગને ઓળખી આગળ વધવાનો દ્રઢ નિશ્ચય કરો.

તમે દરરોજ તમારી જાતને કહો કે હું સતત મારા પ્રત્યે જાગૃત રહીશ. વિકસતો રહીશ અને સત્સંગના વિકાસમાં શ્રીજી મહારાજનો દાખડો નંદ સંતોના પ્રયત્નો - પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના સંકલ્પોને સિધ્ધ કરવા કટિબધ્ધ થઈશ. તેમના આદર્શો જીવન પથ બનાવી સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો રાજીપો મેળવીશ એજ.

ઉપરના ધ્યેયમાં સફળ થવા માટે આપણા આચાર્ય મહારાજશ્રી રાત્રી-દિવસ પોતાના તનની પણ પરવા કર્યા વગર સતત ગામડે-ગામડે, ઘરે-ઘરે ફરી પધરામણીઓ - ઉત્સવ - સમૈયા - યુવક મંડળની સ્થાપના - વાર્ષિકોત્સવો શિબિરોનું આયોજન કરી રહ્યા છે. એમાં જોડાઈ આપણું ધ્યેય પ્રાપ્ત કરીએ.

સત્સંગ યુવા સંમેલન નાથદ્વારામાં યોજાયું

- શાસ્ત્રી અખિલેશ્વરદાસજી



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. અસૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજશ્રીના પવિત્ર સાનિધ્યમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર-ધર્મશાળા નાથદ્વારા (રાજસ્થાન)માં ત્રણ દિવસીય તા. ૧૩-૧૪-૧૫ નવેમ્બર ૨૦૦૭ દરમ્યાન સત્સંગ યુવા શિબિર યોજવામાં આવી હતી. સપરિવારમાં આવેલા યુવાનોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પવિત્ર સાનિધ્ય તથા બહેનોને પ.પૂ. ગાદીવાળાશ્રીનુ સાનિધ્ય તથા બાળકોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના અવિરત સાનિધ્યનો અલભ્ય લાભ મળ્યો. સત્સંગની પુષ્ટિ માટે પૂ. પી.પી. સ્વામી, હરિઊઁ સ્વામી, શ્રીજીપ્રકાશસ્વામી, ઘનશ્યામ સ્વામી આદિ સંતો તથા પ.ભ. ઉદયનભાઈ મહારાજા આદિ એ યુવાનોને ત્રણ દિવસ પર્યન્ત જ્ઞાનવાર્તાનો અનેરો લાભ આપ્યો. તથા કીર્તનકારશ્રી હસમુખ પાટડીયાએ નંદસંતો રચિત મૂળ રાગોપર આધારિત કીર્તનો સંભળાવ્યા હતા. યુવા શિબિરમાં ઉપસ્થિત યુવાનોએ વિનંતી કરી હતી કે પ્રતિવર્ષ દિવાળીના તહેવારોમાં આવી શિબિર રાખવામાં આવે તો જીવને અમૂલ્ય ભાતુ બાંધવાની તક મળે.

વાણી વિવેક

- શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજી
ગુરુ સ.ગુ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી
(પ્રયાગરાજ મંદિરના કોઠારી)

શબ્દમાં સ્વાભાવિક શક્તિ રહેલી છે, મામુલી શબ્દની પણ થોડી ઘણી તો અસર થાય છે. તો પછી સજ્જન પુરુષના શબ્દની અસર તો સામાન્ય શબ્દ કરતાં વધારે થાય તે સ્વાભાવિક છે. એમાં પણ વર્તનશીલ સંતો-ભક્તોના શબ્દોની તો વાત જ શું કરવી. તેઓના શબ્દો તો પ્રભાવશાળી અને વજનદાર હોય છે.

આખી દુનિયામાં કુલ ૯૫૦ ભાષાઓ અને બોલિયો છે. એમાં સૌથી વધારે બોલિયો ભારતમાં છે. ભારતમાં કુલ ૮૪૫ બોલિયો બોલાય છે. દુનિયાના ૬૨૫ કરોડ લોકો ૯૫૦ ભાષાઓમાં વાણીનો ઉપયોગ કરે છે. વાણીમાં ખૂબ તાકાત રહેલી છે. એકવાર મુખમાંથી નીકળ્યા પછી તે પાછી આવી શકતી નથી. માટે સમજુ માણસે સ્નેહ પૂર્વક બુદ્ધિથી વાણીનો ઉપયોગ કરવો જોઈએ.

આ અધ્યાત્મ જગત છે. તેથી જાગૃતિ અહીં મહત્વની છે. એક નાનો એવો શબ્દ પણ ઉથલ-પાથલ કરી નાખવાની શક્તિ ધરાવે છે. અર્થાત્ શબ્દ છે તે તે પરમાણું બોંબ છે. દૂધમાં પડતી સાકર જેમ દૂધ ને મધુર બનાવે દે છે, અને દૂધના તપેલામાં પડતા લીંબુના ચાર-પાંચ ટીપા જેમ દૂધને ફાડી નાખે છે. એમ અધ્યાત્મ જીવનમાં એક શબ્દ પણ તીવ્ર જાગૃતિ લાવી દે છે. અને ભૌતિક જગતનો એક શબ્દ પણ જાગૃત વ્યક્તિને અંધકારમાં ધકેલી દે છે. આધ્યાત્મિક માર્ગ હોય કે વ્યવહારિક, શબ્દોની અસર બન્ને માર્ગમાં થાય છે. અને તે એકવાર નો પ્રસંગ તેઓના જીવનમાં હંમેશને માટે યાદગાર નો પ્રસંગ બની જતો હોય છે. જો તે શબ્દો નેગેટીવ હોય તો જીવનને અધોગતિના માર્ગે ધકેલી દે છે. અને જો તે શબ્દો પોઝીટીવ હોય તો મુક્તના પંથ તરફ પ્રગતિ કરે છે.

આપણે શિક્ષાપત્રી ઉપર નજર કરીએ તો સ્વામિનારાયણ મહાપ્રભુએ ૨૦ માં અને ૨૦૧ માં શ્લોક પર સ્પષ્ટ લખ્યું છે કે મારા આશ્રિતોએ ક્યારેય પણ ગાળ (અપશબ્દ) ન બોલવી અને. જ્યારે અજ્ઞાની જીવ ગાળ દે તો સામી ગાળ ન દેવી, ધર્મમાં રહીને બોલવાની વાતનો અર્થ જ એ થાય છે કે કોઈને અપશબ્દ કે દિલ દુભાય એવા વચનો બોલવા નહીં.

આપણા સંપ્રદાયના મહાન યોગીવર્ય સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી વાત કરતા કે એકવાર ભગવાન દત્તાત્રેયે સાધ્ય દેવોને કહ્યું હતું "હે સાધ્યદેવ ! કોઈ યુક્ત એવી વાણી ન બોલવી. કારણ કે એવી વાણી તે આ લોકને વિષે પુરુષના મર્મ સ્થળના જે હાડકા હૃદય તથા પ્રાણ એ સર્વેને બાળી નાખે છે. તે કારણ પણા માટે ધર્મવાળો જે પુરુષ તે બીજાને બાળે એવી જે રૂખી વાણી તેને ક્યારેય ન બોલે. તો વાણી કેવી રીતે બોલવી ? તે રત્ન સુંદર સુરીજીના શબ્દોમાં,

પોચા શા હૈયાને પીંજવામાં વાર શી ?
માનવીના હૈયાને નંદવામાં વાર શી ?

માણસનું હૈયું તો કાચના વાસણ જેવું છે, જરાક નાનો સરખો પણ ધક્કો લાગે એ તુટી જાય એવી સંભાવના છે. અને એટલે જ વાણીનો ઉપયોગ કરતા ખૂબજ કાળજી રાખવાની છે. જો શબ્દ બોલવામા જરાય વિવેક ન હોય તો શુ પરિણામ આવે એ આપણે આ દ્રષ્ટાંત દ્વારા જાણીએ.' એવી કડવી દુષિત વાણીથી મોત પણ થાય, કારાવાસ પણ થાય અને કોઈને એ કડવી વાણી લાગી આવે તો આત્મહત્યા પણ કરી લે.

સદ્‌ગુરુ અક્ષરાનંદ સ્વામી એક વાત કહેતા કે એક લાખો નામનો દરજી હતો. તે પટેલને ઘેર આણું સિવવા ગયો હતો. ત્યારે પટલાણીએ રીંગણાં આપ્યા. લાખાએ પટેલના છોકરાને કહ્યું : મારા ઘેર આ રીંગણા લઈને આપી આવ. મારી પત્નીને કહે જે કે, બપોરે આનું શાક કરે. તેથી છોકરાએ તેના ઘરે જઈને એમ કહ્યું. દરજણે તે સમયે બીજું શાક કરી નાખ્યું હતું, તેથી રીંગણાનું શાક ન કર્યું. બપોરે તો લાખો રીંગણાનું ચિંતન કરતો-કરતો આવ્યો ને જમવા બેસી ગયો. થાળીમાં જોયું ત્યાં તો રીંગણાને બદલે ભીંડાનું શાક ! તુરંત લાખાનો મગજ ગયો અને પૂછ્યું, રીંગણાનું શાક કેમ નથી કર્યું ? તેથી દરજણ કહે છે. ભીંડાનું શાક કર્યું તું તેથી નથી કર્યું. ત્યારે ક્રોધાવેશમાં લાખાએ વાણી ઉપર વિવેક ગુમાવ્યો અને બોલી ગયો ! અરે રાંડ અભાગણી ! મારૂ કહેવું ન માનવું હોય તો પટેલનાં કૂવામાં પડ ! મને શું મોઢું બતાવીને ઉભી છે.

આવી કઠોર અને કાળજું ચીરી નાખે એવી વાણી સાંભળીને દરજણને હાડોહાડ લાગી આવ્યું. અને તુરંત ગામ બહાર પુરુષોત્તમ પટેલનો કૂવો હતો. તેમાં જઈને પડી ! તેથી મૃત્યુ થયું ! પોલીસને ખ્યાલ આવતાં લાખાની ધરપડક કરી મુંબઈ લઈ ગયા અને બાર વર્ષની સજા થઈ. એક બીજું દ્રષ્ટાંત છે.

જ્યારે રાજાઓ ના રાજ્ય હતા. ત્યારે કોઈ ચારણ કવિ આવીને પોતાની વાણીથી તે રાજાના વખાણ કરતા. એટલે રાજાઓ રાજી થઈને લાખો રૂપિયા કે ગામો ઈનામ તરીકે આપતા હતા. આનું કારણ પણ વાણીની મધુરતા હતી. અને કોઈ કોબાડ માણસ બોલીને કોઈનું અપમાન કરે તો ક્યારેક સામાવાળા લાકડી લઈ હાડકા પણ ભાંગી નાખે !

એક વણકર કોબાડ - બોલીનો હતો. બોલવામાં બિલકુલ વિવેક ન હતો. તેથી લોકો તેને કહેતા કે "તારી જીભ સુધાર, નહિતર તારા હાડકા કોઈ ખોખરા કરી નાખશે." તેનો વણકરનો ધંધો હોવાથી એક કિંમતી શાલ વણીને સરસ બનાવીને દિલ્હીમાં બાદશાહને ભેંટ આપી.

શાલ જોઈને બાદશાહ તો ખુશ થઈ ગયો અને ખજાનચીને લાખ રૂપિયા આપવાનું કહ્યું. પછી બાદશાહે વણકરને પૂછ્યું. "એલા એય ! આવી ભારે શાલ વણી છે. પરંતુ તેં કહ્યું તો નથી, કે શું કામમાં લેવાની !" આવું સાંભળી કાંઈ પણ વિચાર કર્યા વિના બોલ્યો : "મોટા બાદશાહ છો ને એટલું પણ ભાન નથી ? આ શાલ હું એટલા માટે લાવ્યો છું કે, તમારું મોત થાય ત્યારે તમારી કબર ઉપર ઓઢાડવામાં ચાલે."

આ શબ્દ સાંભળતા વેંત બાદશાહનો ગુસ્સો સાતમાં આસમાને ચડી ગયો. અને તુરંત હુકમ કર્યો : "સેનાપતિ ! આ નાલાયકને અત્યારે જ તોપને મોઢે બાંધી ઉડાડી મુકો." તુરંત તોપના નાળચે બાંધી. ભડાકો કર્યો એટલે વણકરના દેહના ફૂરચા નીકળી ગયા ! આમ વિવેક વગરના શબ્દોથી આખી મહા ભારત સર્જાય જાય છે. પારિવારિક સંબંધો તુટી જાય છે. આપણે મહાભારતમાં જોઈએ તો ખ્યાલ આવશે કે,

શબ્દે માર્યા મારિયા અને શબ્દે છોડ્યા
રાજ
જેણે શબ્દો બચાવીયા તેના સરિયા કાજ

આ પંક્તિમાં કવિનું કહેવું છે કે, શબ્દે કરીને અનેક રાજાઓ એ પોતાના રાજ્યો છોડી દીધા છે. મહાભારતમાં ઘણાં પ્રસંગો આવે છે કે રાજાઓ રાજ્યનો ત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા હતા. તેમાં અમુક કારણો પોતાના પરિવારના લોકોના મહેણાં સાંભળવાના હતા. અને અનેક કારણો પોતાના વચન ના આપેલા હતા.

નેહ નીતરતી આંખે સુંદરતાના મેળા
જોયા
કટુ વેણની એકજ ઠેસે, દિલના કાચ
તુટેલા જોયા.

શરીરમાં લાગેલ ઘા કરતા પણ હૃદયમાં લાગેલ (અવિવેક ભરી વાણી રુપી) ઘા બહુ ભયંકર હોય છે. કારણ કે શરીરમાં લાગેલ બાણની પીડા તો દવા લગાડવાથી સારી થઈ જાય છે. પણ કાળજાની કોતરમાં લાગેલ ઘા કાયમ ડંખ્યા કરતા હોય છે.

મયદાનવ નામના દાનવે ઈન્દ્રપ્રસ્થમાં પોતાની માયા વડે એવી રચના કરેલ કે જ્યાં જળ હોય ત્યાં સ્થળ દેખાય અને જ્યાં સ્થળ હોય ત્યાં જળ દેખાય ! આવી ભૂલવણીને કારણે હસ્તિનાપુરનો યુવરાજ દુર્યોધન પાણીમાં પડી ગયો હતો. એ સમયે પાંડવ પત્નિ દ્રોપદીજી ત્યાં ઝરુખામાં બેઠેલા હતા. તેઓએ આ દ્રશ્ય જોયું, તેથી વિવેક વિસરાઈ ગયો અને હસતા-હસતા બોલી ગયા "આખીર અંધના તો અંધ જ હોય ને ?"

બસ આટલા શબ્દો તુરંત દુર્યોધનના કાળજામાં ભરાઈ ગયા અને એનો બદલો લેવાનો ત્યાંજ સંકલ્પ કર્યો. પછી કપટથી પાંડવોને જુગારમાં હરાવી દ્રોપદીજીને પણ જીતી લઈ ચીર હરણ કરવા માટે દુર્યોધને દુઃશાસન પાસે દ્રોપદીજીના વસ્ત્રો ખેંચાવ્યા હતા.

એટલા માટે તુલસીદાસજી પોતાની સાખીમાં લખે છે કે મીઠી વાણી બોલવી જોઈએ.

"तुलसी मीठे वचन से,
सुख उपजात सह और।
ये ही वशीकरन मंत्र है,
तजीये बचन कठोर ॥"

તુલસીદાસજી કહે છે કે, મધુર અને વિવેક વાળી વાણી બોલવાથી દરેક પ્રાણીમાત્રને આનંદ થાય છે. લોકોને વશ કરવા માટે સારી વાણી વશીકરણ મંત્ર છે. જેમ તમે માત્ર સાધના કરો કે વેદના મંત્રો બોલો તો એમાં જરાય પણ હસ્વ, દીર્ઘ માત્રા જરાપણ ચૂકી જાઓ તો એનું પરિણામ વિપરીત આવે છે.

કદમ એકજ મુકાય છે,
દિશા ફરી જાય છે.
આંકડો એકજ મુકાય છે,
દાખલો તો બદલાઈ જાય છે.
પુષ્પ એકજ ખીલે છે,
વાતાવરણ બદલાઈ જાય છે.
સ્મિત એકજ વ્યક્તિનું મળે,
જીવન બદલાઈ જાય છે.
શબ્દ એકજ બદલાય છે,
પણ અર્થ ફરી જાય છે.

વાણી કાતર છે અને સોય પણ છે. ઘણા લોકોની વાણી કાતર જેવી હોય છે. તેઓ અનેક બાપ દીકરાઓના સંબંધો અલગ કરી દેતા હોય છે. અનેક પતિ-પત્નિઓને પરસ્પર ખોટી કાન ભંભેરણીથી કરીને તેઓના સુખી જીવનમાં તીરાડ પાડી દેતા હોય છે. અને ઘણા લોકોની વાણી જ સોઈ જેવી હોય છે. જે જે પિતા-પુત્ર ને ન ફાવતુ હોય તેઓને પોતાની વિવેક યુક્ત વાણીથી સમાધાન કરાવી ભેગા કરી દેતા હોયછે, જે જે પતિ-પત્નિઓ ડિવોર્સ લેવા તૈયાર થઈ ગયા હોય તેવાઓને પણ વિવેકથી સમજાવીને ભેગા કરી સુખપૂર્વક ગૃહસ્થાશ્રમ ચલાવતા કરી દેતા હોયછે. જે જે કુટુમ્બોમાં અબોલા હોય તેવા પરિવારોને ભેગા કરી દેતી હોય છે. તો આ પ્રસંગ સાંભળીને વિચાર કરવો કે મારો નંબર કાતરમાં છે કે સોયમાં ? આપણે હંમેશા વચન એવા બોલવા કે સામેની વ્યક્તિને ખોટુ ના લાગે. વિવેકતાપૂર્ણ વાણી બોલવી.

અંધાને અંધો કહે,
લાગે કડવા વેણ.
ધીરે રહીને પૂછીયે,
કેમ ગયા તુજ નેણ.

ઘણા લોકોની એવી કુટેવ છે કે કોઈ વ્યક્તિને તુંકારે બોલાવે જેથી સામેની વ્યક્તિને ખોટુ લાગે. એય આંધળા ! એય કાણા ! એ લૂલા ! એય બેહરા વગેરે નામો લઈને પેલાના હૃદયમાં ઘૃણાની તીરાડ પાડતા હોય છે. જો એજ વ્યક્તિને આપણે ધીમેથી વિવેકતા પૂર્વક શાંતિથી પૂછીએ કે સુરદાસજી તમારી આંખોની જ્યોત કઈ રીતે ગઈ ? તો સામે વાળો વ્યક્તિ શાંતિથી ગમે તેવા સ્વભાવ વાળો વ્યક્તિ હોય તે વાણી પરથી ઓળખાઈ જાય છે કે આ મૂર્ખ છે કે સજ્જન આદમી !!

આપણા મંદિરો

શોપીંગ મોલ કે ડાઈનીંગ હોલ નથી

- વિશ્વપ્રકાશદાસ ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર)


આજે મંદિરો ડાઈનીંગ હોલ કે શોપીંગ મોલ જેવા થતા જાય છે. જેમ ડાઈનીંગ હોલ કે શોપીંગ મોલમાં બધું જ મળે છે તેમ મંદિરમાં ભગવાનનું માધ્યમ બનાવીને આપણે આ સંસારના વ્યવહારનું કામ કરીએ છીએ. તે વધતું જાય છે. મંદિર આ જગતના વ્યવહાર ભૂલવાનું અને આ માયાજાળમાંથી મુક્તિ મેળવવાનું સાધન છે. આપણે આ હરિ મંદિરો, ઘર મંદિરો, શિખરબંધ મંદિરો કે વ્યક્તિ દીઠ મંદિરો એટલે કે આપણે રોજ સવારે પૂજા કરીએ છીએ તે મંદિરો એ બનાવવાનું કારણ એજ છે કે આપણે આપણી પ્રકૃતિ અંતઃશત્રુઓ સ્વભાવ, અભિમાન એ બધું ભૂલી જઈએ અને ભગવાન ભજવાનું સુખ આવે એટલે મંદિરો બનાવ્યા છે. અને બનાવીએ છીએ.

માણસના જીવન અને વ્યવહારની જવાબદારીઓ મંદિરે સંભાળી લીધી હોય તેમ, સન્માન સભા, સત્કાર સમારંભ, શોકસભા, વી.વી.આઈ.પી. ઉતારાઓ, એરકન્ડીશન વાળી રૂમો તથા એચેટ બાથરૂમવાળી રૂમો, જમણવાર, ડાઈનીંગ હોલ, ટેલબ પરના જમણવાર, વેકેશન સમયમાં મંદિરોનો ઉપયોગ, સંબંધીઓને જમવા માટેના વિભાગ વગેરે વિભાગ પાડવામાં આવ્યા છે. સંબંધીઓને સાચવવા, જેમ શોપીંગ મોલ કે ડાઈનીંગ હોલની વ્યવસ્થા ઘરમાં હોય તેથી પણ વધારે વ્યવસ્થા મંદિરમાં થવા લાગી છે. સગવડ વ્યવસ્થા જરૂરી છે. જેમ કે શાકમાં મીઠું નાખવાનું જરૂરી છે. પણ તે જરૂર પુરતું જ. વધારે પડે તો ખારું થાય અને ઓછું પડે તો મોળું થાય. એવું જ. આ છે. સગવડ જરૂરી છે. પણ ભગવાન ભજવામાં નડતર રૂપ થાય તેવી ન રાખવી. નહીંતર ભગવાન તો સાંભરે જ નહીં. નર્યા આ જગતના વ્યવહાર વ્યવસ્થા અને સગવડો જ સાંભરે. જો કે ઘણાં નિષ્ઠાવાન હરિભક્તો આ સગવડ કે સુવિધાને ગૌણ માને છે, તેમને માટે મંદિર, દેવ અને આચાર્ય મહારાજશ્રી જ સર્વસ્વ હોય છે.

આપણામાં એક અદ્‌ભુત શક્તિનો ખજાનો છુપાયેલો છે. એનો આપણને ખ્યાલ નથી આવતો. એકવાર શ્રીજી મહારાજ ગઢડાથી નીકળીને બીજે ગામ જતા હતા. ઉનાળાનો સમય હતો. આગળ જતાં જતાં શ્રીજી મહારાજને તરસ લાગી. ઉનાળાનો સમય હતો. સાથે સુરાખાચર હતા. મહારાજે સુરાખાચરને કહ્યું : સુરાખાચર અમને બહુ તરસ લાગી છે ? સુરાખાચર કહે : મહારાજ ! આપણે સાથે પાણી લાવ્યા નથી. અને આપ તો જાણો છો કે આવા સુકા પ્રદેશમાં પાણી ક્યાંથી મળે ? મહારાજ કહે અમને તો તરસ લાગી છે જેથી પાણી પીધા વગર આગળ ચલાય તેમ નથી. વાત ઘણી મોટી છે અને જીવમાં ઉતારવા જેવી છે. મહારાજ તો જાણતા હતા કે અહીંયા પાણી નહીં મળે. પણ સુરાખાચર ને ક્યાં ખબર હતી કે આ તો અનંત કોટી બ્રહ્માંડનો અધિપતિ પોતે છે. એને પાણી તો શું પણ જે સંકલ્પ કરે તે હાજર થાય. આપણા માટે એવું જ છે. આપણે પણ આપણી શક્તિનો ઉપયોગ નથી કરતા.

આપણને આ દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે. અને એમાં પણ આ સત્સંગ મળ્યો છે. તો આપણને તો આપણા હૃદયમાં અહોપણું હોવું જોઈએ કે આ સત્સંગ મળ્યો છે. આ ભરત ખંડના રાજા નરનારાયણદેવ મળ્યા છે. અને શ્રીજી મહારાજનું અપર સ્વરૂપ એવા આચાર્ય મહારાજશ્રી, મોટા મહારાજશ્રી, લાલજી મહારાજશ્રી અને બહેનોના ગુરુ એવા લક્ષ્મીસ્વરૂપ પૂજ્ય મોટા ગાદીવાળાશ્રી અને પ.પૂ. વર્તમાન ગાદીવાળાશ્રી આમ આ આખુંય ધર્મકુળ આપણને મળ્યું છે. પછી આપણને શું જોઈએ.

જેમ નાનું બાળક હોય તેને ખાવા-પીવાની ચિંતા રહે. પણ તેને ફરવાની કે કોઈ પણ વસ્તુની ચિંતા હોતી જ નથી. કારણ તેનો તેને ખ્યાલ પણ નથી. તે ચિંતા તો તેના મા-બાપ રાખે છે. તો પછી આપણે પણ આ જગતના વ્યવહારની ચિંતા, સગા-વ્હાલા સુખ-સંપત્તિ એ બધી જવાબદારી તો શ્રીજી મહારાજે સંભાળી લીધી છે. આપણે તો બસ મહારાજનું ભજન કીર્તન થાય ધર્મકુળની સેવા અને તેમની આજ્ઞામાં રહેવાય અને આચાર્ય મહારાજશ્રી દીક્ષીત સંતો અને સત્સંગીઓ સાથે મળીને સંપ-સહકાર અને મમત્વથી સાથે રહીએ એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં તેમજ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના ચરણોમાં પ્રાર્થના સહ જયશ્રી સ્વામિનારાયણ.



વચનામૃત - કારીયાણી

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીયતપુરા
(મહંત સ્વામી, માણસા)

આજે લાભ પાંચમ કાર્તિક સુદી પંચમી અને સંવત ૧૮૭૭ ના શુભ દિને કાઠિયાવાડના નાનકડા કારીયાણી ગામે અનેરા ઉત્સવનો માહોલ જામ્યો હતો. કુંભારના કોડીયામાં સૂરજ ઉતરી આવ્યો હોય અને વાઘરીના કુબામાં હાથી પેસી ગયો હોય તેમ આ ગામડું આજે ગોકુળની યાદ ભૂલાવી દે તેવું ઝુમી ઉઠ્યું હતું. કારણ કે અવતારી પ્રભુ સ્વામી સહજાનંદજી પ્રત્યક્ષપણે આજે અહીં આવી પહોંચ્યા હતા. સ્વયં મધપુડો ઓગળવા ઉત્સુક થયો હોય ત્યારે મધમાખીઓ મણા શેની રાખે ? માટે મોટા નગરે-નગર, શહેરે શહેરના નારનારી આજે આ ગામડાની વાટે ઉમટ્યા હતા. લાભપાંચમ હરિવરના હાથે લાભ ખાટી જવાના ઓરતા પ્રત્યેક અંતરમાં સળવળતા હતા. શ્રેયાર્થીને નિજ શ્રેયકાજ તો મોક્ષાર્થીને નિજ મોક્ષ કાજે મનોમન માંગણીઓ શરૂ થઈ ચૂકી હતી. વિતેષણા, પુત્રેષણા કે લોકેષણાની ઈચ્છાઓને મહેચ્છાઓ પણ કોઈક ખૂણે ઉછળીને ડોકીયા કરી જતી હતી. સામા સિંહાસને પરમ વિવેક ચિંતામણી પણ મનોમન મલકાતી હતી કે માંગો તે મળશે બધું પણ તેનું તે મોક્ષભાગી બની જશે. તમારા જ રૂપિયા બૈરાને છોકરાઓ વતે જ તમારૂ ઘડતર - ચણતર કરી સંપૂર્ણ નિર્વાસનિક તેના વતે જ કરાવી બ્રહ્માકારે એવો ઘાટ ઘડી દઈશું કે છતે દેહે અક્ષરધામનાં સુખે સુખીયા સૌ કોઈ થઈ જાવો ! બસ એજ અમારૂ એક માત્ર સ્પષ્ટ ધ્યેય પ્રાગટ્યનો હેતુ અને ઉપદેશોનો સિદ્ધાંત લઈને આવ્યા છીએ તે ઘડી માત્ર વિસરાતી નથી. વાતે વાત અને પ્રસંગે-પ્રસંગમાં તેનું અનુસંધાન અખંડ રાખીએ છીએ. ભક્તો અને ભગવાન ઉભય પક્ષની આવી મનસ્થિતિ વચ્ચે સભાનો શુભ આરંભ થયો. સંતોએ હેત-પ્રીતના સંપૂર્ણ સમર્પણથી વાલમને વહાલને શણગારોથી સજાવ્યા હતા ને વાલીડો નિરંતર નીરખતા-નીરખતા અંતરને સજાવતા અમૃત વચને મરમાળુ વેણ વદ્યા "જેને એવી મલીન રીસ હોય જે જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મુકે જ નહીં અને પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે, એવો જે હોય તેને તે સાધુ કહીએ કે ન કહીએ" ?

પ્રશ્ન સાંભળીને ઘડીભર સન્નાટો છવાઈ ગયો. ઘેર ઘેરથી સૌ લાભ મળવાની આશાએ આવ્યા હતા ને દિવસ પણ લાભ પાંચમનો માંગલિક હતો. ત્યાં પ્રભાતીએ આ તે કેવા ઘેરા ઘા પડ્યા ? પણ અહીં કશું જ કાલ્પનિક ન હતું કે ન કશું અહેતુકિક હતું !! અહીં તો સ્વયં નારાયણ નાડી પરિક્ષક હતા ને સંખ્યાતીત અંતર રોગીઓના એક કળા વિછિન્ન નિદાન કરી રોગ અનુસાર જ્ઞાન-ધ્યાનની ગોળીઓને ત્યાગ-ભક્તિના ચુરણ ચરી સાથે ઉપચાર કરી દેતા. વળી આજે જાહેરમાં પૂછેલા પ્રશ્નના ઘેરા ઘા પણ કાંઈ અધ્ધર તાલ ન હતા. થોડા સમયથી સ્વામી બ્રહ્માનંદજીનું મોઢું થોડું ભારે અને કાંઈ દ્વિધામાં જણાતા હતા. તેમાં પણ આજે તો તેઓ એ સદ્‌ગુરૂવર્ય મુક્તાનંદજી સામેથી મોઢું જ ફેરવી લીધું ! અરે, પ્રાતઃ પૂજા પછી પગે લાગવાનો વિવેક કે જય સ્વામિનારાયણ કરવાની સત્સંગની પ્રથા પણ નેવે મેલી દીધી ! આમાનું અંતર્યામીથી કાંઈ અજાણ્યુ ન હતું. અસાધ્ય રોગ હરિવરને હાથ લાગી જતા વિના વિલંબે ત્વરીત ઓપરેશન કરી એક સંતનું અંતર નિરોગી કરવા હજારોને જ નહીં પણ લાખોને પ્રેરણાસ્પદ ઉપદેશ આપી દેવાની ઉતાવળે શ્રીહરિએ આવા માંગલિક દિવસની પસંદગી કરી. જાહેર સભામાં છાના ખૂણે છુપાયેલું પાનું સૌ વચ્ચે સરેઆમ ખુલ્લું કરી નાંખ્યું. સતાવેધાની ને વિદુષક પ્રજ્ઞાવિદ મહા વિદ્વતવર્ય બ્રહ્માનંદજીથી હરિવરનો આ ઈશારો અજાણ્યો ન રહ્યો. શબ્દ માત્રે શાસ્ત્રોનો નિચોડ પામી ગયા. માવાની મરજીનો તાગ હાથ લાગી ગયો ને ગાગરમાં સમૂળો સાગર સમાઈ ગયો. સડાક કરતા ઉભા થઈ ગયા ને શરણાગતવત્સલ સામે શરણાગતિ સ્વીકારી ક્ષતિ સમજાઈ ગયાની સંમતિને સુધારી લેવાની પુરેપુરી બાંહેધરી સમેત બન્ને હાથ જોડી નત્ મસ્તકે પળ બે પળ અભિવાદન કરી લીધું ને સખા ભાવે સભાજનોનું મનોરંજન કરવા સાથે હાસ્યરસ ભરી રમુજ રજુ કરી.

(ક્રમશઃ)

આધુનિક યુગમાં ।। શિક્ષાપત્રી ।।

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

આ ભૌતિક યુગમાં વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે. માનવી આજે પરમત્વ એવા પરમાત્માને સમજી શક્યો નથી અને તેથી જ વિજ્ઞાનથી પ્રભાવિત છે. પણ જો હિંદુ સનાતન ધર્મને, વેદોને પરમાત્માના શુદ્ધ જ્ઞાનને સમજવામાં આવે તો પરમાત્માએ આ જીવને સુખ આપવામાં કાંઈપણ બાકી રાખ્યું જ નથી એવી પ્રતીતિ જરૂરથી થાય.

આજના યુગમાં "ઉર્જા બચાવો" સૌથી મોટો પ્રશ્ન છે. ઉર્જાનો બેફામ અને બિન ઉત્પાદક વપરાશ ભવિષ્યમાં માનવજાત માટે સૌથી મોટી મુશ્કેલી છે. આજના વૈજ્ઞાનિકો આનાથી ચિંતિત હોવા છતાં તેઓ સરળતાથી આનો ઉકેલ શોધી શકતા નથી. ઉત્પાદનના મર્યાદિત સાધનોને લીધે યોગ્ય જરૂરી પ્રમાણમાં ઊર્જાનું ઉત્પાદન શક્ય બનતું નથી અને બીજી બાજુ તેનો બેફામ ઉપયોગ ઘટાડવા માટે કોઈ શક્યતા દેખાતી નથી. પરિણામ એવું છે કે ભોગ વિલાસના સ્થળોએ ઝાઝકમાળ રોશની દેખાય છે પણ ધરતીપુત્ર ખેડૂતને માટેનાના ગામોમાં વિજળી નથી ! અને ઊર્જાના આ ઉત્પાદન-ઉપયોગ વચ્ચેની ખાઈ દિવસે દિવસે વધુ ઊંડી થતી જાય છે. આ આજના યુગની તાસીર છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પ્રશ્ન ૨૦૦ વર્ષ પૂર્વે વિચારેલો ! માનવ જાતની ચિંતા ભગવાન શ્રીહરિએ તે યુગમાં કરેલી. અને તેનો ઉકેલ પણ તેમણે સ્વયં દર્શાવેલો. તેઓએ સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી શ્લોક નં. ૪૯ માં તેઓશ્રીએ આજ્ઞા કરી કે "અમારા સત્સંગી તેમણે નિત્ય સૂર્ય, ઊગ્યાથી પ્રથમ જ જાગવું." પછી નિત્ય વિધિથી પરવારીને પોતાનું "વ્યવહારિક કામકાજ કરવું." - શ્લોક નં. ૫૪ આ ઉપરાંત શ્લોક નં. ૮૦ "અતિશય યત્ને કરીને દિવસની નિંદ્રાનો ત્યાગ કરવો." શ્લોક નં. ૧૯૯ "દિવસે સૂવું નહિ." આ સર્વે આજ્ઞાઓનું હાર્દ જ એ છે કે કે સૂર્ય પ્રકાશ આવે - શરૂ થાય તે પહેલાં જ દૈનિક પ્રવૃતિઓ કરવા માટે તૈયાર થઈ જાવ અને સૂર્ય પ્રકાશમાં જ દૈનિક પ્રવૃતિઓ પૂરી કરો. દિવસે સૂઈ રહીને બિનકાર્યક્ષમ ન બનો. આ પદ્ધતિને લીધે અન્ય વીજળી-ઊર્જાની જરૂર નહિ રહે. સૂર્ય આ બ્રહ્માંડને ઊર્જા પૂરી પાડનાર 'સેવક' તરીકે અહર્નિશ આજ્ઞાનું પાલન કરે છે. સ.ગુ. શ્રી દેવાનંદ સ્વામી કીર્તનમાં લખે છે કે,

સૂરજ સર્વને પ્રકાશ આપે,
દમડી ન પડે દેવી જોને
વગર દામે વાય વાયરો,
તે કેશવ કરુણા કેવી જોને.

આજનું વિજ્ઞાન હજુ હવે **Solar Energy** નો ખ્યાલ કેળવે છે. જ્યારે શ્રીહરિએ વર્ષો પહેલાં આ જ ઓળખ પોતાના આશ્રિતોને આપેલી. એટલું જ નહિ. પરંતુ બાળ વયે પોતે જ વર્ણી સ્વરૂપે હિમાલયમાં મુક્તિનાથ પુણ્યક્ષેત્રમાં રહીને સૂર્યનારાયણની ઉપાસના કરી, ઉગ્ર તપશ્ચર્યાથી તેમનો સાક્ષાત્કાર કર્યો. આવા શક્તિના પ્રદાતા સૂર્યને હિંદુ શાસ્ત્રો માત્ર "ધગધગતો ગોળો" નહિ પણ સાક્ષાત્ 'સૂર્યનારાયણ' તરીકે ઓળખે છે. જીવ પ્રાણી માત્રના જીવનના આધાર રૂપ આ શક્તિની ઉપાસના વેદશાસ્ત્રોમાં પણ ખૂબ છે. શ્રીહરિએ પણ શિ.શ્લો. ૮૪ માં સૂર્યનારાયણને પૂજ્યપણે કરીને માનવાની આજ્ઞા કરી.

આજના યુગમાં પણ ઊર્જા માત્ર, જળ-પવન-વાયુ અને તેજ-સૂર્યના ઉપયોગથી ઊત્પન્ન થાય છે. આપણા જીવનના આધારરૂપ આ ત્રણ ઘટકો વિજ્ઞાન હજુ હવે સમજે છે. ધર્મશાસ્ત્રોમાં આ ત્રણેય, ભગવત સ્વરૂપની શક્તિઓ તરીકે વરુણદેવ, વાયુદેવ અને સૂર્યનારાયણના નામે અનાદિકાળથી પૂજાય છે. ધર્મમાં પંચ મહાભૂત તરીકે તેમની ગણના થાય છે. જે વાત ધર્મશાસ્ત્રો, ભગવાનના અવતારો, સંતો, અને ધર્મ આ જીવને હજારો વર્ષો પહેલાંથી જ સમજાવતો તે હજુ હવે ધીરે ધીરે વિજ્ઞાનને જાણવામાં આવે છે. ધર્મશાસ્ત્રો કહે છે કે આ જીવના શુભ-અશુભ કાર્યોના આ દેવતાઓ સાક્ષી હોય છે અને જીવનના અંત પછી જે તે જીવને તેના કર્મનું ફળ તેને અચૂક મળે છે.

ધર્મને સાચા સ્વરૂપમાં ઓળખી જો જીવો, દેહના કલ્યાણના બદલે આત્માના કલ્યાણની પ્રવૃતિમાં વધુ ધ્યાન આપે, વાસ્તુશાસ્ત્ર અનુસારે મકાનો, ઈત્યાદિની બાંધણી કરે, ઉદ્યોગોને બદલે ખેતી અને વૃક્ષના ઉછેરને પ્રાધાન્ય આપે, શાસ્ત્રની મર્યાદા પ્રમાણે ભોગ ભોગવે, પશુઓને પ્રેમથી પાળીને તેનો જગતના કલ્યાણ કાર્યોમાં ઊપયોગ કરે તો માનવીને અન્ય ઉર્જાની જરૂર ઓછી

થશે. સત્સંગીની સવાર પણ સૂર્યોદય પહેલાંથી જ શરૂ થાય અને સૂર્યાસ્ત પછી સંધ્યા આરતી કરીને, વાળુ-પાણી કરીને રાત્રિના પ્રથમ-પ્રહરમાં લીલા ચેષ્ટાનું ગાન-પ્રભુ સ્મરણ કરીને વિરામ થાય. જે સુજ્ઞ જનોએ મળસ્કે મંદિરમાં પ્રભાતિયાનું ગાન-શ્રવણ કર્યું હોય અને રાત્રે ઝાંખા પ્રકાશમાં લીલા ચેષ્ટાનું ગાન કર્યું હોય તે પોતે જ આધ્યાત્મિક એનર્જીથી રીચાર્જ થઈ જાય. તેવો લાખો લોકોનો અનુભવ છે.

આખા દિવસ દરમ્યાન સૂર્યની જેટલી ગરમી-પ્રકાશનો આપણે જેટલો ઉપયોગ કરીએ છીએ તેની કિંમતનો ક્યારેય આપણે વિચાર કર્યો છે ? આવું તો જીંદગીના ૮૦-૯૦ વર્ષ પર્યન્ત આપણે કરીએ છીએ ! આપણે ઠાકોરજીને એક શ્રીફળ અને સવારે શેર સાકર આપીએ અને પછી બાધા રાખીએ કે હે ભગવાન ! મારું કામ કરી દેજે !! ભગવાને આપેલી આ સવલતોની કિંતમ આપણે ક્યારેય ચૂકવી શકીએ તેમ નથી અને કરુણાસાગર રાજાધિરાજ તે ક્યારેય માંગે તેમ નથી. તેથી તો નંદ સંતો કહેતા કે ધનનો ધર્માદો તો કાઢવો જ પણ તે ઉપરાંત સમયનો ધર્માદો પણ સારા હરિભક્તે જરૂરથી કાઢવો. ૨૪ કલાકના એક દિવસમાં ઓછામાં ઓછું ૨-૪ કલાક ભજન તો કરવું જ પડે, નહિ તો તે દિવસનું આપણું જીવન વૃથા જાય.

હમણાં બુદ્ધિજીવીઓએ નોંધ્યું કે, હિમાલયના એવરેસ્ટ શિખર ઉપર પર્વતારોહકોની સંખ્યા વધવાને પરિણામે, ત્યાં જે કોઈ જાય છે તે કાંઈક નિશાની-સ્મારકો વગેરે છોડીને આવે છે તેથી ત્યાં કચરાના ઢગ જામ્યા છે ! શ્રીહરિ શિક્ષાપત્રી શ્લો. ૩૨ માં ક્યાં થૂંકાય પણ નહિ એવી ચીવટ ભરી આચાર શુદ્ધતાની ઘોષણા કરે છે. સાચો સત્સંગી થૂંકે પણ નહિ તો અન્ય કચરાનો તો વિચાર પણ ક્યાંથી કરે ! પણ હિમાલયમાં જનારા બધા નિલકંઠ વર્ણી નથી હોતા કે ત્યાં શુદ્ધતા જાળવીને વાતાવરણની પવિત્રામાં ઊમેરો કરે. જાત ઉપર અત્યાચાર કરીને પર્યાવરણનું રક્ષણ કરે તે પરમાત્મા અને પર્યાવરણ ઊપર અત્યાચાર-ઊપભોગ કરીને જાતનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરે તે માનવી. પુલહાશ્રમ જેવા ક્ષેત્રમાં જ્યાં ટેમ્પરેચર માઈનસ ડીગ્રીમાં હોય છે ત્યાં પણ નિત્ય પ્રત્યે સ્નાન સંધ્યા કરી, નિરાહાર રહીને શ્રીહરિએ ભગવત્ ઉપાસના કરી પર્યાવરણને-વાતાવરણને વધુ પવિત્રતા બક્ષી ! આજનો પામર માનવી મનનો શોખ પૂરો કરવા દરિયાના પેટાળમાં જાય કે હિમાલયની ચોટે જાય પણ તેનાથી ફેશન-વ્યવસન છૂટે નહિ. હિમાલયની ઠંડીમાં જઈ ત્યાં ગરમ ચા ની ઈચ્છા રાખે અને નીચે ગરમ પ્રદેશમાં આવી ઠંડા પીણાં શોધે ! આમાં માત્ર કચરો જ ભેગો થાય. કચરો ઘટાડવા માટે સાચા ધર્મવંશી ગુરુનો આશરો કરી શ્રીહરિના ધર્મને ખૂબ ઊંડાણથી સમજવો પડે. આજના યુવાનોને ધર્મનો સાચો રાહ સમજાશે તો ભવિષ્યમાં તંદુરસ્ત સમાજ મળી શકશે. આપણી આધ્યાત્મિક સંસ્કૃતિનો અભ્યાસ છોડીને માત્ર પશ્ચિમની ભૌતિકવાદની કેળવણીનું આંધળું અનુકરણ વિનાશના પંથે દોરી જનારું નિવડશે.

આધુનિક યુગમાં ડૉકટરનું તાજેતરમાં વિશ્લેષણ છે કે, મોટા ભાગના રોગોનું કારણ **Stress** માનસિક તાણ છે. માનવી જીવનમાં રૂપિયા ભેગા કરવા, માન-પ્રતિષ્ઠાને કાજે, અહમ મમત્વને કાજે માનસિક તાણ અનુભવે છે. માનસિક વલણ એવું છે કે જેની પાસે ધન છે તેને તેના સાચવવાની અને વધારવાની તાણ છે. જેની પાસે ધન.નથી તેને તે ભેગું કરવાની તાણ છે. માનવી રૂપિયા કમાવાની ચિંતામાં પુરું ખાતો પણ નથી. વ્યર્થ દોડધામ કરે છે, ચહેરા ઉપર બનાવટી સ્મિત લઈને અંદરથી મુંઝાતો ફરે છે. સ્વાર્થી માણસોના ટોળમાં અથડાતો-કૂટાતો ફરે છે, ઊંઘની ગોળીઓ ખાઈને ઊંઘી જવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે અને વિટામીનની ગોળીઓના સહારે દેહને પુષ્ટ કરવા મથે છે. આ બધી માનસિક-તાણમાંથી જ હૃદયરોગ, બ્લડ પ્રેશર, માનસિક રોગો વગેરેની ઉત્પતિ છે. પણ અજ્ઞાની માનવી એ નથી સમજતો કે, જે જનમ્યું છે તેનું મૃત્યું નિશ્ચિત છે જ. તો પછી મૃત્યુ પછી જ્યારે આ બધી ધન-દોલત, નોકર-ચાકર, વાડી-વજીફા નહિ હોય ત્યારે શું કરીશું ? આ બાબતની માનસિક તાણ તેને નથી ! સંતો અને શાસ્ત્રો ભારપૂર્વક એક વાત શીખવે છે કે શ્રીહરિની આજ્ઞાનુસારે પુરુષ પ્રયત્ન કરવો તેમાં ઈશ્વર જે અને જેટલું આપે, તે પ્રભુ પ્રસાદ તરીકે સ્વીકારી જીવન નિર્વાહ કરવો અને શાંતિપૂર્ણ રીતે પ્રભુ ભજન કરવું. કેમ કે નાશવંત આ જીવન પછી શાશ્વત એવા પરમાત્માની સમીપે જવા માટે શ્રીહરિનો આશરો-નિશ્ચય જ કામ આવશે. જેઓએ તેમની, ચિંતા પ્રભુને આપી છે તેની ચિંતા પ્રભુને છે પણ જેઓ 'હું કરીશ'ના અહમમાં રાચે છે

તેને શ્રીહરિ મદદ કરતા નથી. જેનો નાશ જ થવાનો છે તેને ભેગું કરવામાં જીવન વેડફી દેવું તે માત્ર મૂર્ખામી જ છે. હરિભક્ત તો દેહ છતે જ તેને છોડીને હરિભજન કરી નિશ્ચિત બની કલ્યાણના માર્ગે આગળ વધે છે.

આ કળિકાલમાં ભગવાન શ્રીહરિએ સ્વયં લખેલી શિક્ષાપત્રી ભૂત-ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળમાં, સર્વજીવને સર્વે રીતે સુખ દેનારી છે. શ્રીજી આજ્ઞાઓને આજે ઝીણવટપૂર્વક સમજવાની અને અમલમાં મૂકવાની તાતી જરૂર છે. તેના પાલનથી આ જીવનના બધા પ્રશ્નો હલ થઈ શકે છે. જે પણ કંઈ સુખ છે તે આજ્ઞા પાલનથી છે.

પોષસુદ-૧૧ પુત્રદા એકાદશી અંગે

સંવત ૨૦૬૪ ના પોષ સુદ-૧૧ એકાદશી ઉપવાસ તા. ૧૯-૧-૨૦૦૮ને શનિવારના રોજ છે. વ્રત ઉત્સવના નિર્ણય અને દફ્તામાં પણ આ મુજબ છે. જેથી ઉપરના દિવસે જ એકાદશી ઉપવાસ કરવો. (ફક્ત કેલેન્ડરમાં પ્રેસદોષના કારણે તા. ૧૮-૧-૨૦૦૮ના એકાદશી ઉપવાસ છપાયેલ છે. જે ક્ષમ્ય ગણશો.)

પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી

છપૈયામાં આપ અવતર્યા ઘનશ્યામ,
આપના અવતરણથી આ ધન્ય થયું ગામ.
લાલજી મહારાજશ્રી આપ જેવા જ ભાસે,
સત્સંગી સર્વ કહે શ્રધ્ધા વિશ્વાસે.
કર તેમના આદરે હર ઘડી શુભ કામ,
હરિને નિહાળી ભક્તો થાય નિષ્કામ.
વ્રજેન્દ્રપ્રસાદ એવું આપનું શુભ નામ,
દર્શન કરતાં સૌને હૈયે થાય હામ.

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ)

ધનુર્માસમાં મફત મંત્ર લેખનની નોટ મળશે

શ્રી નરનારાયણદેવના પ્રત્યક્ષ સાનિધ્યમાં પવિત્ર ધનુર્માસમાં "શ્રીસ્વામિનારાયણ મહામંત્ર"ની ધૂન્ય થાય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સ્વામિનારાયણ મહામંત્રની મંત્ર લેખન નોટ બુક ધનુર્માસ નિમિત્તે મહિના સુધી વિના મૂલ્યે આપવામાં આવશે. તો સર્વે સત્સંગીઓએ લાભ લેવો.

ધનુર્માસનો વિશેષ સત્સંગ

તા. ૧૬-૧૨-૨૦૦૭ થી તા. ૧૪-૧-૨૦૦૮

પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત બહેનોના ગુરુ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીના શુભ રૂડા સાનિધ્યમાં આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવના કલ્યાણ માટે વિશેષ ભજન-સ્મરણ કરવા માટે વરસમાં એકવાર આવતો ધનુર્માસ ખૂબજ સુલભ કરી આપ્યો છે. ગુલાબી કડકડતી ઠંડીમાં સત્સંગીના નાના બાળકથી લઈ લાકડીના ટેકે ચાલતા વૃદ્ધ વડીલ હરિભક્તો પ્રાતઃકાળમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં એટલી મોટી સંખ્યામાં ઉમટે છે કે સભા મંડપમાં તો બેસવાની જગ્યા મળતી નથી. અમદાવાદ શહેર અને પરા વિસ્તારના હરિભક્તોને નમ્ર અનુરોધ છે કે ધનુર્માસ ધૂનનો લાભ લેવા અમદાવાદ કાલુપુર મંદિરમાં લાભ લેવાનું ચૂકતા નહીં.

ધનુર્માસનો વિશેષ કાર્યક્રમ

સવારે ૫-૦૦ કલાકે	:	રંગ મહોલ ઘનશ્યામ મહારાજની સાંનિધ્યમાં ધૂન
સવારે ૫-૩૦ કલાકે	:	મંગળા આરતી
સવારે ૫-૩૦ કલાકે	:	કથા : હરિગીતા
સવારે ૬-૦૦ કલાકે	:	ધૂન
સવારે ૬-૩૦ કલાકે	:	શણગાર આરતી

માસિક ધૂન
રૂા. 1500/-

દૈનિક ધૂન
રૂા. 100/-

લાખ વરસની લડાઈ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

દેવ અને દનુજ આમ તો એક જ ગોત્રના છે, છતાં બંને વચ્ચે આદિ કાળથી સંઘર્ષ થતો રહ્યો છે. અસુરોને હમેશાં એવું લાગ્યા કરતું કે ભગવાન નારાયણ દેવો પ્રત્યે પક્ષપાતી છે. તેઓ સત્તા અને શક્તિના ભૂખ્યા હતા. બુદ્ધિશાળી પણ ખરા. તેમના ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા હતી. કોઈ અદેવ લડાઈમાં મરી જાય તો તેઓ તેને જીવતો કરી જાણતા. દેવોને આ વસ્તુ બહુ ખૂંચતી. તેથી ગુરુદેવ બ્રહસ્પતિ આગળ અવારનવાર રજૂઆત કરતા કે આપણે કંઈક કરો. આ રીતે તો દેવ પક્ષે સંખ્યાબળ ઘટતું જશે. અને અસુરોના સંખ્યા બળને કોઈ અસર નહિ થાય. દાનવોને શક્તિ અને બળ આમ તો દેવ પક્ષમાંથી જ મળતા. કોઈને કંઈ જોઈતું હોય તો ભોળિયા દેવ મહાદેવની, આદિ ગોત્ર પ્રવર્તક બ્રહ્માજીની કે અન્ય કોઈ વરિષ્ઠ સક્ષમ દેવની આરાધના કરવા બેસી જાય. એમની સહનશીલતા જબરી. તપ કરવાની રીત પણ જેવી તેવી નહી. કોઈક જ કરી શકે તેવી અત્યંત કઠોત તીવ્ર તપશ્ચર્યામાં વર્ષો સુધી લાગી જતા. આરાધ્ય દેવ પણ ઉગ્ર તપશ્ચર્યાથી દ્રવી જાય અને તરત જ તેની પાસે દોડી જાય. વત્સ ! ઉઠ હું તારા પર ઘણો પ્રસન્ન થયો છું. માગ, માગ તારે શું જોઈએ છે ?

હિરણ્યકશિપુનો જ દાખલો લો. એણે બ્રહ્માજી પાસે શું માંગ્યું ? આપે સર્જેલા કોઈપણ પ્રાણીથી મારું મૃત્યુ ન થાય. આપે ન બનાવી હોય તેવી કોઈ પણ વસ્તુથી મારું મૃત્યું ન થાય. કોઈ પણ સ્થાનની અંદર અથવા બહાર મૃત્યુ ન થાય. દિવસે કે રાત્રે મૃત્યુ ન થાય. કોઈ પણ હથિયારથી મૃત્યુ ન થાય. ભૂમિ ઉપર કે આકાશમાં મૃત્યુ ન થાય. માણસથી કે પશુથી, દેવથી કે અસુરથી, પ્રાણધારીથી કે પ્રાણવગરનાથી મૃત્યુ ન થાય. સાપથી મૃત્યુ ન થાય. યુદ્ધમાં મારો કોઈ હરીફ ન હોય. સર્વ જીવિત સૃષ્ટિનો હું એક માત્ર માલિક બનું.

બ્રહ્માજીએ કહ્યું, જા બેટા, તથાસ્તુ ! આપને જો માંગા, સબ દિયા. ખાઓ, પીઓ ને લહેર કરો.

હવે આને મારવો શી રીતે ? કહેવાય છે કે મારનાર કરતાં તારનાર મોટો હોય છે. પણ હિરણ્યકશિપુના કિસ્સામાં તો મારનાર જ મોટો હતો. વકીલોનો ય વકીલ હતો. કુશાગ્ર બુદ્ધિવાળો હતો. તેણે અસુરની બધી જ શરતોનું યથાર્થ પાલન કરી ઘડીના છઠ્ઠા ભાગમાં ચીભડાની જેમ ચીરી નાખ્યો.

આનાથી યે સવાયો બીજો એક આતંકવાદી પાક્યો હતો. એણે તો વરદાન માગવામાં કંઈ બાકી રાખ્યું નહિ. એનું નામ કુંચ્યાસુર. પોતે બળવાન હતો, શક્તિવાન હતો, સત્તાવાન હતો છતાં એક મોટી મહત્વાકાંક્ષા બાકી હતી.

યા તૃષ્ણા બલવંતિ મહાજગ,
રાંક રૂ રાવકું નાચ નચાવે
દેવ અદેવ યાહિ કરી નાચત,
નાચક ઈન્દ્ર સુરેશ કહાવે
સ્વર્ગ પાતાલ સબે તૃષ્ણાવશ,
તીનહિ લોક મેં આન ફિરાવે.
બ્રહ્મ મુનિ તૃષ્ણા બડી ડાકન,
જ્ઞાન વિના તજી દૂર ન જાવે.

દેવ, દનુજ બધાને તૃષ્ણા ડાકણ વળગેલ છે. આ મહબલિએ વિચાર્યું કે મારી પાસે બધું છે. હું સમર્થ છું. શક્તિશાળી છું. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં મારી આણ પ્રવર્તે છે. પણ હુજ મારી એક મહેચ્છા છે. તે પૂર્ણ કરવા માટે તપ કરવું પડશે. પ્રબળ પુરુષાર્થ કરવો પડશે. બ્રહ્મદેવને આરાધવા પડશે. મનોબળ દ્રઢ હોય ત્યાં અભીપ્સિત લક્ષ્યવેધ થાય છે. એતો ઉપડ્યો અઘોર જંગલમાં. જ્યાં કોઈ ન હોય તેવા નિબિડ વનમાં અનુકુળ જગાએ આસન જમાવ્યું. પોતાની સર્વ ઈન્દ્રિયોનું સંકોચન કર્યું. નહિ ખાવાનું, નહિ પીવાનું, નહિ પહેરવાનું, નહિ ઓઢવાનું. ખૂલ્લામાં ઉપર આભ નીચે ધરતી. સિદ્ધાસને સ્થિર થઈ બ્રહ્માજીની આરાધના શરૂ કરી. વર્ષોના વર્ષો વીતી ગયા. કીડી મકોડી જેવા જીવોએ તેનું સમગ્ર શરીર કોરી ખાધું છતાં તે પોતાની કઠોર તપશ્ચર્યાથી ચલિત થયો નહિ.

બ્રહ્મદેવ તેની આવી પરિસ્થિતિથી દ્રવી ઉઠ્યા. હૃદયમાં કરૂણા ઉપજી. પોતાના આસન પરથી ઉઠી કુંચ્યાસુર પાસે દોડી આવ્યા. હે પુત્ર ! તારા દુષ્કર તપથી મેં તને જીતી લીધો છે. હું પ્રસન્ન થયો છું. તારું તપ સમાપ્ત કર. એવું કહીને પોતે સાથે લાવેલા ચમત્કારિક દિવ્ય જળનો તેના જીવજંતુએ કોરી ખાધેલા દેહ પર છંટકાવ કર્યો. આથી તેની માનસિક તેમજ શારીરિક શક્તિ સચેત થઈ. શરીરના બધા અંગો સ્વસ્થ થઈ ગયા. બ્રહ્માજીને જોઈ તે અત્યંત આનંદમાં આવી ગયો. પગે લાગી મસ્તક નમાવી પ્રણામ કર્યા. પ્રાર્થના સ્તુતિ કરી.

વિશ્વ સૃષ્ટાએ કહ્યું, હે તપસ્વી ! હું તારા પર પ્રસન્ન છું. બોલ તારે શું જોઈએ છે ?

પ્રભુ ! મારે અમર થવું છે. મારું મૃત્યુ ન થાય એ વરદાન આપો.

બ્રહ્માજી એને ટીકીને જોઈ રહ્યા. બેટા ! એક માત્ર પરબ્રહ્મ સિવાય મૃત્યુ કોઈના તાબે નથી. મારે માથે પણ મૃત્યુ છે. હું મારું મૃત્યુ અટકાવી શકું તો તારું મૃત્યુ અટકાવી શકું. અમરપણાંના વરદાન તો અમર હોય એજ આપી શકે. બીજું કંઈક માંગ.

તો પ્રભુ મારી રક્ષા કરે એવા એક હજાર અભેદ કવચ મારા આખા શરીર પર પહેરાવી દો. આ કવચ કોઈપણ પરિસ્થિતિમાં ક્યારેય પણ તૂટે નહિ, ફૂટે નહિ, જીર્ણ પણ ન થાય.

પ્રજાપતિના કપાળે કરચલીઓ પડી. એલા ગાંડિયા ! આ તો તેં એનું એ જ બીજી રીતે માગ્યું. અભેદ બખતર તૂટે ફૂટે નહિ

તો તું મારે શાનો ? હું તને આપી શકું એવું કંઈક માગ. વચમાં કોઈ એવી શરત મૂક કે જેનું પાલન ભાગ્યે જ કરી શકાય. શાંતિથી વિચાર કરીને માગ.

કુંચ્યાસુરે કહ્યું, તમે મને એક હજાર બખતર તો આપો જ. પરંતુ એમાં શરત એવી મુકું છું કે જે વ્યક્તિ એક હજાર વર્ષ સુધી અન્ન જળ વિના કઠોર તપ કરે. તે પછી તરત જ મારી સાથે એક હજાર વર્ષ સુધી કોઈ વિરામ સિવાય યુદ્ધ કરે, ત્યારે મારું એક કવચ તૂટે. કવચ તૂટી ગયા પછી પણ યુદ્ધ અટકાવવાનું નહિ. ક્ષણ માટે પણ યુદ્ધ વિરામ થયો તો તૂટેલું કવચ આપોઆપ સંધાઈ જાય. બીજું કવચ તોડવા માટે પણ જે વ્યક્તિએ હજાર વર્ષ સુધી તીવ્ર તપશ્ચર્યા કરી હોય તે મારી સાથે સતત બીજા હજાર વર્ષ સુધી યુદ્ધ કરી મને હરાવે ત્યારે મારું બીજું કવચ તૂટે. આ શરત પ્રમાણે મારા બધા જ કવચ તૂટી જાય ત્યાં સુધી અવિરત યુદ્ધ ચાલુ રાખી મને પરાજિત કરે તો મારું મૃત્યુ થાય.

સર્ગ સર્જક મુંઝાયા. પણ છેવટે કહ્યું તથાસ્તુ !

હવે કુંચ્યાસુરની શક્તિમાં ઓર વધારો થયો. દસેય દિશાઓમાં દિગ્વિજય કરવા નીકળી પડ્યો. યુદ્ધ કરો અથવા તો તાબે થાઓ એમ બધાને પડકારવા લાગ્યો. વરદાન મેળવી છકી ગયો. ગર્વિષ્ઠ બની ગયો. સ્વચ્છંદી અને સ્વૈરવિહારી બની ગયો. પોતાની વિકૃત વાસનાઓ સંતોષવા પ્રજાને પીડવા લાગ્યો. સ્ત્રી વર્ગની કોઈ સલામતી રહી નહિ. લોકોમાં સુખ અને શાંતિ અદ્રશ્ય થઈ ગયા. સર્વત્ર ભયનું વાતાવરણ છવાઈ ગયું.

અસહ્ય ત્રાસથી કંટાળી સુરલોકના દેવો બધા બ્રહ્માજી પાસે દોડી ગયા. બ્રહ્માજીને કહ્યું, કુંચ્યાસુરે માઝા મૂકી છે. સમગ્ર ત્રિલોકી માથે લીધી છે. કોઈ સુખ ચેનથી જીવી શકતું નથી. ઈન્દ્ર કહે મારું ઈન્દ્રાસન પડાવી લેવાની પેરવી કરે છે. તેના ત્રાસથી લોકોને મુક્ત કરો. બ્રહ્માજી કહે છે હું બધું જાણું છું મારો સત્યલોક પણ ભયમાં છે. આમાં તો એકમાત્ર શ્રી નારાયણ ભગવાન જ આપણને બચાવી શકે તેમ છે. આપણે બધા તેમની પાસે જઈએ.

બ્રહ્માજીના પ્રમુખપણાવાળો દેવ સમૂહ રજૂઆત કરી પાછો ફર્યો તે પછી શ્રી નારાયણ ભગવાન વિચાર કરે છે કે विनाशाय च दुष्णकृताम् દુષ્ટોનો નાશ કરવા હું અવતાર ધરું છું. પરંતુ આ દુષ્ટનો વિનાશ અધરો છે. એને માટે મારે બે સ્વરૂપ ધારણ કરવા પડશે. તેમણે માતા-પિતાને યાદ કર્યા. ધર્મદેવના હૃદયાકાશમાં પોતે આવિર્ભાવ પામી મૂર્તિદેવીમાં પ્રકાશમાન થયા. તે પછી મૂર્તિદેવીમાંથી સ્વતેજનો દિવ્ય સમૂહ બહાર છવાઈ ગયો. અને તેમાંથી સોળ વર્ષની યુવાન અવસ્થાવાળા બે સ્વરૂપ પ્રગટ થયા.

अस्माकमिष्टदेवोस्ति नरनारायणो हरिः
सषाडेशाब्दिको धर्मान्भूर्तोजातोहि वर्णिराट्

ભગવાનના જન્મ કર્મ બધું જ દિવ્ય છે. તેમને સ્થળ કાળ કે અનુક્રમના કોઈ બંધન નથી. ભક્ત પ્રહલાદનું દુઃખ સહન ન થયું ત્યારે પોતે એકાએક સ્થંભમાંથી પ્રગટ થઈ સૌને સ્તબ્ધ કરી દીધા હતા. સદ્ શ્રી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું કે ભગવાન અનુક્રમે કરીને મનુષ્યાકૃતિ ધરે છે કે અનુક્રમ વિના પણ મનુષ્યાકૃતિ ધરે છે ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે અનુક્રમનો કંઈ મેળ નથી. પુરુષોત્તમ ભગવાન ગમે તો અક્ષરધામમાંથી પાધરા જ મનુષ્યાકૃતિ ધરે અને ગમે તો એવી રીતે અનુક્રમે કરીને પણ મનુષ્યાકૃતિ ધરે.

અમદાવાદમાં ફૂલડોલ ઉત્સવ કર્યો ત્યારે આનંદાનંદ સ્વામીએ પૂછ્યું, હે મહારાજ ! આપણે શ્રી નરનારાયણ ભગવાનનો જન્મોત્સવ તેમની જન્મ તિથિ પ્રમાણે કરવો કે જન્મના નક્ષત્ર પ્રમાણે કરવો ? આપ કહો તેમ કરીએ. દિવસ નક્કી થયા પછી થોડી ઘણી ચીજ વસ્તુઓ લાવવાની બાકી છે તે મેળવી લઈશું. સ્વામિનારાયણ ભગવાન કહે છે હે મુનિવર ! શ્રી નરનારાયણ ભગવાનનો જન્મ ફાગણ માસમાં ઉત્તર ફાલ્ગુની નક્ષત્રમાં થયો છે. પ્રાકૃત મનુષ્યની માફક ભગવાનનો જન્મ થાય ત્યાં તિથિને પ્રધાન ગણી જન્મ દિવસ નક્કી થાય એ જ ઉચિત છે. પરંતુ જન્મના પ્રાકૃતિક નિયમને અતિક્રમીને પ્રથમથી જ યુવાવસ્થામાં આવિર્ભાવ થયો હોય ત્યારે જન્મ સમય નક્કી કરવામાં નક્ષત્રનું પ્રધાનપણું સ્વીકારવું જોઈએ. શ્રી નરનારાયણ મૂર્તિ દેવીથી જન્મ પામ્યા ત્યારે જ સોળ વર્ષની અવસ્થાવાળા હતા. તેથી સૂર્યોદય સ્પર્શી પ્રવર્તમાન અર્થમાં નક્ષત્રમાં જ જન્મોત્સવ કરવો.

શ્રી નરનારાયણ ભગવાનનો પ્રથમ જન્મોત્સવ અમરલોકમાં સુરગણોએ અકલ્પનીય ધામધૂમથી ઉજવ્યો હતો. ઈન્દ્રાદિક દેવોએ ફૂલના હિંડોળે ભગવાનને ઝૂલાવ્યા હતા ત્યારથી આ ફૂલડોળ ઉત્સવ પ્રસિદ્ધ થયો છે આપણે ભગવાન રામનો જન્મ દિવસ, ભગવાન કૃષ્ણનો જન્મ દિવસ અને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિનો જન્મ દિવસ ભૂખ્યા પેટે ઉપવાસ કરીને ઉજવીએ છીએ. પરંતુ ફૂલડોળ ઉત્સવ કરવાની રીત જ અનોખી છે. શ્રી નરનારાયણદેવ કહે છે મારા જન્મ દિને કોઈ ઉપવાસ નહિ કરે. ખાઓ પીઓ, રંગે રમો અને જલસા કરો. દેવનો આપણા પર કેટલો બધો રાજીપો છે ? આ ઉપરાંત તેઓ બદરિકાશ્રમમાં આપણી સુખાકારી માટે તપ કરે છે એ તેમનો મોટો અનુગ્રહ છે. શ્રી નરનારાયણ ભગવાનનો જન્મોત્સવ પૂર્ણ થયા પછી તરત જ માતા-પિતાની અનુજ્ઞા મેળવી પોતાના અવતાર કાર્ય માટે બદરિકાશ્રમ ચાલ્યા ગયા. નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતધારી બંને ભાઈઓ અન્નનો ત્યાગ કરી તપશ્ચર્યા કરવા બેઠા. પૂરા હજાર વર્ષ થયાં ત્યારે નારાયણ ભગવાને કુંચ્યાસુરને પડકાર્યો. મદાંધ અસુર ફૂલાતો ફૂલાતો ભૂજા થપથપાવતો આવ્યો. ભગવાને નરવીરને કહ્યું, હે ભ્રાતા ! હવે હું આના સાથે યુદ્ધ કરું છું. પૂરા હજાર વર્ષ થશે ત્યારે તેને પહેરેલું એક કવચ તૂટશે. એ વખતે તમે તરત જ ક્ષણ પણ ગુમાવ્યા સિવાય યુદ્ધ કરવા આવી જજો. અને હું પુનઃ તપ કરવા બેસીશ. યુદ્ધનું સાતત્ય જાળવીને આપણે વારા ફરતી હજાર હજાર વર્ષ યુદ્ધ

મેલી તેણે પહેરેલાં હજારે ય કવચ તોડવાના છે. યુદ્ધમાં ક્ષણ પૂરતોયે વિલંબ થશે તો તોડેલું કવચ આપોઆપ સંધાઈ જશે. ઘણો લાંબો સમય યુદ્ધ ચાલશે.

પ્રથમ વારીમાં નારાયણ ભગવાન હજાર વર્ષ સુધી લડ્યા. એક કવચ તડાક કરતું તૂટી પડ્યું. ત્યાં તો નરવીરે શીઘ્રપણે ત્યાં આવી મામલો સંભાળી લીધો અને તે અસુર સાથે લડવા લાગ્યા. નારાયણ ભગવાન તપ કરવા બેઠા. બીજા હજાર વર્ષ પુરા થયા ત્યારે બીજું કવચ તૂટ્યું. હવે નારાયણ ભગવાનનો વારો આવ્યો અને નરવીર તપ કરવા બેઠા. આ રીતે બોઉ ભ્રાતાએ નવસો નવાણું કવચના કૂરચા ઉડાવી દીધા. હવે કુંચ્યાસુરને ડર લાગ્યો. જે અત્યાર સુધી બીજાને ડરાવતો હતો તે ખૂદ હવે ડરવા લાગ્યો. પોતાની સલામતી નથી એનું ભાન થતાં યુદ્ધ ક્ષેત્રમાંથી નાસી છૂટ્યો. પરંતુ નારાયણ ભગવાને તેનો પીછો પકડ્યો. જ્યાં જ્યાં એ ગયો ત્યાં ભગવાન પાછળ જ હતા. છેવટે તેને પ્રભાકર પાસે જઈ તેના પગ પકડ્યા. હે સવિતા દેવ મને બચાવો. સવિતાદેવ કંઈ પૂછે એ પહેલાં તો નારાયણ ભગવાન આવી પહોંચ્યા. તેમણે કહ્યું, હે આદિત્ય નારાયણ ! એ અસુરને મારવા હું હજારો વર્ષથી યુદ્ધ કરું છું. હવે એ મરવાનો થાય ત્યારે તમારી પાસે આવ્યો છે. તેને શરણું ન આપશો.

સૂર્યનારાયણ કહે છે કે હે મહા પ્રભુ ! એણે મારા પગ પકડ્યા એટલે મારે શરણે આવી ચૂક્યો છે. ના પાડું તો મારો શરણે આવ્યા ને તરછોડ્યાનો ધર્મ ભંગ થાય. છતાં આપ કહો તેમ કરું. નારાયણે કહ્યું, જગતને અજવાળાં આપનાર હે દેવ ! તમારા ધર્મપાલનમાં આડે નહિ આવું. હું બીજી રીતે વિચારીશ.

મોતને સામે જોઈ ભલભલા ધ્રૂજી ઊઠે છે. આંખે અંધારા આવી જાય છે. પરસેવો છૂટી જાય છે. કુંચ્યાસુર મૃત્યુના ભયથી સૂર્યદેવને છોડતો નથી. જ્યાં જ્યાં સૂર્યનારાયણ ફરે છે ત્યાં ત્યાં એ પણ સાથે જ રહે છે. સંજ્ઞા અને છાયા પણ એનાથી કંટાળી ગયા. પતિદેવ સાથે એકાંતમાં વાત કરવાની તક જ ન મળે.

એવામાં એક પ્રસંગ બન્યો. સવિતાદેવ ઉપર પૃથ્વીલોકથી કોઈ રાજકન્યાનો સંદેશ આવ્યો. આપ અહીં પધારો. ભાષ્કર તો ઉપડ્યા. ભૂમિ ઉપર પહોંચતા જ સુંદર માનવ સ્વરૂપ ધારણ કરી લીધું. પેલો દાનવ પણ તેની સાથે જ હતો.

કુમારી રાજકન્યા તેના સ્વતંત્ર કક્ષમાં બેસી પ્રતિક્ષા કરી રહી હતી. ત્યાં જ ભાષ્કર દેવ પહોંચ્યા. કન્યા પગે લાગી. પ્રણામ કર્યા. સૂર્યદેવ વહાલથી માથે હાથ મૂક્યો. આલિંગન આપવા જાય છે ત્યારે કન્યા શરમાઈને ઈન્કાર કરે છે. નહિ પ્રભુ ! નહિ પ્રભુ ! સૂર્યે કહ્યું, હે કોમલાંગી ! તારા આમંત્રણથી હું આવ્યો છું. તું લજ્જિત ન થા. સંકોચ ન રાખ. તું જાણે છે કે અત્રિપુત્ર મંત્રદ્રષ્ટાં છે. તેમણે આપેલો મંત્ર તેનું લક્ષ્યાંક નહિ ચૂકે. આવ પ્રેમથી મળીએ.

કુંચ્યાસૂરના મનમાં વીજ ગતિથી એક વિચાર ઝબક્યો. મૃત્યુના ભયથી મુક્ત થવાની આ સુંદર તક છે. ક્ષણનાયે વિલંબ વગર કન્યાના ઉદરમાં પ્રવેશી ગયો. તિમિરારિ તેમના તેજ લોકે પાછા ફર્યા. સમય જતાં કુંવારી કન્યાને સુંદર તેજસ્વી પુત્ર જન્મ્યો. બાળકનું શરીર કવચ તથા કુંડળથી આરક્ષિત હતું. આબરૂ જવાના ભયથી કુમારી માતાએ એક પેટીમાં પુત્રને સૂવાડી કઠણ હૃદયે તે પેટી અશ્વ નદીમાં વહેતી મૂકી દીધી. યયાતિ રાજાના કોઈ અધિરથ નામના વંશજના હાથમાં તે પેટી આવી. કૂતુહલથી પેટી ખોલી જોયું તો રાજકુમાર જેવો કવચ કુંડળ ધારી બાળક અંદર સૂતો હતો. પુત્ર વિનાના અધિરથને બેહદ ખુશી થઈ. બાળકને ઘેર લઈ ગયો. પત્ની રાધાને આપ્યો. પુત્ર પ્રાપ્ત થતાં રાધાને પણ ખૂબ આનંદ થયો. વહાલથી તેનું નામ વસુષેણ રાખ્યું. આ વસુષેણ તે મહારથી કર્ણ.

મહાભારતના યુદ્ધના સત્તારમાં દિવસનું પ્રભાત થયું. અંગરાજે વહેલી સવારે વિજય ધનુષ્ય તથા કવચ કુંડળની પૂજા કરી. સૂર્ય સ્તવન કર્યું. કંચનના દાન આપી દાન ધર્મ બજાવ્યો. ભારે ગડમથલથી શલ્ય રાજાને સારથિ કીધો હતો. પ્રભાતના ચોઘડિયે જ કોઈ વૈતાલિક પધાર્યા. કર્ણે આવકાર્યા. શિબિરમાં પૂછ્યું, કુરુક્ષેત્રનું આજનું ભાવિ કેવુંક છે વાંચશો ?

મહારાજ ઊગતા ભાણનો પૂજારી છું. કુરુક્ષેત્રના ભાગ્ય તો ઘડશે આજે આપ સરખા કોઈ મહાધન્વા.

ઠીક ત્યારે, વૈતાલિક ! માગી લ્યો આપને મનગમતું. યુદ્ધ ભૂમિ મને સાદ પાડે છે.

મહારાજ ! પ્રભાતનાં પુણ્ય તો ત્રિલોકમાં પમરે છે. આજ્ઞા હોય તો માગું. માગો માગો કર્ણરાજ બોલ્યા.

આપના પરાક્રમનું આજે પર્વ છે. આપો સૂવર્ણના દાન.

પ્રાતઃ કાળના દાન તો અપાઈ ચૂક્યા હતા. શિબિરમાં ક્યાંય સોનું મળ્યું નહિ. માત્ર વિજયના દંડમાં અને કવચ-કુંડળમાં સોનું હતું. પલભર તો મુંઝાયા અંગરાજ. પણ તેનો દાન ધર્મ પાછો ન પડ્યો. વૈતાલિક ! આ લ્યો કવચ અને કુંડળ. મારા જન્મના સંગાથી. મારા અંગરક્ષક સ્વીકારો. મારે માટે હવે પિતાજીના તેજ કવચ છે. વાસુદેવ ઈચ્છતા હતા કે કુંચ્યાસુર સાથેના પૂર્વના યુદ્ધનો અંત આવે. છેલ્લા કવચ-કુંડળ આમ ઉતારી લીધા.

શૂરવીરતામાં અને ધનુર્વિદ્યામાં અર્જુનથી પણ આગળ ઉભો રહે એવું સામર્થ્ય કર્ણમાં હતું. દિલની ઉદારતામાં તો જગતે તેને કર્ણ દાનેશ્વરી કહીને બિરદાવ્યો છે. પૃથ્વી સમી તેનામાં સહનશીલતા હતી. કૌરવ પાંડવ બંને પક્ષે અનેક યોધ્ધાઓના સંહાર પછી સામ સામે આવ્યો વિજયધારી અંગરાજ અને ગાંડિવધારી ધનંજય. અંગરાજ શર છોડતાંતા મારણ મંત્ર ભણીને. નરવીર બાણ છોડતાતા નિવારણ મંત્ર મૂકીને. બંને મહારથીઓ હતા. બાણાવળી હતા. ધાર્યા નિશાન પાડનાર હતા. વિધાતા પણ અસમંજસમાં પડી. શા લખવા આજના વિધિ લેખ ? એવામાં જ નિર્માણનો સંકેત

કાંકરોલી મંદિરમાં **શ્રીનાથજી** ભગવાને પરચો આપી

પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા આપી

સંકલન : શાસ્ત્રી સ્વામી હરિઓમ્પ્રકાશદાસ (જેતલપુરધામ)

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે કહ્યું છે કે ધર્મકુળમાં હું સ્વયં સાક્ષાત્ રહ્યો છું. આ પરાવાણીનો પરચો તા. ૧૪-૧૧-૦૭ના રોજ કાંકરોલી મંદિરમાં થયો.

પ.પૂ.ધ.ધુ આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અ.સૌ.પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. ૧૦૮ લાલજીશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નાથદ્વારા રાજસ્થાન આપણા મંદિરમાં યુવા શિબિરના કાર્યક્રમમાં ત્રણ દિવસ પધાર્યા હતા. આ પ્રસંગે પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજા કાંકરોલી મંદિરમાં દ્વારિકાધીશ, શ્રીનાથજી ભગવાનના દર્શનાર્થે તા. ૧૪-૧૧-૦૭ના રોજ સંધ્યા સમયે પધાર્યા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની ધર્મમર્યાદાને ધ્યાનમાં લઈને વ્યવસ્થાપકોએ થોડો સમય માટે દર્શનાર્થીઓ માટે અંદર જવાના રસ્તા બંધ કર્યા હતા. તે દરમ્યાન ૭-૩૦ વાગે પ.પૂ. લાલજી મહારાજશ્રી શ્રીનાથજી ભગવાનના દર્શન કરતાં કરતાં અરજ ભાવે મુખિયાજી પૂજારી પાસે ભગવાનના હાથમાં રહેલ પુષ્પ માગ્યું. પણ પુષ્ટિ માર્ગની સેવા રીતિ પ્રમાણે ભગવાનને ધારણ કરેલ વસ્તુ દર્શનાર્થીઓને આપવાનો રિવાજ નહિ હોવાથી પુષ્પ આપ્યું નહિ. પણ મુખિયાજીનો નિર્ણય શ્રીનાથજી ભગવાનના મંજુર ન હતો. કેમ કે શ્રી સ્વામિનારાયણ ભગવાનના પુત્ર સ્વયં પધાર્યા હોવાથી ભગવાનની ઈચ્છા હોવાથી ફુલ ન આપવાથી મૂર્તિના હસ્તમાં રહેલ પુષ્પ તત્કાળ નીચે સરકી ગયું ! પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ફરીવાર કહ્યું, પૂજારીજી ભગવાનનું પુષ્પ આપો. ત્યાં તો ભગવાનના કંઠમાં ધારણ કરેલ હાર પણ નીચે ઉતરી ગયો ! ત્યાં ઉપસ્થિત વ્યવસ્થાપકો તથા પૂજારીઓ મુખિયાજીઓ અને કાંકરોલી મંદિરના આચાર્યશ્રીએ આ દશ્ય જોયું. ત્યાં ખ્યાલ આવ્યો કે આ તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના પુત્ર છે ! તેઓને ભગવાન પુષ્પ માળા આપવા ઈચ્છે છે. એટલે તુરત મુખિયાજીએ પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પુષ્પમાળા અને પુષ્પ છડી અર્પણ કરી. ભગવાન ધર્મકુળમાં સાક્ષાત્ રહ્યા છે તેની આવા સમયે સૌને પ્રતિતિ થઈ. પણ આ તો ક્યારેક પોતાની ઈચ્છાથી દર્શન આપે. આ પ્રત્યક્ષ પરચાને કાંકરોલીના વ્યવસ્થાપકો અને શિબિરમાં આવેલા અને પ્રત્યક્ષ દર્શન કરેલાં બહેનો આવા દિવ્ય અને અલૌકિક પ્રસંગને યાદ કરીને રાજી થાય છે.

આપતું આવ્યું પાર્થ બાણ. રથે જોડેલ અશ્વોની આંખો ધવાણી. કારમાહય હણહણી ઉછળ્યા. રથ ઉછળ્યો. અંગરાજ પણ ઉછળી પડ્યા. રથ અડધે પડખે થઈ ગયો. રથના ચક્રો જમીનમાં ઉતરતા ગયા. કાઢવાના બહુ મિથ્યા પ્રયત્નો કર્યા. પછી કોપેલા કર્ણે રથ ચક્ર લેવા પ્રયાસ કર્યો પણ કંઈ વળ્યું નહિ. પછી ચડાવ્યું વિજય ધનુષ્ય. રથમાં બેસી બાણ છોડ્યાં. અર્જુનની છાતી વીંધી નાખી. પાર્થના હાથમાંથી ગાંડિવ સરી પડ્યું. તેનો લાભ લઈ કર્ણ પાછો રથમાંથી ઉતરી પૈડું પૃથ્વીમાંથી બહાર કાઢવા લાગ્યો. ત્યાં આકાશવાણી થઈ. કર્ણ ! રથના પૈડાં પૃથ્વી ગળી રહી છે. તું ફાવીશ નહિ.

કર્ણ ભૂલ્યો, સઘળું ભૂલ્યો. રથવિદ્યા ભૂલ્યો, ધનુર્વિદ્યા ભૂલ્યો. મંત્રો ભૂલ્યો એને સાંભર્યા વરદાન અને શાપ. છતાં તે વીરપુરુષ હતો. મહારથી હતો. તેના મુખ પર દૈન્યપણું ન હતું. લાચારી ન હતી. મુખ પરના ઓજસ ઝંખવાયા ન હતા. યોધ્ધાને છાજે તે રીતે હિમાલયની જેમ સામી છાતીએ અડગ ઉભો રહ્યો. સહોદરની બાણ વર્ષા ઝીલતો રહ્યો. એટલામાં તો ઉપરથી ઉતર્યું કાળચક્ર.

કૃષ્ણ ચંદ્રે અર્જુનને સાવધ કર્યો. પાર્થ સાવધાન ! કર્ણ ફરી રથમાં બેસે તે પહેલાં રૌદ્રાસ્ત્રથી ઉડાવી દે મસ્તક. ઝડપ કર. નિર્માણ ઘડી આવી ગઈ છે. પાર્થે લીધું અંજલિ આકારનું પ્રાંજલિક બાણ. રૌદ્રાસ્ત્ર મંત્રથી અભિમંત્રિત કરી નિશાન તાકી સરરર કરતું છોડ્યું. કર્ણનું તેજસ્વી મસ્તક છેદી ચાલ્યું ગયું.

પુત્રના મૃત્યની સંવેદનાથી સૂર્યદેવ પણ નિસ્તેજ બની અદ્રશ્ય થઈ ગયા. આજની હતી પાંડોવની જયતિથિ. પરંતુ પાંડુ પુત્રોએ સહોદરના મૃત્યુની અદબ રાખી. ન હોતા વગાડ્યા વિજયોત્સવના વાદ્ય.

સર્વાંગ ભાવવાહિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

तमाम प्रगतिनो पायो

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

હસ્તિનાપુરના મહાન રાજવી સમ્રાટ કુરૂકુળ વંશજ ધૃતરાષ્ટ્રની ભારત વર્ષ ઉપર આણ વર્તતી હતી. ધૃતરાષ્ટ્રના પોતાના સો પુત્ર હતાં. જે કૌરવો તરીકે જાણીતા હતા અને તેના ભાઈ પાંડુના પાંચ પુત્રો હતા જે પાંડવો તરીકે જાણીતા હતા. હવે આ એકસો પાંચ બાળકો કુમાર અવસ્થામાં આવ્યા એટલે તેમને ક્ષત્રિયોને શોભે એવી તાલીમ આપવા માટે ભારદ્વાજ ગોત્રના મહાન આચાર્ય દ્રોણાચાર્યને તેમના શિક્ષાગુરૂ તરીકે રાજ્યમાં સંપૂર્ણ સન્માન સાથે પદારૂઢ કર્યા હતા.

શિક્ષાગુરૂ દ્રોણાચાર્ય પ્રાથમિક તબક્કે થોડું થોડું શિખવાડે અને ત્યારબાદ તેમનામાં કેટલી પાત્રતા-યોગ્યતા આવી છે તેનું પરિક્ષણ કરવા અવાર-નવાર પરીક્ષા રાખતા. આમ, તાલીમ આપતાં આપતાં ઘણો સમય વીતી ગયો અને હવે યુવાન બનેલા રાજકુમારોમાં કેટલી યોગ્યતા આવી છે તેનું પરિક્ષણ કરવા પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું.

અત્યારે જેવી પરીક્ષાઓ થાય છે તેવી લેખિત પરીક્ષાઓ એ વખતે ન રખાતી. એ વખતે તો સંપૂર્ણ ખુલ્લી જગ્યામાં, સમૂહમાં, સર્વના દેખતાં નિદર્શન કરી બતાવવાનું અને એમાં જે પાસ થયા એ પાસ, બીજા નાપાસ, એટલે ચિઠ્ઠી-કાપલીઓ વગેરે પકડવાનો પ્રશ્ન જ ઉભો ન થાય.

આખી સભા સામે તમે શું શું ભણ્યા છો એ કરી બતાવો - બોર્ડ રાખવાની જરૂર જ નહીં, પેપર તપાસવાની જરૂર નહીં. જે સમયે પરીક્ષા લેવાતી હોય તે સમયે ગામના આગેવાન પ્રજાજનો - નાગરિકોને બોલાવવાનાં અને એ બધાંની સમક્ષ જ પરીક્ષા થાય. હાલના યુગમાં જો આ પદ્ધતિ આવી જાય તો કેટલી શાંતિ થાય ?

ગુરુદ્રોણે રાજકુમારોની પરીક્ષા લેવા માટે દૂર એક ઝાડ ઉપર નકલી પક્ષીના આકારનો લાકડાનો એક ટૂકડો બાંધ્યો. દોરી વડે લટક્યા કરે. એ લાકડાના પક્ષીના માથા ઉપર એક કાળું ટપકું કરેલું. પવન આવે એટલે એ ટૂકડો હવામાં હાલક ડોલક થાય. એવા સમયે નિશાન લઈ એ કાળા ટપકાને વિંધવાનું.

પરીક્ષા શરૂ થઈ. હોદ્દાની રૂએ દુર્યોધનનું નામ પહેલું આવ્યું. યુવરાજ દુર્યોધન ! હા, ગુરુદેવ ! ચાલો નિશાન તાકો. બરાબર નિશાન તાક્યું. બરાબર એ જ સમયે આખી સભા સાંભળે તેમ ગુરુદેવે પ્રશ્ન પૂછ્યો. સભા બધી દેખાય છે ! હા, સારૂં તને લાકડાનું પક્ષી દેખાય છે ? હા, ગુરુદેવ હા... હા.... બધું જ દેખાય છે. મને કંઈ થોડો મોતીયો આવ્યો છે ! બધું જ મને દેખાય છે. યુવરાજે જવાબ આપ્યો. બેસીજા, ના-પાસ જોયું ને તર્તજ રીઝલ્ટ અત્યારની જેમ બે મહિના રાહ જોવી પડે એવું નહી. તરત જ રીઝલ્ટ આપી દીધું. ત્યાં જ પરીક્ષા, ત્યાં જ રીઝલ્ટ, પછી તો વારા ફરતી બધાંના નામ બોલાતા ગયા. બધા આવતા ગયા. ગુરૂ પૂછે, શિષ્ય જવાબ આપે. કોઈ કહેશે, સભા નથી દેખાતી ઝાડ દેખાય છે. તો કોઈ કહે ઝાડ અને સભા દેખાય છે. કોઈ કહે કે ઝાડ દેખાય છે. તેને બીજી વખત પરીક્ષા આપવાનો ચાન્સ ખરો. આમ કરતાં કરતાં અર્જુનનો નંબર આવ્યો. બરાબર લક્ષ્ય લીધું. ગુરુદેવે પૂછ્યું, સભા દેખાય છે ? ના, દૂર દુર્યોધન અને બીજા ટોળે વળીને બેઠેલા તે દેખાય છે ? ના, લક્ષ્ય સાધવાનું છે તે ઝાડ દેખાય છે ? ના. લાકડાનું પક્ષી દેખાય છે ? ના. અર્જુનનો આવો જવાબ સાંભળી દુર્યોધનની આખી ટોળકી અંદરો અંદર એકબીજાને ગોદા મારવા માંડ્યા. અને બોલવા લાગ્યા, "ભર જુવાનીમાં આંધળો થઈ ગયો લાગે છે." તમને ખબર નથી, અર્જુનના આ જવાબમાં ખૂબી છે. ત્રણેય પ્રશ્નોના જવાબમાં જ્યારે ના કહી. સભા દેખાતી નથી, ઝાડ દેખાતું નથી, લાકડાનું પક્ષી દેખાતું નથી. એટલે ગુરુદેવ દ્રોણે પ્રશ્ન બદલ્યો. તો પછી તને શું દેખાય છે ? ત્યારે અર્જુને કહ્યું, ગુરુદેવ ! એકલું કાળું ટપકું જ દેખાય છે, બીજું કાંઈ જ દેખાતું નથી. ત્યારે ગુરુદેવે બાણ છોડવાનો આદેશ આપ્યો. અર્જુને બાણ છોડ્યું અને લક્ષ્યવેધ કરવામાં સફળ થયો. કામ થઈ ગયું. એ પાસ જાહેર થયો. સભામાં તાળીઓના ગડગડાટ થવા લાગ્યા. ચારે બાજુ જયજયકાર થઈ રહ્યો.

મિત્રો ! જેની પાસે એકાગ્રતા હોય એ જ લક્ષ્યવેધી બની શકે. જીંદગીમાં જો સફળતાનાં શિખરો સર કરવાં હોય તો, અને કાર્યમાં સફળતા જોઈતી હોય તે કાર્યમાં જેટલી એકાગ્રતા વધુ તેટલું તે જલ્દીથી લક્ષ્ય સુધી પહોંચી શકે છે. પછી એ કાર્ય અભ્યાસનું હોય કે વ્યવહારનું હોય, એ જ રીતે આધ્યાત્મિક માર્ગમાં પણ એકાગ્રતા વાળાનું કામ જલ્દી સિધ્ધ થાય. પછીએ પૂજા હોય કે માળા કે પછી કીર્તન હોય કે ધ્યાન કે પછી પ્રભુના દર્શન. આ બધામાં એકાગ્રતા જોઈએ જ . અને ભગવાનનાં દર્શન કરવામાં જે એકાગ્રતા ન રાખે તેનાં ઉપર સ્વામિનારાયણ ભગવાનને શિક્ષા કરવાનું મન થાય એવી ચીડ રહેતી. એ એવા એકાગ્રતા વગરના ભક્તને ખીસકોલીયો ભક્ત એવું ઉપનામ ભગવાને આપ્યું. ધાર્મિક બાબત, આર્થિક બાબત કે આધ્યાત્મિક બાબતમાં પ્રથમ શ્રેણીમાં ઉતિર્ણ થવું હોય તો એકાગ્રતા કોન્સન્ટ્રેશન પાયાની વસ્તુ છે. એ ભૂલાવું ન જોઈએ.

●

વિચારીને દાન કરવું

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક શેઠ હતા. શેઠ સારા સત્સંગી. ભક્તિ ભજનમાં ખૂબ રુચી. સંત-સમાગમ, કથા શ્રવણ નિત્ય કરતા. તેમની પ્રકૃતિ દયાળું હતી. દરેક માણસમાં કેટલાક સારા તો કેટલાક ખોટા ગુણો હોય છે. આ શેઠની પરોપકારી પ્રકૃતિ તેમને દુઃખી કરી ગઈ. આ શેઠનો સારો એવો વેપાર હતો. તે કેટલોક માલ વિદેશથી મંગાવતા. માલની લેવડ-દેવડ તથા બિલ ચૂકવણી માટે તેમને વારે વારે મુંબઈ બંદરે જવું પડતું. તેથી આ શેઠે પોતાનો એક બંગલો મુંબઈમાં રાખ્યો હતો. આ શેઠ રોજ સવારે પૂજા કરી દરિયા કિનારે ફરવા નીકળતા. તેમાં એક દિવસ શિયાળાની કડકડતી ઠંડીમાં બે માછીમારના છોકરાને ઠંડીમાં ધ્રૂજતા જોયા. છોકરાઓને ધ્રૂજતા જોઈ શેઠને ખૂબ દયા આવી ગઈ. મુંબઈ શહેરમાં જઈ બે ધાબળીઓ ખરીદી લાવ્યા અને આ છોકરાને દાનમાં દઈ દીધી. શેઠ તો ધાબળી આપી ચાલ્યા ગયા. પણ આ માછીમારના છોકરાઓએ તે ધાબળીનો દુરપયોગ કર્યો. ધાબળીના તાતણા છૂટા પાડી માછલીઓ પકડવા માટે જાળી તૈયાર કરી દીધી. અને પોતાના માછીમારના ધંધામાં તેનો ઉપયોગ કરવા લાગ્યા. માછલા પકડી પકડીને તેનો વેપાર કરવા લાગ્યા.

આ બાજુ આ શેઠની વેપારની પરિસ્થિતિઓ બદલાવા લાગી. વેપારમાં અત્યંત ખોટ આવવા લાગી. તેટલું જ નહિ પણ શેઠની તથા તેમના પરિવારની શારીરિક તકલીફો વધવા લાગી. સામાજિક તથા આર્થિક રીતે પાયમાલ થવા લાગ્યા. શેઠ વિચારમાં પડી ગયા. અમે કાંઈ અનિતીનો ધંધો આજ સુધી કર્યો નથી છતાં અમારા ઉપર અણધારી આવી વિકટ પરિસ્થિતિ કેમ આવી ? શું મહારાજની મરજી સમજવી કે અમારી કોઈ ભૂલ હશે ? આ શેઠે મંદિરમાં આવી પોતાના પરિચિત સંતની આગળ પોતાની મુંઝવણ વ્યક્ત કરી. આ સંતની આગળ શેઠ રડી પડે છે. આવી પરિસ્થિતિ સહન કેમ થાય. સંત આશ્વાસન આપે છે. ભગવાનને પ્રાર્થના કરવાનું કહે છે. પણ પરિસ્થિતિનું મૂળ શોધવા આ સંતે શેઠને થોડા પ્રશ્નો પૂછયા. પણ કાંઈ ઝાઝો અંદાજ ન આવ્યો. તેથી સંતે કહ્યું તમારી પરોપકારી પ્રકૃતિ છે. પણ કોઈને કાંઈ આપવું હોય, દાન કરવું હોય તો સમજી વિચારીને કરજો. ખોટી જગ્યાએ દાન કરવું તે ભયાવહ ગણાય છે. આટલી વાત થઈ પછી આ સંતે ભક્ત સુખાર્થે ભગવાનને પ્રાર્થના કરી.

થોડા દિવસમાં ફરીથી શેઠને મુંબઈ બોલાવવામાં આવ્યા. મુંબઈમાં થોડા દિવસ રોકાવાનું થયું. તેમાં એક દિવસ ફરીથી તે દરિયા કિનારે ફરવા નીકળ્યા. તો પેલા બંને માછીમારના છોકરા કડકડતી ઠંડીમાં ધ્રૂજતા હતા. આ શેઠને નવાઈ લાગી. તેથી પાસે જઈને પૂછ્યું. અલ્યા કેમ અહીં ધ્રૂજો છો. બે ધાબળી તો આપી હતી. કેમ ઓઢતા નથી ? ત્યારે આ છોકરા બોલ્યા શેઠ ઓઢવા માટે બીજું આપો. પહેલા તમે અમને આપી હતી, તે તો અમે અમારા ધંધામાં વાપરીએ છીએ. શાના ધંધામાં, શા માં વાપરો છો ? માછીમારના ધંધામાં ! તેનાથી અમે માછલાં પકડીએ છીએ અને પેટ ભરીએ છીએ. શેઠને તો મનમાં ફાળ પડી આ શું ? મેં તો ગરીબ જાણી ઠંડીથી રક્ષણ મેળવવા આ ધાબળી આપી હતી. અને આ છોકરાઓએ તેનો દુરૂપયોગ કર્યો. શેઠે તે છોકરાઓ પાસેથી ધાબળીની બનાવેલી જાળ પાછી લઈ લીધીને ત્યાં ને ત્યાં સળગાવી દીધી. પછી શેઠ પાછા મંદિર આવ્યા. સંતને વાત કરી મૂળ પકડાયું. ત્યારબાદ સંતે પ્રાયશ્ચિત બતાવ્યું. શેઠના સુખના દરવાજા ફરી ખુલ્યા. વેપારમાં થતી ખોટ બંધ થઈ.

મિત્રો ! દેવાનંદ સ્વામી પોતાના કીર્તનમાં વિવેક શિખવતા કહે છે કે -

"વિવેકી નરને એમ વિચારીને જોવું,
કુપાત્રને દાન દેવું તે બીજ ખારમાં બોવું જી."

જેમ ખારાપાટમાં બીજ વાવંવાથી તે બીજ નિષ્ફળ જાય છે. તેમ કુપાત્ર જીવને દાન આપવું તે નિષ્ફળ છે. અને કુપાત્ર કોને કહેવાય તે સમજાવતાં દેવાનંદ સ્વામી કહે છે કે -

"કામી, ક્રોધી, લોભી લંપટ કુડા બોલા
કહાવે,
અન્ન, વસ્ત્ર, ધન તેને આપે તે શેકીને
બી વાવે રે."

તો પછી દાન દેવું કોને ? તો એ પણ દ્રષ્ટાંત સાથે સ્વામી શીખવે છે.

"ઈન્દ્રિય પાંચ સહુ મન જીતે તે હરિદાસ
કહાવે,
વહાલી વસ્તુ તેને આપે તે અનંત ઘણી
થઈ આવે રે, વિવેકી નરને.....

દુર્બળ સુદામાએ આણી દીધા, મુષ્ટિ તાદુંલ મેવા,
કંચન મહોલ કર્યા સુખકારી,
સત્પુરુષની સેવા રે,
દ્રોપદીએ નિજ ચીર વધેરી, બાંધ્યાં હરિને હાથે,
દેવાનંદ કહે ભરી સભામાં, આપ્યા
દિનાનાથે રે, વિવેકી નરને.....

સુદામાજીએ ફક્ત ત્રણ મુઠી તાદુંલ ભગવાન દ્વારિકાધીશને અર્પણ કર્યા તે આખું જગત જાણે છે. સુદામાંજીનું દાન ઉગી નીકળ્યું. સુંદર બીજી દ્વારિકા સુદામા માટે દ્વારિકાધિશે રચી દીધી.

દ્રોપદીજીએ પ્રભુને હાથમાં છરી વાગતા પોતાની સાડીનો છેડો ફાડી પાટો બાંધ્યો. એ પાટાના બદલામાં દ્રોપદીની ભરી સભામાં લાજ જતી હતી ત્યારે ૯૯૯ ચીર પૂર્યા હતા. અને દ્રોપદીજીની લાજ રાખી હતી.

માટે મિત્રો ! "દાનનો મહિમા ઘણો છે. પણ તેમાં પાત્ર - અપાત્ર જોવાય નહિ તો, ભય પણ તેટલો જ છે.

'દાન' ખૂબ વિચાર માગી લે છે. જ્યાં જરૂરિયાત ન હોય ત્યાં દાન કરવાથી પરિગ્રહને પોષણ મળે છે.

એટલે "પાત્રતાં" અને "અપેક્ષા" (જરૂરીયાત) એ બે, દાનની આંખો છે.

માટે અજાણ્યાને દાન દેતાં પહેલા "પાત્રતા" અને "અપેક્ષા" રૂપી આંખોથી ચકાસણી અચૂક કરવી.

।। ભક્તિસુધા ।।

શ્રીહરિના વચન લોપથી દુઃખી થયેલ સંતો

- પાર્ષદ સવિતાબેન ગુરુ સાં.યો.
બયીબા (જેતલપુર-હવેલી)

માણસને જીવનમાં સુખ અને દુઃખ એ સદાય ચાલ્યા જ કરતા હોયછે. તેમાં જે સુખ થાયછે તે શ્રીજીની આજ્ઞા પાળવે કરીને થાય છે. અને દુઃખ થાય છે તે શ્રીહરિની આજ્ઞા લોપવે કરીને થાય છે. શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ મનુષ્ય માત્રને સુખી જીવન જીવવા અને સંસારરૂપી ભવસાગરને તરવા માટે પોતાના સ્વહસ્તે આપણને સૌને નાની એવી અને નૌકારૂપ ૨૧૨ (બસોબાર) શ્લોકની એક શિક્ષાપત્રી લખી આપી છે. તે જે મનુષ્ય શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે આ લોકમાં સુખી જીવન જીવી અને પરલોકમાં શ્રીહરિનાં અક્ષરધામને વિષે મહાસુખને પામશે. અને જે શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તો તે દુઃખી થશે.

એક વખત શ્રીજી મહારાજ ગઢપુરમાં સભા કરીને વિરાજમાન હતા. ત્યારે મહારાજ બોલ્યા જે ખાણ ગામ જવું છે તો કોઈ જશો ? (બ્રહ્માનંદ સ્વામીનું ગામ) ત્યારે ભાઈ સ્વામીએ કહ્યું જે હે મહારાજ હું જાઉં? ત્યારે મહારાજ કહે સારૂં લ્યો હું તમને ચિટ્ઠી લખી આપું જે આબુની છાયામાં બ્રહ્માનંદ સ્વામીનું ખાણ ગામ છે. ત્યારે ભાઈ સ્વામીને થયું કે મહારાજ મારી મશ્કરી કરે છે. ફક્ત બે અક્ષરના નામમાં કાંઈ ચિટ્ઠીની જરૂર પડતી હશે. સ્વામી કહે મહારાજ ચિટ્ઠીનું કાંઈ કામ નથી એતો મને હૈયે જ રહેશે. જેમ જારની ખાણ ધુડની ખાણ તેમ ખાણ ગામ એટલું તો યાદ રહેજ ને એમાં ચિટ્ઠીનું શું કામ છે ! મહારાજે ઘણું કહ્યું પણ ભાઈ સ્વામી માન્યા નહિ. ત્યારે મહારાજે મર્મમાં કહ્યું જે સારૂ લ્યો જાવ સ્વામી ! પછી સ્વામીછ સંતોનું મંડળ લઈ ખાણ ગામ જવા માટે નીકળ્યા તે સિધ્ધપુર સુધી ગયા. પણ આગળ ક્યાંય ભોજનનું પુરૂ થાય તેવું નહિ. તેથી ચાર સંતો દેશમાં પાછા આવ્યા અને ગોવિંદ સ્વામી તથા ભાઈ સ્વામી એ બે સંતો ગયા. તે ચાલતા ચાલતા આબુનો ડુંગર મેલીને દશબાર ગાઉ આગળ ચાલ્યા ગયા અને પોતાને કાંઈ સ્મૃતિ પણ નં રહી કે આપણે ક્યા ગામ જઈએ છીએ. ગામનું નામ જ ભૂલી ગયા. પછી એક ગામને પાદર તળાવ હતું ત્યાં વડ નીચે જઈને બેઠા. તે વખતે ભાઈ સ્વામીએ ગોવિંદ સ્વામીને પૂછ્યું જે ગોવિંદાનંદ આપણે ક્યાં જઈએ છીએ ? ત્યારે ગોવિંદાનંદ સ્વામી કહે તેની તો મને કાંઈ ખબર રહી નથી. તે વખતે કેટલાક બાવા ત્યાં આવ્યા તેમણે કહ્યું જે સાધુ મહારાજ બેઠા છો શું ? અહીંયા સદાવ્રત અપાયછે. ઝટ જાઓ નહીંતર બંધ થઈ જશે. પછી બન્ને જણા જઈને સદાવ્રતનો લોટ લઈ આવ્યા અને તે વડ નીચે પાણી ગળણામાં લોટ બાંધ્યો અને છાણામાં જ્યાં અગ્નિ મુક્યો એટલે તે વડ ઉપર મધ હશે તે ઉડ્યું અને તે બન્ને સંતોને મધની માખો વળગી તેથી બન્ને જણા દોડીને તળાવના પાણીમાં પડ્યા અને લોટ કાગડા કુતરા ખાઈ ગયા. પછી દિવસ અસ્ત થયો અને પછી ત્યાંથી ચાલતા એક ગામને પાદર જઈને બેઠા હતા. ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા અને પરિશ્રમ પણ બહું પડેલો તેથી મૃતઃપાય જેવા થઈ ગયા હતા. તે વખતે શ્રીજી મહારાજ બ્રાહ્મણનું રૂપ લઈ હાથમાં સુખડી તથા ગાંઠીયાની થાળી ભરીને આવ્યા અને પૂછ્યું જે મહાપુરુષ ક્યાં રહેવું ? સ્વામી કહે કે મહારાજ અમો તો કાઠીયાવાડમાં રહીએ છીએ. ત્યારે મહારાજ બોલ્યા જે, ક્યાં જવુ છે ? સ્વામી કહે તેની અમને ખબર રહી નથી. પછી મહારાજ કહે કે તમે ભૂખ્યા હશો. માટે પહેલા જમી લ્યો પછી તમને ગામ બતાવું. પછી બન્ને જણને જમાડીને મહારાજ તેમની પાસે બેસીને ફરતા ગામોના નામ લેવા માંડ્યા. ત્યારે મહારાજ કહે કે ખાણ ગામ ? ત્યારે સ્વામી કહે હા, અમારે ત્યાં જવું છે. ત્યારે મહારાજ કહે ચિટ્ઠી લખી આપું ? સ્વામી કહે હા, લખી આપો તો બહું સારૂં. પછી મહારાજે ચિટ્ઠી લખી અને કહ્યું કે પંદર માઈલ પાછળ ગામ છે. એમ કહી અદ્રશ્ય થઈ ગયા. પછી સંતો ખાણ ગામ ગયા અને થોડા દિવસ બાદ ગઢપુર પાછા આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે તમને ક્યાંય દુઃખ તો નથી પડ્યું ને ? ત્યારે સ્વામી કહે, ના મહારાજ. ત્યારે મહારાજ કહે ત્રણ દિવસ ભૂખ્યા તરસ્યા રહેવું પડ્યું ને લોટ કાગડા-કૂતરા ખાઈ ગયા ને પછી મારે જમવાનું આપવા માટે આવવું પડ્યું. એના કરતા પહેલેથી અમારૂ વચન માની ચિટ્ઠીને લઈને ગયા હોત તો મારે આવવું પડત નહિ. ત્યારે સ્વામી કહે મહારાજ મારી ભૂલ થઈ ગઈ.

માટે વ્હાલા ભક્તો ! નાની એવી આજ્ઞા લોપવાથી સંતોને આટલું દુઃખ થયું તો આપણે ક્યારેય પણ શ્રીજીના વચનનો લોપ ન થાય તેનું સદાને માટે અનુસંધાન રાખવું. જેથી કરીને આપણે આ લોકમાં સુખી જીવન જીવી શ્રીહરિના ધામને વિષે મહાસુખને પામી શકાય.

●

ઓળાના રતનબા

- तरलाબેન અતુલભાઈ પોથીવાલા
(અમદાવાદ)

મહેસાણા જીલ્લા અને કલોલ તાલુકાનું ઓળા ગામ મહારાજના પાવન ચરણોથી વારંવાર અંકિત થયેલું છે. ઓળા ગામમાં રહેતાં રતનબા મહારાજનાં પરમ એકાંતિક બાઈ હરિભક્ત હતાં. મહારાજ જ્યારે જ્યારે ઓળા પધારે ત્યારે અવશ્ય રતનબાનાં ઘેર ઉતારો કરતા.

એકવાર શ્રીજી મહારાજ સંતો, પાર્ષદો તેમજ હરિભક્તો સહિત દંઢાવ્ય દેશમાં વિચરણ કરતાં કરતાં ઓળા ગામ પધાર્યા. શ્રીહરિ પોતાના ગામમાં પધારે છે તે જાણી શ્રીહરિના પ્રેમી ભક્તો જેવાં કે વસ્તાભાઈ,

અવિચળભાઈ આદિ ભક્તજનોએ ગામના મુખ્ય માર્ગોને ધ્વજ પતાકા તેમજ આસોપાલવનાં તોરણોથી શણગાર્યા. એ વખતે રતનબાએ પૂજન માટેની સામગ્રી એકઠી કરી શ્રીહરિને આવકારવા સ્ત્રીઓ સહિત સન્મુખ ગયા. રતનબાએ શ્રીહરિનું અત્યંત પ્રેમભાવે સ્વાગત કર્યું. પરણવા આવેલા વરરાજાને જેમ કન્યાની માતા પોંખે તેવી જ રીતે રતનબાએ તોરણો નીચે પધારેલા શ્રીહરિને અક્ષત કંકુ વિગેરેથી પોંખ્યા. ફૂલહાર પહેરાવ્યા અને બંને હાથો વડે શ્રીહરિનાં ઓવારણાં લીધા. પોંખતી વખતે રતનબાએ મહારાજને અત્યંત નજીકથી નીરખ્યાં. આંખોમાં મહારાજની મનોહર મૂર્તિને ધારી ધારીને અંતરમાં ઉતારી.

ત્યારબાદ શ્રીજી મહારાજ હંસ ગતિ ચાલથી ચાલી સંતો પાર્ષદો સહિત રતનબાને ઘેર પધાર્યા. રતનબાએ પ્રેમથી રસોઈ કરાવી સૌને ભોજન કરાવ્યાં.

વળી કોઈ એક સમયે ચોમાસાનાં દિવસોમાં મહારાજ કરજીસણથી ઓળા ગામ પધારતા હતા. તે વખતે ગામના શ્રેષ્ઠ ભક્ત ગોવિંદભાઈ બે બળદ જોડેલા ગાડામાં શ્રીહરિ તથા મુકુંદવર્ણીને બેસાડી ગાડું હાંકતા હતા. પરંતુ માર્ગમાં ખૂબ રેતી હોવાથી ગાડું ફસાયું. ખૂબ પ્રયત્ન કર્યો પણ ગાડું આગળ વધી શક્યું નહિ એટલે મહાપ્રભુ ગાડામાંથી નીચે ઉતરી મુકુંદવર્ણી સાથે ચાલતા ચાલતા ઓળા ગામ આવ્યા.

રાત્રિનો સમય હતો. મુકુંદવર્ણી ચાલતા જઈને રતનબાના આંગણામાં ઊભા રહ્યા. મકાન બંધ હતું એટલે કમાડ ખખડાવીને એમણે રતનબાને સાદ પાડ્યો.

"હે રતનબા ! કમાડ ઉઘાડો અને જલ્દીથી દીવો કરો. કારણ કે તમારા આંગણે સ્વયં પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ કાદવથી ખરડાયેલા ચરણોથી યુક્ત તમારી વાટ જોતાં ઉભા છે."

"મહારાજ આવ્યા છે મારે આંગણે" - એમ જાણ્યું એટલે રતનબા સફાળા જાગી ગયા. દીવો કરી કમાડ ઊઘાડ્યું અને ઘરને સ્વચ્છ કરી પ્રેમથી મહારાજ અને મુકુંદવર્ણીને ચરણ ધોવા માટે શુદ્ધ જળ લાવી આપ્યું.

આપેલાં જળ વડે શ્રીહરિએ બંને ચરણો ધોયાં અને ઘરમાં પ્રવેશ કર્યો. પધારો મહારાજ! કહી રતનબાએ સુંદર સુશોભિત આસન ઉપર મહારાજને વિરાજમાન કર્યા.

આ બાજું મુકુંદ બ્રહ્મચારી સ્નાન કરી મહારાજ માટે રસોઈ તૈયાર કરવા લાગ્યા. રસોઈ તૈયાર થઈ એટલે સુંદર વિશાળ થાળમાં રસોઈની વાનગીઓ ભરી બાજોઠ ઉપર વિરાજેલા મહારાજ આગળ તે થાળ મૂક્યો. બાજુમાં રતનબા મહારાજને પંખો વિંઝવા લાગ્યા. દાળ સાથે શીરો, પૂરી, દહીં સાથે ભાત તથા ઘી વડે ચોપડેલાં રોટલા સાથે દૂધ અને વિવિધ પ્રકારનાં શાકો સાથે કંસાર જમી પ્રસાદી મહારાજે રતનબાને આપી. જળપાન કરી મહારાજ આસન ઉપર વિરાજ્યા. રતનબાએ મહારાજને મુખવાસ ધર્યો. તે જ વખતે શ્રીહરિની અમીમય કૃપા દૃષ્ટિથી રતનબાને ચિદાકાશનું દર્શન થયું. તે ચિદાકાશમાં માયાથી પર તેજોમય દિવ્ય અક્ષરધામ નિહાળ્યું અને એ તેજઃપૂંજમાં રત્નજડિત સિંહાસન ઉપર વિરાજેલા ભગવાન શ્રી સ્વામિનારાયણનું પણ દર્શન થયું. "અહોહો ! અક્ષરધામની એ મૂર્તિ જ સ્વયં મારા ઘરે મારી સન્મુખ આજે વિરાજી રહીછે!" અતિ પ્રેમવશ થવાથી આંખોમાંથી પ્રેમાશ્રુ ઉભરાવવા લાગ્યાં. ગદ્‌ગદ્‌ વાણીથી રતનબા શ્રીહરિની સ્તુતિ કરવાં લાગ્યાં: "હે કલ્યાણકારી શ્રીહરિ! આ કળિયુગમાં આપ પ્રગટ થઈ અધર્મનો નાશ કરી સધ્ધર્મ ફેલાવી અનેક જનોનાં મનોરથો પૂર્ણ કરી અનેક જીવાત્માઓનું કલ્યાણ કરી રહ્યાછો. આજે આપે મારા ઘરે પધારી આપના સ્વસ્વરૂપનું દર્શન કરાવી મને ધન્ય બનાવી દીધી."

મહારાજ રતનબાના ભાવથી ખૂબ પ્રસન્ન થયા. એ દરમ્યાન કોઈક મનુષ્યનું રૂદન સંભળાયું. એટલે મહારાજે રતનબાને પૂછ્યું: હે રતનબા! આ કોણ રૂદન કરેછે ?"

"તમારા ઘરે હાલ સૂતક છે એમ અમને પહેલેથી કેમ ન જણાવ્યું ? હવે સૂતક વાળાં તમારું અન્ન અમે બન્ને જમ્યાં તેથી અજાણતામાં તમારા ખાધેલાં અન્ન સંબંધી અમે બંન્ને જણ પ્રાયશ્ચિત કરીશું." મહારાજે રતનબાને આમ કહ્યું.

રતનબાએ શ્રીહરિને કહ્યું કે, "હે મહારાજ! સોનાના અડેલા જળનાં બિંદુનાં સ્પર્શ માત્રથી આ લોકમાં સૂતકી પુરુષ તથા બીજા કોઈ અશુદ્ધ પદાર્થ જો શુદ્ધ થાય છે તો હે અંતરયામી મહા પ્રભુ ! તમારા નામોના ઉચ્ચારણ માત્રથી જ શુદ્ધ થયેલા મનુષ્યને સૂતક અહિંયા શું સ્પર્શ કરે ? કંઈ પણ નહિ. જો આપના નામ માત્રથી સૂતક સ્પર્શી ન શકે તો સર્વના નિયંતા એવા આપના દર્શન કરવાથી અને આપના ચરણારવિંદથી પાવન થયેલા આ ઘરને સૂતક ક્યાંથી સ્પર્શ કરે ? છતાં તમો જે પ્રાયશ્ચિતની વાત કરો છો તે વાક્ય તો ધર્મની પુષ્ટિ કરવા જ પ્રગટ થયેલા તમારે માટે યોગ્ય જ છે."

રતનબાની આવી સમજણથી મહારાજ ખૂબ રાજી થયા. પછી મહારાજ ત્યાંથી બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠી સ્નાનાદિક ક્રિયા તથા પૂજા પાઠ પૂર્ણ કરી અડાલજ તરફના માર્ગમાં આવતાં ગામોને પાવન કરતાં કરતાં પંચાળ દેશ તરફ પધાર્યા.

રતનબાની માહાત્મ્યે સહિતની શ્રીહરિની ભક્તિથી રાજી થયેલાં મહારાજે એમને અખંડ મૂર્તિનું સુખ કાયમ આપ્યું.

●

ક્યારે હવે દેખું રે હરિ હસતા

- કંચનબેન રણછોડભાઈ પટેલ
(નારણપુરા)

પૂર્ણપુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીની નિશ્રામાં સર્વ સંતો અને સત્સંગીજનોએ પ્રભુ પ્રસન્નતા માટે ગઢપુરની ધરતી પર ચાતુર્માસના વિશેષ નિયમો અંગીકાર કર્યા હતા. તેમાં પ્રેમ સખી પ્રેમાનંદ સ્વામીએ રોજનાં આઠ પદ રચવાનો નિયમ લીધો હતો.

શ્રાવણ માસની અમાસનાં દિવસે આખો દિવસ વીતી ગયો. સાંજ પડી ગઈ છતાં એક પણ પદ અંતરમાં સ્ફૂર્યું ન હોતું. અમાસની મેઘલી રાત્રે દેડકાનાં ડ્રાઉં ડ્રાઉં અવાજ સંભળાતા હતા. સર્વે પ્રાણી પોઢી ગયા હતા. હવામાં ઠંડક હતી. તેવા એકાંત

વાતાવરણમાં સ્વામીએ સારંગી શોધી અને નીરવ શાંતિમાં સારંગીનાં સૂર રેલાવા લાગ્યા. અંતરમાંથી નીકળતા પ્રેમ સખીના ભાવ ભર્યા સારંગીના સૂર અંધકારમાં ઓતપ્રોત થવા લાગ્યા. પછી તો સ્વામી ગીત ઉપર ગીત અને રાગ ઉપર રાગ છેડતા ગયા. એ મેઘલી રાત અને હચમચી ગયેલું હૈયું અને સારંગીના સૂર એકરસ થઈને નાદબ્રહ્મ રેલાવી રહ્યા હતા. કે જાણે હરિ હવે ક્યારે દેખું.

શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં પોઢી ગયા હતાં. અચાનક પ્રેમાનંદના આર્તનાદે પ્રભુને મધરાતે નીંદરમાંથી બેઠા કરી દીધા. પ્રભુએ ઢોલિયા ઉપર બેસીને અવાજની દિશામાં કાન સરવા કર્યા. તો પ્રેમ સખીનો મધુર સ્વર ગુંજી રહ્યો હતો કે,

"ક્યારે હવે દેખું રે હરિ હસતા,
મારા મંદિરિયામાં વસતા."

એ સાંભળી મહારાજ ઊંઘમાં હસી રહ્યા હતા. પ્રેમ સખીનાં હવે આગળનાં સ્વર સાંભળી મહારાજથી રહેવાયું નહિ અને એ બેઠા થયા. બારણું ખોલીને બહાર આવ્યા. એ વખતે પ્રેમાનંદ સ્વામી ગઢડામાં પૂનમિયા કૂવા પાસે આથમણાં બારની ઓરડીમાં હતા.

મહારાજે અવાજની દિશામાં ડગ માંડ્યાને પ્રેમાનંદ સ્વામીની ઓરડીએ આવી પહોંચ્યા. પ્રેમ સખી તો હંમેશા પ્રભુનાં રસમય રૂપમાં રસબસ થઈને રહેતા હતા. પ્રેમ રસમાં રસબસ થયેલા હોવાથી એમની આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યા હતા! ઓરડીમાં બળતા દીવાનાં ઝાંખા પ્રકાશમાં મહારાજે એ જોયું અને ઓસરીમાં જ લપાઈને એક બાજુ પ્રભુ ઉભા રહ્યા. મહારાજે એ વખતે ખેસ ઓઢેલો હતો.

ઓરડીનાં ઝાંખા દીવાના ઉજાશમાં સ્વામી મન મૂકીને ભાવ ઠાલવતા હતાં. શ્રીહરિ બહાર ઓસરી ઉપર ઉભા ઉભા એમાં ભીંજાઈ રહ્યા હતા. અને પોતાના ભક્તના પ્રેમાળ હૃદયના ભાવ જોઈને મનોમન રાજી થતા હતા. આમ ને આમ આખી રાત વીતી ગઈ. અને પરોઢ થવા આવ્યું. ત્યાં પ્રેમાનંદની નજર અચાનક જ બારણા ઉપર પડી. અને ત્યાં ઓસરીમાં શ્રીહરિને એકલા ઉભેલા જોઈને અંચબામાં પડી ગયા. સ્વામી તો એકદમ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા લાગ્યા. મહારાજે એમને ઉભા કર્યા અને પ્રેમપૂર્વક ભેટી પડ્યા. એ દૃશ્ય કેવું હશે!

પછી સ્વામીએ પૂછ્યું : "મહારાજ ક્યારના પધાર્યા છો?" "મધરાતના અમે તો અહીં જ ઊભા ઊભા તમારા પ્રેમનો આસ્વાદ લઈ રહ્યા છીએ." પછી મહારાજે રાજી થઈને પોતાનો ખેસ પ્રેમ સખીને ભેટ આપ્યો અને કહ્યું, 'આમ તો રાત બહુ વીતી ગઈ છે. પણ તમારું રચેલું પદ સંભળાવો અને પછી રાખો' - તરત જ પ્રેમ સખીએ ભાવથી પ્રેમથી હૈયાના હેતથી પદ ઉપાડ્યું કે,

ક્યારે હવે દેખું રે હરિ હસતા,
મારા મંદિરિયામાં વસતા .... ક્યારે
જરકસિયા જામા પે'રીને,
ગુઢો રેંટો ઓઢી કટિ કસતા .... ક્યારે
ફૂલડામાં ગરકાવ થઈને,
અત્તરમાં મસમસતા .... ક્યારે
મુનિવર સારું રસોઈ કરાવીને,
પંગતમાં પીરસતા .... ક્યારે
પ્રેમાનંદ આગે ગાવે ત્યારે,
આવે ઓરા ઓરા ખસતા .... ક્યારે

આ પદનાં સંગીતમાં પ્રભુને પણ પાસે ખેંચી લાવવાની તાકાત રહેલી છે. પ્રેમ સખી પાસે ગોપીનું હૈયું હતું. એ હૈયામાં પ્રભુ માટે પારાવાર પ્રેમની લહેરો ઉઠતી હતી. અને હૃદય મંદિરમાં વસતા હરિને હસતા દેખવાની ઊંડી ઝંખના છે. અને એવા કોડ છે કે પ્રભુ જરકસી જામો પહેરી, માથે સુંદર ફેંટો બાંધી, કમર પર કસીને દુપટ્ટો બાંધીને ક્યારે દર્શન આપે.

ભક્તોની પૂજાથી મહારાજના ગળામાં ફૂલના હાર, ગજરાના બાજુ બંધ અને માથે ફૂલના તોરા અને ફૂલમાં ગરકાવ થયેલા પ્રભુ ફૂલની સુગંધ અને અત્તરની ખુશ્બુથી કેવા મઘમઘતા હશે એવું પ્રેમ સખી સ્મરણ કરેછે. સાથે સાથે હૈયાને હળવું કરતાં સ્વામી કહે છે કે 'શ્રીજી મહારાજ ઘણીવાર સંતો માટે રસોઈ બનાવીને જાતે જ પોતાના પરમહંસોને હેતથી પીરસતા અને જમાડતા.'

પ્રેમાનંદ સ્વામી આવા કીર્તન ગાય ત્યારે મહારાજ પ્રસન્ન થઈને ખસતા ખસતા નજીક આવેછે. આજે બહેનાના મંડળમાં આ કીર્તન ખૂબ ગવાય છે. બહેનો જ્યારે આ કીર્તન ભાવથી, પ્રેમથી, તાલથી, હસતા જાય, નાચતા જાય અને ગાતા જાય ત્યારે ખરેખર ભગવાન સિંહાસનમાં જાણે મરક મરક હસી રહ્યાં હોય એવું લાગે છે.

●

સાબરમતી-નારાયણઘાટનો મહિમા

- ક્રિષ્નાબેન બારેવડિયા
(ભક્તિનગર-મેમનગર)

નારાયણઘાટ તીર્થ આજકાલનું તીર્થ નથી. પરંતુ આ તીર્થના મૂળ સુધી જઈએ તો ખ્યાલ આવશે કે આદિ સત્તાયુગમાં નારાયણઘાટ તો શ્રી નરનારાયણદેવ આદિ અવતારોની પ્રાગટ્ય ભૂમિ હોવાથી આ તીર્થમાં વરસો પૂર્વે શ્રી નરનારાયણદેવ અવતર્યા હતા. એમ આપણા શાસ્ત્રોના સંશોધન પરથી ખ્યાલ આવે છે. પરંતુ આ સાબરમતી કઈ રીતે ધરતી ઉપર અવતરી, આ પૌરાણિક દેવ નદીને આ ભૂમિ ઉપર કોણ લાવ્યું એ બધી વાતો પુરાણની છે. મહાદેવજી અને પાર્વતીના સંવાદ રૂપે રજુ કરી છે.

મહાદેવજી કહે છે કે હે પાર્વતીજી આ સાબરમતીના તટે કશ્યપ ઋષિએ મહાન તપ કર્યું હતું. ગીચ વનરાજીથી છવાયેલા આબુ પર્વત ઉપર રહીને કશ્યપ મુનિએ તપસ્યા આદરી હતી. જ્યાં પવિત્ર સરસ્વતી નદી વહે છે. એક દિવસ મુનિ નૈમિષારણ્ય ગયા હતા. ત્યાં બધા મુનિઓ ભેગા મળીને કથા વાર્તા કરતા હતા. કશ્યપ મુનિને જોઈને મુનિઓએ કહ્યું કે હે મહર્ષિ તમને અમારા ઉપર પ્રેમ હોય તો આ પ્રદેશમાં ગંગાજી લાવો અને તે ગંગા તમારા નામથી કશ્યપી ગંગા તરીકે ઓળખાશે. મુનિઓને પ્રણામ કરીને પુનઃ આબુ આવ્યા અને સરસ્વતી નદીને કિનારે તપ કરવા લાગ્યા. તેમની તપસ્યાથી પ્રસન્ન થઈને મહાદેવજીએ દર્શન

દઈને કહ્યું, મનવાંછિત વરદાન માગો.

કશ્યપ મુનિએ કહ્યું કે "હે મહાદેવજી જો તમે રાજી થયા હો તો મને આપના મસ્તક ઉપર રહેલા ગંગાજી આપો." ત્યારે મહાદેવજીએ રાજી થઈને પોતાની જટામાંથી એક જટા સમૂહ તોડી આપ્યો. અને કહ્યું, 'લો આ ગંગાજી' ! કશ્યપ મુનિ મહાદેવજીને પ્રણામ કરીને ગંગાને લઈને પોતાના આશ્રમમાં આવ્યા. એ વખતે પોતાના પરિવાર સાથે અનેક મુનિઓ ત્યાં આવ્યા. કશ્યપ મુનિ આ ગંગાને લાવ્યા હોવાથી આર્કશ્યથી ગંગા તરીકે પ્રસિદ્ધ થયા. જેના દર્શન માત્રથી બ્રહ્મ હત્યારો પણ પાપમાંથી મુક્ત થાય. મહાદેવજી પાર્વતીજીને કહે છે કે, હે દેવી પિતૃઓના મોક્ષ માટે મેં રાજા ભગીરથને આ ગંગા આપી હતી. અત્યારે આ મુનિઓની વિનંતીથી ફરીથી કશ્યપને મેં ગંગા આપી છે. આ નદી સત્તયુગમાં કૃતવતી ત્રેતામાં ગિરિકર્ણિકા દ્વાપરમાં ચંદના અને કળિયુગમાં સાબરમતી નામે ઓળખાશે.

આ સાબરમતીને કિનારે ત્રેપન જેટલા પ્રાચીન તીર્થો આવેલા છે. જેમાં નારાયણઘાટ અને દૂધેશ્વર તીર્થ મુખ્ય છે. આ બંને તીર્થો અમદાવાદમાં જ આવેલા છે. સાબરમતી નદીના કિનારે (નારાયણઘાટ ક્ષેત્રમાં) વિશાળ જંગલ આવેલું હતું. જેને પુરાણમાં 'ધર્મારણ્ય' તરીકે વર્ણવ્યું છે. આ ધર્મારણ્યમાં જ પૂર્વે ધર્મ અને મૂર્તિ દેવીએ તપસ્યા કરી હતી. અને પરમાત્મા ચાર સ્વરૂપે પ્રગટ થયા હતા. તેથી આ તીર્થ અતિશય પવિત્ર અને ફળદાયી છે. આ નારાયણઘાટનો આરો પ્રાચીન કાળથી તપોભૂમિ તરીકે શાસ્ત્રમાં વર્ણવ્યો છે. ધર્મ અને મૂર્તિથી લઈને દધિચી જેવા શાસ્ત્ર પ્રસિદ્ધ મુનિઓએ આ નદીના કિનારે જ તપસ્યા કરી હતી. તેમની તપસ્યા ફળદાયી બની હતી. માટે જ નારાયણઘાટ નામનું આ ક્ષેત્ર આજે પણ એટલું જ પ્રભાવશાળી અને શાંતિદાતા તીર્થ ક્ષેત્ર તરીકે જાણીતું છે.

બીજું કે આ સાબરમતી નદીમાં સ્નાન કરનારને મુક્તિ મળે છે. અને આ સાબરમતીને કિનારે શ્રાધ્ધ કરવાનો ખૂબજ મહિમા છે. પિતૃઓની મુક્તિ માટે જે અહીં શ્રાધ્ધ કરે છે તેના પિતૃઓ મુક્ત થાય છે. આ નદીના દર્શન માત્રથી પણ મનુષ્ય પાપમાંથી મુક્ત બને છે. જેવી ગંગા નદી છે. એવી જ આ સાબરમતી છે. હે દેવી સાબરમતી ગુણને હું યથાર્થ કેમ કહી શકું.

●

કરજીસણમાં શ્રીહરિએ કરેલી અદ્‌ભુત લીલા

- પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)

અમદાવાદથી મહેસાણા જતી રેલ્વે લાઈનમાં ડાંગરવા સ્ટેશન આવે છે. તે ડાંગરવા ગામથી ડાંગરવા સ્ટેશનથી કરજીસણ ગામ બે ગાઉં છેટું છે. અહીં શ્રી નરનારાયણદેવ ગાદીનું સુંદર મંદિર છે. મંદિર દક્ષિણાદા બારનું છે. સહજાનંદ સ્વામીની પટમૂર્તિ પધરાવેલી છે. મંદિર આગળ ભવ્ય ચોક છે.


કરજીસણ ગામમાં શ્રીહરિ ૩૪ વખત પધારેલા તેથી આ ગામ અને ગામની ભૂમિ ઘણી પવિત્ર છે. ગામની ભૂમિના દર્શન કરવાથી માત્રથી જ મનુષ્યના જન્મના અનેક પાપ બળી જાય છે. ગામથી આથમણી કોરે વાઘરોડા ગામનું સરોવર છે. તે સરોવરમાં ઘણીવાર સંતોએ સ્નાન કર્યું છે. તે સરોવર પવિત્ર છે. બાજુમાં વાડી છે. તે વાડીમાં શ્રીહરિએ ઘણી લીલા કરી છે. સરોવરની બાજુમાં કૂવો છે તે કૂવામાં શ્રીહિ ઘણીવાર ન્હાયા છે. તે પ્રસાદીનો છે. તેની બાજુમાં વરખડાનું વૃક્ષ છે. તેની નીચે બેસીને શ્રીહરિએ ઘણીવાર ભોજન કરેલું છે. તે પ્રસાદીનો વરખડો મોજૂદ છે. તેની બાજુમાં છત્રી છે. તેમાં શ્રીહરિના ચરણારવિંદ પધરાવેલા છે. ગામની ઉગમણી બાજુમાં પણ એક છત્રી છે. ત્યાં સુંદર વડ હતો તે વડની ડાળે હિંડોળો બાંધેલો અને શ્રીહરિ જન્માષ્ટમીના પવિત્ર દિવસે ઝુલેલા. દંઢાવ્ય પ્રદેશના કરજીસણ અને બીજા અનેક ગામોમાં ભાવિક ભક્તો પંચતિથિ કરવા જાય છે. દંઢાવ્ય પ્રદેશની પંચ તિથિના દર્શન દરેક હરિભક્તોએ અવશ્ય કરવાં.

કરજીસણ ગામની લીલા વાંચવાથી શ્રીજી મહારાજ તત્કાળ સાંભરી આવે છે. કરજીસણના ભક્તોને શ્રીહરિએ સુખીયા કર્યા છે. ભક્ત ચિંતામણીમાં નિષ્કુળાનંદ સ્વામીએ પ્રકરણમાં ૮૩ લખ્યું છે.

પછી કાઠિએ સજ્યા કેકાણ
માંડ્યા ઘણુમૂલે ઘોડે પલાણ,
હાંહા કરતા ગુર્જર દેશ
આવ્યા કરજીસણ જઈ સંત બોલાવ્યા.

કરજીસણ ગામના શ્રેષ્ઠ ભક્ત ગોવિંદભાઈ શ્રીહરિને વિનયપૂર્વક કહેવા લાગ્યા કે ધર્મનંદન શ્રીહરિ દયાળું ભક્તિદેવીના પુત્ર એવા આપ મારે ત્યાં કૃપા કરીને પધારો. હે, પ્રભુ પંદર દિવસથી હું તમારી સાથે છું તો પંદર દિવસ સુધી જે દ્રવ્ય વપરાયું તેની તમે જરાયે ચિંતા કરશો નહિ. મારા ઘરમાં જે દ્રવ્ય છે તે આપને આધિન કરેલું છે. તેથી મારું કાંઈજ નથી. જે છે તે આપનું જ છે. પ્રભુ સંતો-પાર્ષદો સહિત મારે ઘેર પધારો. તમારા દર્શનનો લાભ આપીને અમને પવિત્ર પાવન કરો. આ પ્રમાણે ગોવિંદભાઈ અને નાનાભાઈ શ્રીહરિને પ્રાર્થના કરી કહેવા લાગ્યા હે કૃપાસાગર પ્રભુ વિક્રમ ૧૮૬૯ નું વર્ષ જ્યારે આવ્યું (અગનોતેરનો કાળ) ત્યારે અમારા ઘરમાં માટીની કોઠીમાં પચીસ મણ બાજરી ભરેલી હતી તે બાજરીમાંથી દરરોજ સાત શેર બાજરી તે કોઠીના નીચેના કાણેથી કાઢી છ માસ સુધી ગોવિંદભાઈનું સર્વે કુટુંબ જમ્યું હતું. જે સમગ્ર લીલા આપની જ હતી. જ્યારે જ્યારે ગોવિંદભાઈના ઘરે મહેમાન આવતા ત્યારે તેજ બાજરીના રોટલા જમતા હતા. તેમાંથી તેમની પત્નિએ પંદર મણ બાજરી અને ગોવિંદભાઈએ દશ મણ બાજરી વેચી હતી. હજુ સુધી તે કોઠીમાંથી બાજરી ચાલે આવે છે. આમ શ્રીહરિ કરજીસણમાં પધારી તે ભૂમિને અને ગોવિંદભાઈને પવિત્ર કરીને તે ધરતીને પાવન કરેલી છે. કરજીસણમાં ખુશાલ ભક્તે પોતાના ઘરે શ્રીહરિને તથા સંતો પાર્ષદોને પ્રેમથી જમાડ્યા પછી શ્રીહરિ ત્યાંથી ગઢપુર પધાર્યા હતા.

????????????????પ્રશ્નપેટી????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ જનમંગલ સ્તોત્રમ્ માં શતાનંદ સ્વામીએ રચેલ ૬ ઠ્ઠો શ્લોક ક્યો છે ?

પ્રશ્ન : ૨ "જીવ જો સાચો થઈને ભજન કરવા માંડે તો ભગવાન જરૂર સહાય કરે" - આ ઉક્તિવાક્ય કોણ બોલ્યું છે ?

પ્રશ્ન : ૩ શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રમાં "નારાયણગીતા" ક્યા પ્રકરણમાં, કેટલામાં અધ્યાયમાં અને તેના શ્લોક કેટલા છે ?

પ્રશ્ન : ૪ એક સમયે શ્રીજી મહારાજ ગઢપુરથી રીસાઈ કોઈને કહ્યા વગર જેતલપુર આવી ગંગામાનાં ઘરમાં સંતાઈ ગયા. બ્રહ્માનંદ સ્વામી સુરાખાચર સાથે શ્રીજી મહારાજને શોધતા શોધતાં જેતલપુર આવ્યા અને ગામમાંથી જાણી લીધું. પછી ગંગામાને ઉદ્દેશી માર્મિક રીતે ગૂઢ અર્થવાળુ ક્યુ કીર્તન બ્રહ્માનંદ સ્વામીએ રજુ કર્યું ?

પ્રશ્ન : ૫ ઉપલેટા ગામના આહિર ભક્તે શ્રીજી મહારાજને શું જમાડી રાજી કર્યા ?

પ્રશ્ન : ૬ શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં શ્રુતિ અને સ્મૃતિને પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર એ ધર્મ એ બાબત શ્રીજી મહારાજે કરી છે ?

પ્રશ્ન : ૭ "લાલચ લાગી રે બેની લાલચ લાગી રે, જોઈને જાદવરાય બેની લાલચ લાગી રે" - આ સુંદર કીર્તન ના રચયીતા કોણ છે

ઓક્ટોમ્બર-નવેમ્બર-૨૦૦૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) હૃદયને વિષે રહ્યો છે, અણુ સરખો સુક્ષ્મ છે, ચૈતન્યરૂપ છે પોતાની જ્ઞાન શક્તિએ કરીને પોતાના સમગ્ર દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે. અછેધ, અભેધ, અજર, અમર ઈત્યાદિ જીવના લક્ષણ છે. (૨) સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ કહી છે. (૩) "તમે કૃષ્ણાવતારમાં વાંસળી વગાડતા તે આવડે છે કે ભૂલી ગયા છો ?" વગાડો તો અમે સાંભળીએ. (૪) સંવત ૧૮૧૨ ના પ્રારંભ કાળમાં મધ્યપ્રદેશના દંતિયા ગામે થયો હતો. તેમના પિતાનું નામ વિષ્ણુશર્મા તથા માતાનું નામ વિરજાદેવી હતું. તેમનું પૂર્વાશ્રમનું નામ દિનમણી શર્મા હતુ. (૫) "ધન્ય ધન્ય જેતલપુર ગામ, વાલે જેને કર્યું નિજ ધામ." જેતલપુરધામ. (૬) તે કાગળ દાદા ખાચરના દરબારમાં પરમહંસને ઉતારે, દિવસ ઉગ્યા સમે, સંવત ૧૮૭૮ ના માગસર વદી-૧૪ ને દિવસ લખ્યો છે. (૭) સ.ગુ. પ્રેમાનંદ સ્વામી.

૧. હસુબેન કનૈયાલાલ ઠક્કર (ઈસનપુર)
૨. મનાણી પુષ્પા (જીરાગઢ)
૩. પટેલ ગોરધનભાઈ શંકરભાઈ (સોજા)
૪. અમૃતલાલ મોદી (સોજા)
૫. ચોટલીયા પુષ્પા, મનિષા, રંજન (ધુળકોટ)
૬. દક્ષાબેન ઘનશ્યામભાઈ (સોજા)
૭. વીણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૮. સાં.યો. ભારતીબા (કાલુપુર મંદિર હવેલી)
૯. અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (ચાંદલોડીયા)
૧૦. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૧૧. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૧૨. કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૧૩. પ્રફુલાબેન એસ. પટેલ (ઉવારસદ)
૧૪. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૧૫. સાં.યો. શિલ્પાબા તથા શિતલબા (સ્વા. મંદિર સુરેન્દ્રનગર)
૧૬. સાં.યો. ઉષાબા તથા ચંદ્રિકાબા (લીંબડી)
૧૭. પરમાર ભાનુબેન ભગવાનભાઈ, ભૂમિકા, મીના, ચંદ્રેશ (બોડકા)
૧૮. નિતા ભાવેશ ટાંક (બોડકા)
૧૯. ભગવાનદાસ વેલજીભાઈ સોની (મોરબી)
૨૦. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા
૨૧. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૨૨. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૨૩. કંચન બાબુભાઈ પટેલ (રતનપર - મૂળી દેશ)
૨૪. વિનોદ પી. પટેલ (વહેલાલવાળા - અમદાવાદ)
૨૫. નિશાબેન ઘનશ્યામભાઈ (વાઘગઢ)
૨૬. ચંદ્રિકા, જ્યોત્સવના, કૃપા (જીરાગઢ)
૨૭. વાઘેલા હિતેષ હેમરાજભાઈ (જામસર)

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.
(૨) પ્રશ્નના જવાબ સ્વચ્છ અને વંચાય તેવા અક્ષરે લખીને મોકલાવવા અને નામ એક જવાબ પત્ર ઉપર એકજ વ્યક્તિનું હોવું જોઈએ. તેનું જ નામ અંકમાં લખવામાં આવશે.

પ્રશ્નપેટીના વિભાગમાં નિયમિત ભાગ લેતા ભક્તજનોને નૂતન વર્ષના જયશ્રી સ્વામિનારાયણ સહ હાર્દિક ધન્યવાદ, પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે તેઓશ્રીના વરદ્ હસ્તે જે સન્માન-આશીર્વાદ મળ્યા છે તેમાં આપ સૌ સહભાગી છો. આપ સૌ વિશેષ મોટી સંખ્યામાં પ્રશ્નપેટી વિભાગમાં લાભ લેશો તેવી આશા સાથે (સંપાદક : શાસ્ત્રી ભક્તિનંદનદાસ)

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિપાવલીના ઉત્સવોની ઉમંગ ભેર થયેલી ઉજવણી

કાળી ચૌદશ : શ્રી હનુમાનજીનું પૂજન-અર્ચન આરતી પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર સંપન્ન થયું હતું. આ પ્રસંગના દર્શન ખૂબજ અલૌકિક, દિવ્ય અને ભવ્ય રીતે થયા હતા.

સમૂહ શારદા પૂજન : તા. ૯-૧૧-૨૦૦૭ને શુક્રવારના રોજ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં શ્રીહરિના ૭ માં વંશજ પ.પૂ.ધ.ધુ આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શારદાપૂજન વેદ વિધિસર શાસ્ત્રોક્ત વિધિથી મંદિરના સભા મંડપમાં ધામધૂમથી સંપન્ન થયું. આ પ્રસંગે હજારો ધર્મ પ્રેમી અને શ્રધ્ધાળુ વેપારી હરિભક્તોએ પૂજનનો મહા લાભ લઈ પોતાનો વેપાર વ્યવહાર શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કરેલ આજ્ઞા મુજબ કરવા સંકલ્પ કરેલ. આ પ્રસંગનું કવરેજ દૂરદર્શન અને સીટી ઈન કેબલની કેમેરા ટીમે કરીને તેનું સુંદર પ્રસારણ કરીને સમગ્ર ગુજરાતીઓને તેના દર્શન કરાવ્યા હતા. અમદાવાદ મંદિરના મહંત સ્વામી નારાયણ સ્વરૂપદાસજીએ આ પ્રસંગે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

નૂતન વર્ષ અને અન્નકૂટોત્સવ : સંવત ૨૦૬૪ ના નૂતન વર્ષના શુભ મંગલ પ્રભાતે પ્રાતઃ ૫-૦૦ કલાકે સર્વોપરિ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીએ સ્વયં ઉતારી ત્યારે અમદાવાદ શહેરના હજારો હરિભક્તો અને પૂજનીય સંતોએ નૂતન વર્ષના પ્રારંભના શુભ મંગલ દિન અને મંગલ ઘડીએ મંગળાના શ્રી નરનારાયણદેવના અલૌકિક દર્શન કરીને નવા વર્ષનો શુભ પ્રારંભ કર્યો હતો.

ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાની બેઠકમાં પોતાના આશ્રિતજનોને દર્શન આપતા હતા. આજે ભક્તોની ભીડ પણ અપરંપાર હતી. ત્યારબાદ શગણાર આરતી ૬-૩૦ કલાકે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના વરદ્ હસ્તે થઈ ત્યારે હજારો સંત-હરિભક્તોએ દેવ દુર્લભ દર્શન કરીને જીવન કૃતાર્થ કર્યું હતું. ત્યારબાદ સભા મંડપમાં બિરાજમાન થયા હતા. મંદિરના ગોરભાએ આખા વરસનો વરતારો સભામાં વાંચી સંભળાવ્યો હતો. બપોરે ૧૨-૦૦ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ અન્નકૂટ આરતી ઉતારી હતી. બપોરના ૧૨-૦૦ થી ૫-૦૦ દરમ્યાન અન્નકૂટ દર્શન ખુલ્લા રાખવામાં આવ્યા હતા. શહેર અને પરા વિસ્તારના હરિભક્તોની દર્શન માટેની મોટી સંખ્યામાં ભીડ જોવા મળી હતી. સમૂહ શારદા પૂજન, અન્નકૂટ ઉત્સવ આદિ પ્રસંગોમાં પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ પૂ. શ્યામચરણ સ્વામી, કોઠારી શા. સ્વામી રામાનુજદાસજી, શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (ચરાડવા મહંતશ્રી) વી.પી. સ્વામી (જેતલપુર) અને શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજી તથા પા. અનીલ ભગત, શ્રી કલ્પેશભાઈ આદિ સૌ સંત મંડળ અને કોઠાર સ્ટાફ તથા બાપુનગરના હરિભક્તોની સેવા ખૂબજ પ્રેરણારૂપ હતી.

(શા. ધર્મકિશોરદાસ)

જેતલપુરધામ શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રીજી મહારાજના દિવ્ય ચરણોથી અંકિત મહાન તીર્થભૂમિ જેતલપુર ધામમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કાળી ચૌદશના મારૂતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે યજ્ઞની વિધિસર પૂર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગના મુખ્ય યજમાન પ.ભ. કિરીટભાઈ ગોકળભાઈ પટેલ (લવારપુર) અને સહ યજમાન પ.ભ. રાજેન્દ્રસિંહ એ. રાઓલ (મિતલી) રહ્યાં હતા.

નૂતન વર્ષના દિને અમદાવાદ શહેર અને આજુબાજુના ગામોના હરિભક્તોએ સંકલ્પ કર્તા શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના મંગળા આરતી-શણગાર આરતી અને ૧૧ વાગ્યાથી સાંજના ૫-૦૦ કલાક પર્યન્ત અન્નકૂટ દર્શન મોટી સંખ્યામાં કરીને સંવત ૨૦૬૪ ના વર્ષનો પ્રારંભ દિન જીવના મોક્ષ અને કલ્યાણ માટેનો શુભ દિન બની રહ્યો. આ પ્રસંગે મહંત કે.પી. સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું.

(શા. ભક્તિનંદનદાસ)

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠાશાળા - જેતલપુરના પ્રાંગણમાં ઉજવાયેલ શારદીય મહોત્સવ

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપિત તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદ તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ચાલતી આપણી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહા વિદ્યાલયમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શુભ ઉપસ્થિતિમાં ભવ્ય અને આકર્ષક શારદીય મહોત્સવ તા. ૧૭-૧૦-૦૭ થી તા. ૨૦-૧૦-૦૭ પર્યન્ત ઉજવાયો. આ પ્રસંગના કાયમી યજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી હોવાથી તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજી અને વિદ્યાદેવી શ્રી સરસ્વતી માતાનું પૂજન-આરતી કરી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા શ્લોકાન્તાક્ષરી કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમમાં સ્વામી ભક્તિકિશોરદાસ ગુરુ સ્વામી હરિપ્રકાશદાસજીએ પ્રથમ સ્થાન મેળવી પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે વિજેતા કપ મેળવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત વડીલ સંતોના આર્શીવચન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આગામી ફેબ્રુઆરી ૨૦૦૮ માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ઈચ્છા અને આજ્ઞાથી અને પૂ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીના માર્ગદર્શન મુજબ ખૂબજ ભવ્ય અને સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ સૌના સહિયારા પુરુષાર્થથી અમદાવાદના ટાઉન હોલમાં યોજાશે. તેવી જાહેરાત સંચાલકશ્રી શા. હરિઊઁપ્રકાશદાસજીએ કરી હતી. આ

પ્રસંગે ઠાકોરજીને થાળ તથા સંતો વિદ્યાર્થીઓને રસોઈ કાલુપુર મંદિરના ટ્રસ્ટીશ્રી પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલના વેવાઈશ્રી રતીભાઈ (બાવળા વાળા) તરફથી હોવાથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તેમને પ્રસાદીનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે સૌ મહાપ્રસાદ ગ્રહણ કરી શ્રીહરિનામ સ્મરણ સાથે વિદાય થયા હતા. *(શા. સ્વા હરિઝૅંપ્રકાશદાસ, જેતલપુર)*

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાનું ગૌરવ ગુંજન

છેલ્લા ૨૦ વર્ષથી સંસ્કૃત અકાદમી ગુજરાત દ્વારા યોજાતી વિવિધ વિષયોની વકૃતૃત્વ સ્પર્ધામાં આ વર્ષે આપણી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ તૃતીય સ્થાન મેળવી પાઠશાળા અને સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે. આ શુભ પ્રસંગના સમાચાર જાણી પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ પ્રસન્ન થઈને પાઠશાળાની ઉત્તરોત્તર પ્રગતિ માટે અંતઃકરણપૂર્વકના આશીર્વાદ પાઠવ્યા છે.

વિજયી થનાર વિદ્યાર્થીઓ

૧. સ્વા. કુંજવિહારીદાસજી ગુ. સ્વામી જયપ્રકાશદાસજી (વેદાંત - પ્રથમ) ૨. તુષાર પ્રફુલકુમાર લહેરુ (જ્યોતિષ - પ્રથમ) ૩. સ્વામી હરિવલ્લભદાસજી ગુરુ સ્વા. નારાયણપ્રસાદદાસજી (મહેસાણા મહંત) (ગોળા ફેંક - પ્રથમ) ૪. પાર્ષદ શ્યામ ભગત ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજી (૧૦૦ મીટર દોડ - પ્રથમ) ૫. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી ગુરુ સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (કર્મ વિચાર - દ્વિતીય) ૬. સ્વામી વિવેકસાગરદાસજી ગુરુ સ્વામી પ્રેમવતીનંદદાસજી (નિબંધ લેખન - દ્વિતીય) ૭. સ્વામી હરિવલ્લભદાસજી ગુરુ સ્વામી નારાયણપ્રસાદદાસજી (મહેસાણા મહંત) (ચક્ર ફેંક - તૃતીય)

અસારવામાં (જુના સ્વા. બાગ) વીર હનુમાનજીનો સુવર્ણ કળશ ધ્વજદંડ ઉત્સવ ઉજવાયો

ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના જુના નિવાસ સ્થાન જ્યાં હાલ શ્રી સહજાનંદ ગુરુકુળ કાર્યરત છે. આ દિવ્ય અને પવિત્ર ભૂમિમાં આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પોતાના કુળ દેવતા શ્રી હનુમાનજીની સ્થાપના કરીને પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. જે મંદિર ખૂબજ જીર્ણ થતા પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પ અને ઈચ્છાથી સ્વયં રસ લઈને નિજ મંદિરને શિલ્પ શાસ્ત્રનુંસાર પથ્થરનું ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું. નૂતન મંદિરનો સુવર્ણ કળશ ધ્વજ દંડ મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૭-૧૦-૦૭ના શુભ દિને ધામધૂમથી સંપન્ન થયો.

પ્રાતઃ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સુવર્ણ કળશ ધ્વજદંડનું પૂજન અને મારૂતિયજ્ઞનો પ્રારંભ થયો. યજ્ઞમાં ૧૦૧ યજમાન પરિવારે સજોડે લાભ લીધો. સાંજે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે યજ્ઞની પૂર્ણાહુતિ અને શ્રી હનુમાનજીનું ષોડશોપચાર પૂજન-આરતી કરી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગમાં ગુરુકુળના સંચાલક સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ સમગ્ર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પણ દર્શને પધાર્યા હતા.

સૌ ભક્તજનોએ આવા અલૌકિક મહા પવિત્ર સ્થાનમાં યજ્ઞનો લાભ લઈ આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સાથે મહાપ્રસાદ ગ્રહણ કરી જીવનને સુફળ કર્યું. *(સત્યપ્રકાશદાસ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટના આંગણે ભવ્ય શરદોત્સવ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તીર્થોત્તમ ભૂમિ નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૫-૧૦-૨૦૦૭ના રોજ રાત્રે ૮ થી ૧૨ પર્યન્ત ભવ્ય શરદ મહોત્સવ અને રાસ ગરબાનું આયોજન ધામધૂમથી સંપન્ન થયું. જેના યજમાન પદે પ.ભ. વિઠ્ઠલભાઈ શિવરામભાઈ (રિદ્રોલવાળા હાલ અમદાવાદ) પટેલ તથા તેમના સુપુત્ર શ્રી મહેન્દ્રભાઈ તથા શ્રી ભરતભાઈ આદિ પરિવારે લાભ લીધેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી રાત્રે ૧૦-૩૦ કલાકે પધાર્યા ત્યારે સૌ સંત-હરિભક્તો ખૂબજ આનંદિત થયા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની આરતી ઉતારવામાં આવી હતી.

ભાઈઓ અને બહેનોએ અલગ અલગ રીતે સંપ્રદાયના નિયમ મુજબ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લેવા પધાર્યા હતા. ગરબામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનારને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઈનામ આપવામાં આવેલ. છેલ્લે રાત્રે પધારેલા સૌ ભક્તજનોને દૂધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવેલ. અત્રેના ઉત્સાહી યુવાન મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને સંત મંડળે ખૂબજ સુંદર વ્યવસ્થા કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો.

(શા. ચૈતન્યદાસ)

કાંકરિયા મંદિર

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ખાતે કાળી ચૌદશના શ્રી હનુમાનજી મહારાજ સમક્ષ મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. સાંજના પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે મારૂતિયજ્ઞની વિધિસર પૂર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગે મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને મથુરા મહંત આનંદ સ્વામીની પ્રેરણાથી કોઠારી શા. યજ્ઞપ્રકાશદાસે સભા સંચાલન કર્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

કરજીસણ મંદિરમાં ૫ મો પાટોત્સવ ઉજવાયો

દંઢાવ્ય પ્રદેશનું મુખ્ય પ્રસાદીનું ગામ કરજીસણના ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૪-૧૧-૦૭ ને રવિવારના રોજ સવારે ૮-૩૦ કલાકે શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા ત્યારે અત્રેના

હરિભક્તોએ શ્રી હનુમાનજી મંદિરથી ખૂબજ ભાવભીનું સ્વાગત સામૈયું કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને વધાવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૫ મો પાટોત્સવની આરતી ઉતારીને સૌ ભક્તજનોને અલૌકિક દર્શનનો મહા લાભ આપ્યો હતો.

પ્રાસંગિક સભામાં સભા સંચાલન શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. અન્ય વિદ્વાન સંતોએ પ્રેરક પ્રવચન કરેલ.

ત્યારબાદ સૌને આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ જણાવ્યું કે **આપણે જો મુખ્ય પ્રધાન જોડે ઉભા હોઇએ તો આપણી મહતા જેમ વધે છે તે રીતે મંદિરમાં આવતા સર્વ જગતના નિયંતા ભગવાનના દર્શન કરી તેમના સાનિધ્યમાં આપણું સુખ પણ વધી જાય છે. બીજું સુંદર ઉદાહરણ આપતા કહ્યું કે, જગતમાં જેમ ખોટા વ્યસનનો નશો કરો છો તેના કરતા ભગવાનના મંદિરે છ માસ સતત આવવાનો નશો કરશો પછી ફળ અમને જણાવશો.**

પ.ભ. પ્રહલાદભાઈ પટેલે યજમાનો વતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણોમાં સર્વેને આશીર્વાદની પ્રાર્થના કરી આચાર્યશ્રીમાં ભગવાનની મૂર્તિનો સાક્ષાત્કાર કર્યાનું વર્ણન કર્યું હતું. પા. જશુ ભગતે આભાર વિધિ કરી હતી. ત્યારબાદ સૌ ભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કરી વિદાય થયા હતા. *(પ્રહલાદભાઈ વિ. પટેલ)*

માલવણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પંચમહાલ જીલ્લાના ઝાડી દેશના માલવણ ગામે અને આજુબાજુના ગામોમાં શા. સ્વામી વિશ્વસ્વરૂપદાસજી તથા સાધુ સુખનંદનદાસે રાત્રી સત્સંગ સભામાં ઘણા જ ભક્તોને વર્તમાન ધરાવી નવા મુમુક્ષુઓ બનાવી શ્રી નરનારાયણદેવનું શરણ સ્વીકાર્યું હતું.

સંતોએ અહીંયા સૌ પ્રથમ શરદોત્સવનું આયોજન કર્યું હતું. જેમાં માલવણ, માછીવાડા, લાલ ખાટની મુવાડી, મુનખાટના મુવાડા, પાણ ખાણ, દલા ખાટની મુવાડી, આટા મોટા દરોડા, કેળા મૂળ, સંતરામપુર, હાથ પાળીયા વગેરે ગામના ભક્તોએ શરદ ઉત્સવમાં લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. સંતોએ નંદ સંતો રચિત કીર્તનો સુંદર ઢાળમાં ગાયા હતા. હરિભક્તોએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. સૌને દૂધ પૌંવાનો પ્રસાદ વહેંચવામાં આવેલ. પાર્ષદ હાર્દિક ભગત અને મછીવાડાના હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. *(શા. છપૈયાપ્રસાદ)*

બાલાસિનોર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી બાલાસિનોર ગામે ભાદરવા માસ દરમ્યાન અમદાવાદથી શા. વિશ્વસ્વરૂપદાસે નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત પુરુષોત્તમ પ્રકાશની કથા કરી સૌ ભક્તજનોને શ્રીહરિના પવિત્ર ઉત્તમોત્તમ ધર્મકુળનો મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું.

જલઝીલણી એકાદશીના રોજ ઠાકોરજીનો વરઘોડો બાલા સિનોરના રાજ માર્ગો પર ફેરવીને મંદિરમાં ભવ્ય ઉત્સવ કરેલ. જેના યજમાન તરીકે ઘનશ્યામ કિરાણા વાળા પરિવારે સુંદર લાભ લીધો હતો. આ પ્રસંગમાં સંત સ્વામી અને પા. રમેશ ભગતે સુંદર સેવા બજાવી હતી.

(નવિનભાઈ, ટ્રસ્ટીશ્રી)

ઉવારસદ

અત્રે ઉવારસદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અ.નિ. પૂ. શાસ્ત્રી સ્વામી હરિનારાયણદાસજીના શિષ્ય પરંપરાના પ.ભ. ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ પરિવાર તરફથી સત્સંગ સભાનું સુંદર આયોજન કરેલ. જેમાં કાલુપુર મંદિર, માણસા, જમીયતપુરા, આદરજ, નારણઘાટ, બોપલ, કલોલથી સંત મંડળે પધારીને કથા-વાર્તાનો ધૂન-ભજન કીર્તનનો દિવ્ય લાભ આપેલ. યજમાન તરફથી સંતોને મહાપ્રસાદ જમાડવામાં આવેલ. આ પ્રસંગે શ્રી ઘનશ્યામભાઈ પટેલે સુંદર સંચાલન કર્યું હતું. *(કોઠારીશ્રી, ઉવારસદ)*

દહેગામ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૮-૧૦-૦૭ના રોજ મારૂતિ યજ્ઞ અને શ્રી હનુમાનજીના પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. પ.ભ. વિનુપ્રસાદ એમ. પટેલ તરફથી અન્નકૂટ મહોત્સવ કરવામાં આવેલ.

(કોઠારી અરવિંદભાઈ)

શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અત્રે કોટેશ્વરના શા. સ્વામી રામકૃષ્ણદાસજી અને સંત મંડળે કથા-વાર્તાનો સુંદર લાભ આપેલ. જેમાં શ્રીમદ્ સત્સંગિજીવન, ધીરજ આખ્યાન અને શ્રીમદ્ ભાગવત આદિ શાસ્ત્રોની કથા કરી હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. *(રાવજીભાઈ ટી. પટેલ)*

નરોડા આદિશ્વરનગર

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શરદ પૂનમના નંદ સંતો રચિત રાસ-ગરબાનું આયોજન કરેલ. ધો.-૧૦ અને ૧૨ માં ફર્સ્ટ ક્લાસ ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવેલ.

ઠાકોરજીને અન્નકૂટ માટે હરિભક્તો પોતાના ઘેરથી અલગ અલગ વાનગીઓ બનાવીને લાવેલા. જે અન્નકૂટમાં ધરાવવામાં આવેલ. અત્રેના સેવાભાવી હરિભક્તોએ શ્રધ્ધા ભક્તિથી સુંદર સેવાનો લાભ લીધો હતો. *(ઠાકરસીભાઈ ચાવડા)*

શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મહંત શા. હરિવલ્લભદાસજીની પ્રેરણાથી બોપલ મંદિર સત્સંગ સમાજ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સહયોગથી એક દિવસ સત્સંગ શિબિરનું આયોજન એકલવ્ય ફાર્મ હાઉસ મણીપુર, ગલોડીયા રોડ પર તા. ૭-૧૦-૦૭ ને રવિવારના સવારના ૭ થી સાંજના ૫ સુધી થયુ હતું.

જેમાં સંતોમાં શા. વ્રજવલ્લભદાસે 'સત્સંગનો કેફ' શ્રી હરિનંદન સ્વામીએ 'સેવા' શ્રી સુવ્રત સ્વામીએ 'સંતકૃપા' સત્યસંકલ્પદાસે 'શ્રી સ્વામિનારાયણ

મહામંત્રનો મહિમા' અને શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજીએ 'શ્રી સ્વામિનારાયણ ભગવાનનું માહાત્મય પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો મહિમા, દેવ મંદિરની મહત્તા અને શ્રી નરનારાયણદેવનો આશરો' વગેરે ઉપર સંતોએ મનનીય અને ઉદાહરણ-દ્રષ્ટાંત સાથે જ્ઞાન સભર વિવેચન કરી નવા મુમુક્ષુઓને પણ મૂળ સંપ્રદાયની ખરી સમજણ જાણવા મળી.

બાળકો દ્વારા જુદાં જુદાં વિષયો પર નાટિકાઓ, નૃત્ય, રાસ ગરબા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમ થયા હતા. આ પ્રસંગમાં ખાસ પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્ય) શ્રી ખુશાલભાઈ પટેલ (ધુમા) તરફથી મહાપ્રસાદ અને ફાર્મ હાઉસની સેવા કરવામાં આવેલ. શ્રી લક્ષ્મણભાઈ સોમાજી ઠાકોરે સ્ટેજ મંડપની સેવા કરી હતી. પા. મહેન્દ્ર ભગત, કોઠારીશ્રી તથા મહિલા મંડળની બહેનોએ સુંદર સેવા બજાવી હતી. આ શિબિરનું શ્રી ધીરજભાઈ કાકડીયા દ્વારા દૂરદર્શન ઉપર તા. ૯-૧૦ અને ૧૦-૧૦ના રોજ સવારમાં પ્રસારણ કરવામાં આવેલ. *(પ્રવિણભાઈ ઉપાધ્યાય)*

છપૈયામાં સત્સંગિજીવન જ્ઞાનયજ્ઞ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં છપૈયાધામમાં સત્સંગિજીવન પંચાહ જ્ઞાનયજ્ઞનું આયોજન થયું હતું.

મોરબીના સાંખ્યયોગી ઉષાબા તથા સાંખ્યયોગી રાજકુંવરબાની પ્રેરણાથી મોરબીના સત્સંગીઓ કથાના યજમાનપદે રહીને વક્તા શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજીના મુખેથી કથાનું રસપાન કર્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રીએ કથાનો શુભારંભ કરી આશીર્વાદ આપીને યજમાન ઉપર પોતાનો અપાર રાજીપો બતાવ્યો હતો. સોનામાં સુગંધની જેમ પૂ. મોટા ગાદીવાળાશ્રી પાંચ દિવસ સુધી રોકાઈને કથા શ્રવણ તથા બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો સ્વયં અભિષેક કરીને સત્સંગી બહેનોને સત્સંગ તથા દર્શનનું અનેરું સુખ આપ્યું હતું. જન્મભૂમિમાં કથાશ્રવણ, છપૈયાની પંચતીર્થી, સ્નાન અને ભજન કરીને હરિભક્તોએ નવું વર્ષ સફળ બનાવ્યું હતું.

છપૈયા મહંત સ્વામી સ.ગુ. વાસુદેવાનંદ બ્રહ્મચારીએ યજમાન પરિવારને આશીર્વાદની સાથે ભોજન, ઉતારા પાણીની સુચારૂ વ્યવસ્થા કરી હતી. આ સાથે અયોધ્યા મંદિરના મહંત સ્વામીનો સહયોગ પણ નોંધપાત્ર રહ્યો. હરિભક્તોએ તન, મન, ધનથી જન્મ ભૂમિ મંદિરમાં સેવા સમર્પી. આ રીતે પૂ. મોટા મહારાજશ્રી તથા ગાદીવાળાશ્રીની પવિત્ર ઉપસ્થિતિથી આખો પ્રસંગ અને સત્સંગ બધું જ દીપી ઉઠ્યું હતું.

(કનુ ભગત, છપૈયા)

આકરૂંદ ગામે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સૌ પ્રથમ આગમન

સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાના આકરૂંદ ગામે શ્રધ્ધાળુ હરિભક્તોને ઘણા સમયથી સંકલ્પ હતો કે તેમના ગામમાં ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના પુનિત પરમ પવિત્ર પગલા પડે તો ગ્રામવાસી સૌ ધન્ય બની જાય. આ માટે ત્યાં કથા કરવા જતા સ્વામી સત્યસંકલ્પદાસજીએ શ્રધ્ધાળુ ભાવિકોને કથા-વાર્તા કરીને દેવ-આચાર્યશ્રીનું મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આકરૂંદ પધાર્યા ત્યારે ગ્રામજનોએ ખૂબજ ઉમળકા ભર્યું ધામધૂમથી સામૈયું કર્યું હતું. અને ભવ્ય શોભાયાત્રામાં પ.પૂ. મહારાજશ્રીના અલૌકિક દર્શન કરી હરિભક્તો ભાવવિભોર બની ગયા હતા. પ.પૂ. મહારાજશ્રી સૌ પ્રથમ રામજી મંદિરમાં પધાર્યા હતા અને આરતી ઉતારી હતી. ત્યારબાદ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાત મુહૂર્ત કરી સૌ ભક્તજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ધનસુરા, ડેમાઈ, બાયડ, સાપરા અને રડોદરા ગામના હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. શા. છપૈયાપ્રસાદદાસજી અને શા. સત્યસંકલ્પદાસજીની પ્રેરણાથી આ આયોજન થયું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મડળ)

કનીપુરમાં સત્સંગ સભા

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીના માર્ગદર્શનથી કનીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કોઠારી શા. ધર્મકિશોરદાસ, ધરિયાવદના મહંત સ્વામી અને સાધુ ચૈતન્યસ્વરૂપદાસ (વહેલાલ) આદિ સંત મંડળે હરિભક્તોને કથામૃતપાન અને કીર્તન ભક્તિ કરીને અલભ્ય લાભ આપેલ. હરિભક્તો પણ કથાનું રસપાન કરી રાજી થયા હતા.

(કોઠારી શા. રામાનુજ સ્વામી)

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O. અમેરિકા)

અમેરિકામાં આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણદેવના પાટોત્સવના ઉપલક્ષમાં ૩ થી ૮ સપ્ટેમ્બર દરમ્યાન શ્રી હરિગીતા પારાયણ, મહાભિષેક, મહાપૂજા અને અન્નકૂટ આદિ કાર્યક્રમ સંપન્ન થયા.

શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજીએ હરિગીતા પારાયણની કથા કરી હતી.

કથાના પ્રારંભથીજ રોજ સાંજે પ.પૂ. મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના દર્શનનો અલૌકિક લાભ હરિભક્તોને મળ્યો હતો. હરિગીતાની પૂર્ણાહુતિની આરતી એકાદશીના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-આરતી યજમાન પરિવારે કર્યું હતું.

મહાપૂજા, મહાભિષેક, પારાયણ અને અન્નકૂટના યજમાન પરિવારનું સ્વાગત મંદિર દ્વારા કરવામાં આવ્યું હતું.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકરોજીનો મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો હતો. જેના દર્શન કરવા હરિભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે

મહાપૂજાની આરતી ઉતારવામાં આવી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ગાંધીનગર મંદિરના પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી સ્વામીની સત્સંગિભૂષણની કથાની સીડીનું વિમોચન કર્યું હતું. જેના યજમાન પ.ભ. વિનોદભાઈ મીસ્ત્રી પરિવાર રહ્યા હતા. જેઓશ્રી તરફથી વિના મૂલ્યે દરેક હરિભક્તોને કથાની સીડી આપવામાં આવી હતી.

પ્રાસંગિક સભામાં સંતોના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે **મંદિરમાં આવો ત્યારે ભગવાનનું સુખ અવશ્ય મેળવવું સત્સંગ કરવો અને કરાવવો, મંદિરની દરેક પ્રવૃત્તિમાં સહભાગી થવું. અને ઈષ્ટદેવના દર્શન કરીને જીવન ધન્ય બનાવવું. કથા વાર્તાનો આનંદ લેવો અને સૌના સહકારથી મંદિરના કાર્યો થાય છે. તો તેમાં અવશ્ય હળી મળીને સત્સંગ દિન પ્રતિદિન વિકશે તે માટે અવશ્ય કાળજી રાખવી. પાટોત્સવમાં તો ભગવાનને સરસ રીતે રીઝવી શકાય. તો આવા શુભ અવસરે ભગવાનમાં તન-મન અને ધનથી લીન બની જઈએ તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.**

"સેવા" મેડીકલ ક્લિનિક તરફથી બ્લડ ડ્રાઈવ માટે ૩૮ ભક્તોએ બ્લડ ડોનેશન કર્યું હતું. તે સૌને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. *(પ્રવિણભાઈ શાહ)*

કેનેડા (I.S.S.O.)માં શ્રી સ્વામિનારાયણ મંદિર માટે જમીન સંપાદન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી જૂન માસમાં અત્રે પધાર્યા ત્યારે આપણા મંદિર માટે ઘણી જગ્યાઓ જોઈ હતી. તેમાં વેસ્ટ યુનિટ નં.-૯ ટોરોન્ટો ની જગ્યા ખૂબજ પસંદ પડેલી. સર્વોપરિ શ્રીજી મહારાજને જ્યાં બિરાજવાની ઈચ્છા હોય અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીએ સંકલ્પ કરેલ હોય તેજ સિધ્ધ થાય. અને તે પ્રમાણે આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ અને પ્રેરણાથી તા. ૧૧-૧૦-૦૭ ના રાત્રીના ૮-૩૦ કલાકે આપણા મંદિર માટેના યુનિટનું પઝેશન મળ્યું જે સુંદર રમણીય અને પૂજ્ય મહારાજશ્રીના સંકલ્પનું સાર પ્રાપ્ત થયેલ જગ્યાને સુંદર રીતે શણગારીને એક હરિભક્ત તરફથી સિંહાસન અર્પણ કરવામાં આવ્યું હતું.

તા. ૨૧-૧૦-૨૦૦૭ વિજયા દશમી આસો સુદ-૧૦ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ દિને સુંદર સિંહાસનમાં સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી નરનારાયણદેવને બિરાજમાન કરી આરતી ઉતારવામાં આવી હતી.

ત્યારબાદ સભામાં નંદ સંતો રચિત કીર્તન ભક્તિ અને કથા વાર્તા થઈ હતી. અને આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન કરી સમૂહ આરતી ઉતારવામાં આવી હતી. યજમાન હરિભક્તોએ પણ આરતીનો મહા લાભ લીધો હતો. ફોન દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવી સૌના ખબર અંતર પૂછ્યા ઠાકોરજીને થાળ-આરતી બાદ સૌને પ્રસાદ આપવામાં આવેલ. હરિભક્તો ખૂબજ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દર શનિવારના સાંજના ૪ થી ૭ સત્સંગ સભા નિયમિત થાય છે.

(ભાઈલાલભાઈ પટેલ)

લેસ્ટર (U.K., I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર

લેસ્ટર આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૧-૧૦-૦૭ને રવિવારના વિજયા દશમીના શુભ દિને આપણા પ્રાણ પ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૫ મો પ્રાકટ્યોત્સવ હરિભક્તોએ સાથે મળી ધામધૂમથી ઉજવ્યો. આ પ્રસંગે સુંદર રાગોમાં નંદસંતો રચિત કીર્તન-ભક્તિ રાસ ગરબાની રમઝટ બોલાવીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરી ૩૫ દિવાની આરતી હરિભક્તોએ સમૂહમાં ઉતારી ત્યારે સભામાં દિવ્યતા પ્રસરી ગઈ.

પ્રાસંગિક સભામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળના શ્રી હિતેનભાઈ હિરાણી મંદિરના પૂજારી રસિકભાઈ જાની અને સહમંત્રી શ્રી કિરણ ભાવસારે શ્રી નરનારાયણદેવના મહિમા સાથે સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીનું મહિમા માહાત્મ્ય શાસ્ત્રના પ્રમાણ સાથે સમજાવ્યું હતું. આ શુભ દિને બે શુભ પ્રસંગ સંકળાયેલા છે. આપણા I.S.S.O. નો સ્થાપના દિન પણ આ દિવસે હોવાથી તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સત્સંગી બહેનો તરફથી લાવેલ કેક આપણા વડીલ હરિભક્ત પ.ભ. જયંતીભાઈ પટેલ અને પ.ભ. હેમરાજભાઈ ચોટલીયાએ કાપીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નામના જયઘોષ સાથે હજારો ભક્ત સમુદાયે પ્રાકટ્યોત્સવ મનાવ્યો હતો. પ્રમુખશ્રી યોગેશભાઈ પટેલે આભાર વિધિ કરી હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ ઉત્તરોત્તર વૃધ્ધિ પામતો જાય છે.

દિવાળીના તા. ૯-૧૧-૨૦૦૭ના સમૂહ શારદા પૂજન સાંજના ૭ થી ૮ ધામધૂમથી વેદ વિધિસર થયું.

નૂતન વર્ષના ઠાકરજીને અનેકવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. સવારના ૬ વાગ્યાથી હરિભક્તો દર્શન માટે આવવા લાગ્યા હતા. આખો દિવસ ભક્તોની દર્શન માટે ભીડ જોવા મળી હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો આશીર્વાદ પત્ર અને અમદાવાદ મંદિરના મહંત સ્વામીનો નૂતન વર્ષનો આશીર્વાદપત્ર સભામાં વાંચી સંભળાવેલ. ઈંગ્લેન્ડના દરેક શહેરના હરિભક્તો દર્શને પધાર્યા હતા.

(કિરણ ભાવસાર)

વોશિંગ્ટન ડી.સી. ચેપ્ટર (I.S.S.O.)

આપણા વોશિંગ્ટન ડી.સી. ચેપ્ટરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સત્સંગ સભાનું આયોજન નિયમિત થાય છે. ૨૩ સપ્ટેમ્બર રવિવારને જલઝીલણી એકાદશીના ૨॥ કલાક સત્સંગ સભા ચાલી હતી. તેજ રીતે ૬ ઓકટોમ્બરને શનિવાર એકાદશીની સાંજના ૨ કલાક સત્સંગ સભા ચાલી હતી.

૧૦ નવેમ્બરના નૂતન વર્ષના શુભ દિને સતત ૫ કલાક સભા ચાલી હતી. ઠાકોરજીને અવનવી વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવીને વચનામૃત (૨૭૩) વાચન-મનન અને ધૂન કીર્તન નિત્ય નિયમ કરી અન્નકૂટ આરતી ઉતારવામાં આવી હતી.

હરિભક્તોએ વચનામૃત (૨૭૩) માંથી અમૃતપાન, કીર્તન ભક્તિ, ધૂન, નિત્ય નિયમ, થાળ આરતી સમૂહમાં કર્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સભામાં હરિભક્તો નિયમિત રસપૂર્વક શ્રધ્ધા પૂર્વક ભાગ લઈ જીવનને ધન્ય બનાવે છે.

(કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦ શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતના જન્મ પ્રસંગે	સઈજ
૨૫૧-૦૦ શ્રી મનીષકુમાર રમેશચંદ્ર ભાટીયા શ્રીજી મહારાજે અકસ્માત થકી રક્ષા કરી તે નિમિત્તે	માલવણ
૧૦૧-૦૦ શ્રી હંસાબેન અનીલભાઈ દેસાઈ શ્રી અનીલભાઈના શ્રાધ્ધ નિમિત્તે	બાપુનગ
૧૧૧-૦૦ શ્રી કોકીલાબેન ભરતભાઈ મુલાણી ચિ. હર્ષદની સગાઈ નિમિત્તે	જીવરાજપાર્ક
૧૦૧-૦૦ શ્રી રાજ બહાદુર રમણલાલ ભાવસાર નવું એર્ટનો સ્કુટર લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી જિજ્ઞેશ ઈશ્વરભાઈ પટેલ એલ.આઈ.સી. એજન્ટ નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી સુશીલાબેન પૂનમચંદ ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી શીરીષકુમાર રાયજીભાઈ પટેલ તેમની પુત્રીના જન્મ દિન નિમિત્તે	કોઠંબા
૧૦૦-૦૦ શ્રી વિરજીભાઈ હરજીભાઈ પોરીયા ચિ. રસીલાબેનની સગાઈ નિમિત્તે	જામસર
૧૦૧-૦૦ ચિ. પૌત્રી મહેકના જન્મ દિન પ્રસંગે	મોરબી
૫૦૧-૦૦ અ.નિ. પ.ભ. બિપીનભાઈ નારણભાઈ પટેલ તૃતીય પુણ્ય તિથિ નિમિત્તે (હ. રિંકેશ - રિધ્ધિ)	ઉનાવા
૧૦૧-૦૦ શ્રી ધર્મેન્દ્રકુમાર ચંદુભાઈ હેરમા એલ.આઈ.સી. ડિપ્લોમાં એન્જી. માં જોબ મળી તે નિમિત્તે	બજરંગપુરાવાળા
૨૫૧-૦૦ શ્રી અનીતાબેન લાલભાઈ પટેલ માધ્યમિક સ્કુલમાં પુરો પગાર થયો તે નિમિત્તે	પોર
૧૦૧-૦૦ શ્રી અનીલભાઈ અમથાલાલ મહેતા ચિ. નિખીલને જોબ મળી તે નિમિત્તે	સેટેલાઈટ
૧૦૦-૦૦ શ્રી ભગવાનજી છગનલાલ મીરાણી શાંતાબેન ભગવાનજી સર્વ પિત્રૃ શ્રાધ્ધ નિમિત્તે	આદિપુર (કચ્છ)
૧૦૧-૦૦ શ્રી સતીષભાઈ ત્રિભોવનદાસ પટેલ ચિ. ભાણો રિતેષ અમેરિકા ગયો તે નિમિત્તે	દેવડા
૧૦૦-૦૦ શ્રી જયમીનકુમાર શાંતિલાલ પટેલ ઓસ્ટ્રેલીયામાં પી.આર. થયા તે નિમિત્તે	જમીયતપુરા
૧૦૧-૦૦ શ્રી સત્યમ ગોવિંદભાઈ પટેલ ઉચ્ચ અભ્યાસાર્થે અમેરિકા ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી બાબુભાઈ નારણભાઈ પટેલ ચિ. બુલંન્દ તથા ચિ. ભૂમિના રિસેપ્સન પ્રસંગે	માણેકપુર
૫૦૧-૦૦ શ્રી ધર્મેશકુમાર જયંતીભાઈને ત્યાં પુત્રના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી મનીષકુમાર વાસુદેવભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	ઘાટલોડીયા
૧૦૧-૦૦ શ્રી પુષ્પાબેન ગીરીષભાઈ ભગત શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ શ્રધ્ધા કેસેટ કું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૩૫ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી સુરેશભાઈ ડાહ્યાભાઈ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી દર્શનકુમાર નિલેશભાઈ ટાંક પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૩૫ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે	સુરત (જીરાગઢ)
૧૫૦-૦૦ શ્રી પ્રવિણસિંહ વાઘુભા રાણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૩૫ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે	તાવી
૧૦૧-૦૦ શ્રી ગીતાબેન પ્રવિણચંદ્ર પ્રજાપતિ જીલ્લા બદલી થઈ તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦ શ્રી પ્રેમજીભાઈ ગોવિંદભાઈ ગાંગાણી નવું બાઈક લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી નાનુભાઈ ઠાકરસીભાઈ ખેર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૩૫ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે	(બળોલ)સાયલા
૧૦૧-૦૦ શ્રી જયદિપ ચંદુભાઈ ચાવડા જન્મદિન નિમિત્તે (દશેરા)	(બળોલ) મુંબઈ
૧૦૧-૦૦ શ્રી વિશાલ નનુભાઈ પટેલ ઈ.સી. ડીગ્રીમાં પાસ થયા તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦ શ્રી અશ્વિનકુમાર વાઘજીભાઈ પટેલ ગૌતમભાઈ તથા ધવલભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે	કઠલાલ
૧૦૧-૦૦ શ્રી જીતેન્દ્રકુમાર જયંતીભાઈ પટેલ નવું બાઈક ખરીદ્યું તે નિમિત્તે	નાનાઘરોડા
૧૦૧-૦૦ શ્રી સાવિત્રીબેન મનુભાઈ ભાવસાર નવી દુકાન લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	સેટેલાઈટ
૧૦૧-૦૦ શ્રી હિમાભાઈ ભલાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અસલાલી
૧૦૧-૦૦ શ્રી હસુમતીબેન પ્રવિણલાલ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે	આખજ
૧૦૧-૦૦ શ્રી ધ્રુવ ઘનશ્યામભાઈ અંબાલાલ જન્મ દિન પ્રસંગે	મોખાસણ
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ અંબાલાલ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી મનોજભાઈ અને મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈ ટીંબા
૧૦૦-૦૦ શ્રી ઘનશ્યામભાઈ પરસોતમભાઈ પટેલ નવું એર્ટનો લીધું તે નિમિત્તે	વિહારવાળા

૧૦૧-૦૦ શ્રી રાકેશભાઈ ડાહ્યાભાઈ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	બામરોલી
૧૫૧-૦૦ શ્રી મેહુલ પ્રવિણભાઈ ભાવસાર પુત્રીના જન્મ પ્રસંગે	ગાંધીનગર
૨૦૦-૦૦ શ્રી જસ્મિન ભગુભાઈ ભાવસાર પુણ્યતિથિ નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૧-૦૦ શ્રી કાંતિલાલ ચંદુલાલ પટેલ જન્મ દિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી દિનેશભાઈ મોહનભાઈ સાપરીયા બાબાના જન્મ પ્રસંગે	(ધૂળકોટ) સુરત
૨૦૦-૦૦ શ્રી હર્ષદકુમાર અરવિંદભાઈ પટેલ નવું કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે	ઊંઝા
૨૫૦-૦૦ શ્રી ડાહ્યાભાઈ રામદાસ પટેલ ચિ. પૌત્ર ક્રિશના જન્મ દિન નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ - મુંબઈ
૧૦૧-૦૦ શ્રી શુભમ સુરેશભાઈ બાબરીયા ૨૩-૧૦-૦૭ જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી પાયલ વિનોદકુમાર પટેલ સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે	અમેરિકા
૧૦૦-૦૦ શ્રી બટુકભાઈ માવજીભાઈ પ્રજાપતી શિક્ષકની નોકરી પૂર્ણ થવા નિમિત્તે	બાવળા
૧૦૧-૦૦ શ્રી મિત કલ્પેશકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ શ્રી રવિ હસમુખભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	જેતપુર
૨૫૦-૦૦ શ્રી નિમેષકુમાર અમૃતલાલ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	લાલોડા
૧૦૧-૦૦ શ્રી ઉમંગ હસમુખભાઈ પટેલ દિવાળીના શુભ પ્રસંગે	કલોલ
૧૦૧-૦૦ શ્રી કાંતિભાઈ હાથીભાઈ નોકરીમાંથી નિવૃત થયા તે નિમિત્તે	સાચોદર
૧૦૧-૦૦ શ્રી રેવાબહેન કાંતિભાઈ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	સાચોદર
૧૦૧-૦૦ શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦ શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ ભાવસાર જન્મ દિન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦ આદિત્ય ગૃપ ટ્યુશન શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી રવિન્દ્રભાઈ ચંદુભાઈ ચૌહાણ નવું બાઈક લીધું તે નિમિત્તે	(ધૂળકોટ) સુરત
૧૦૧-૦૦ શ્રી માવજીભાઈ પરસોત્તમભાઈ કાચા નવું મકાન લીધું તે નિમિત્તે	(ધૂળકોટ) રાજકોટ
૧૦૧-૦૦ શ્રી રાકેશભાઈ માવજીભાઈ કાચા નવું હિરો હોન્ડા લીધું તે નિમિત્તે	(ધૂળકોટ) રાજકોટ
૧૦૧-૦૦ શ્રી રમેશચંદ્ર શાંતિલાલ ભાવસારના ચિ. જિગ્નેશના પગાર તથા સગાઈ નિમિત્તે	ચાંદલોડીયા
૧૦૧-૦૦ શ્રી રમેશચંદ્ર શાંતિલાલ ભાવસારના ચિ. તેજેન્દ્રકુમારના પ્રથમ પગાર નિમિત્તે	ચાંદલોડીયા
૧૫૧-૦૦ શ્રી વિજય ટીમ્બર્સ નવા વર્ષ નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે	વલસાડ
૧૫૧-૦૦ શ્રી નિલકંઠ વિજય સોમીલ નવા વર્ષ નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે	વલસાડ
૧૦૧-૦૦ શ્રી અતુલભાઈ ગોપાલભાઈ કપુપરા યાત્રા-પ્રવાસ નિર્વિઘ્ને પૂર્ણ થયો તે નિમિત્તે	અમદાવાદ
પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે "શ્રી નરનારાયણદેવ ચોક" નામાભિધાન થયું તે પ્રસંગની ખુશાલીમાં ભેટ	
૧૦૧-૦૦ શ્રી સરસ્વતીબેન ઈશ્વરભાઈ પટેલ	મોરબી
૧૦૧-૦૦ શ્રી પ્રેમીલાબેન બાબુલાલ પટેલ	મોરબી
૧૦૧-૦૦ શ્રી ચેતનાબેન મહેન્દ્રભાઈ આચાર્ય	મોરબી
૧૦૧-૦૦ શ્રી રમાબેન ધીરજલાલ કાથરાણી	મોરબી
૧૦૧-૦૦ શ્રી શારદાબેન ધીરજલાલ વિડજા	મોરબી
૧૦૧-૦૦ શ્રી પુષ્પાબેન ભગવાનજીભાઈ સેતા	મોરબી
૧૦૧-૦૦ શ્રી ચંપાબેન રામજીભાઈ વિડજા	મોરબી
૧૦૧-૦૦ શ્રી લાભુબેન નાનજીભાઈ વિડજા	મોરબી
૧૦૧-૦૦ શ્રી વસુબેન ગોરધનભાઈ પટેલ (જેતપરવાળા)	હાલ મોરબી
૧૦૧-૦૦ શ્રી પાર્વતીબા જોબનપુત્રા (હ. રંજનબેન જોબનપુત્રા)	મોરબી
૧૦૧-૦૦ શ્રી મંજુલાબેન વિનુભાઈ બરારવાળા	મોરબી
૧૦૧-૦૦ શ્રી મુક્તાબેન ચંદુભાઈ ઉલિયાવાળા	મોરબી
૧૦૧-૦૦ શ્રી હંસાબેન પ્રભુદાસ મહેતા	મોરબી
૨૫૧-૦૦ સાંખ્યયોગી રાજુકુંવરબા તથા સાંખ્યયોગી ઉષાબેન	મોરબી
૧૦૧-૦૦ શ્રી મુક્તાબેન નવીનભાઈ ખંધડીયા	મોરબી

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

ભાદરવા સુદ-૪ પ.ભ. ગાંડાલાલ કાળીદાસ પટેલ અમદાવાદ (હ. પરમેશ્વર સ્વામી પૂજારી). **ભાદરવા સુદ-૫** પ.ભ. ઈશ્વરભાઈ છનાભાઈ પટેલ ગામડી (હ. હિરેનભાઈ). **ભાદરવા સુદ-૭** પ.ભ. પટેલ બાબુભાઈ સોમદાસ, વડુ-અમદાવાદ. **ભાદરવા સુદ-૧૨** પ.ભ. પટેલ મહાદેવભાઈ ચતુરભાઈ ધરમપુરવાળા ● સાં.યો. વિલાસબહેન ગઢડા (હ. બાબુભાઈ) ● પ.ભ. પટેલ જીતેન્દ્રકુમાર સોમનાથભાઈ નારણપુરા ● પ.ભ. મૂળશંકરભાઈ પુરોહિત ● શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ (હ. પ.ભ. ભરતભાઈ ચોકસી)

ભાદરવા વદ-૧ પ.ભ. પટેલ ભરતભાઈ લવજીભાઈ બાયડ. **ભાદરવા વદ-૩** અનિ. ગોહિલ પ્રતાપસિંહ મુળુભા નવી આખોલ (હ. સંત સ્વામી, બાબુ ભગત). **ભાદરવા વદ-૪** પ.ભ. પી.ડી. પટેલ (વકીલ) ઓઢવ (હ. જે.પી. સ્વામી) **ભાદરવા વદ-૫** પ.ભ. પાર્થ જનકકુમાર પટેલ અમદાવાદ (લવારપુરવાળા). **ભાદરવા વદ-૭** પ.ભ. અરવિંદભાઈ રવજીભાઈ બાપુનગર (હ. રામ સ્વામી). **ભાદરવા વદ-૧૦** પ.ભ. લાલબાઈ સામજી નારાયણપુર (કચ્છ) (હ. કે.પી. સ્વામી ભૂજવાળા) ● પ.ભ. મણિલાલ લક્ષ્મીદાસ ભાલજા (હા. પુનમભાઈ એમ. પટેલ) ● પ.ભ. બાબુભાઈ મણીલાલ શાહ, અમદાવાદ (પ્રાંતીજવાળા) ● અનિ. હરિબેન ઉભેદભાઈ પટેલ (હ. જનકભાઈ) ● પ.ભ. કનુભાઈ હરિભાઈ વેકરીયા

આસો સુદ-૩ પ.ભ. ડૉ. ઈશ્વરભાઈ અરજણભાઈ સુહાગીયા ● અનિ.પ.ભ. ગોરધનભાઈ માવજીભાઈ પનારા (ધ્રોળવાળા) હૈદ્રાબાદ. **આસો સુદ-૪** પ.ભ. ભુદરભાઈ નરસીભાઈ જરવલા. **આસો સુદ-૯** પ.ભ. રતનબેન નાનજીભાઈ હીરાણી (કુટુંબ પરિવાર તરફથી). **આસો સુદ-૧૦** પ.ભ. પટેલ પરસોત્તમભાઈ ભુરાભાઈ રાણીયા. **આસો સુદ-૧૫** પ.ભ. કાંતિભાઈ ગાંધી, અંબાબેન ગાંધી મુંબઈ. **આસો વદ-૨** અનિ.પ.ભ. વેલજી ગોવિંદ વેકરીયા (હ. દેવચરણ સ્વામી ભૂજ). **આસો વદ-૩** પ.ભ. અશ્વિનભાઈ અંબાલાલ મહેતા ● પ.ભ. ગોવિંદભાઈ રામદાસ પટેલ (ડાંગરવાવાળા) અમદાવાદ ● પ.ભ. જયંતિભાઈ મફતભાઈ પટેલ ઝુંડાલ ● પ.ભ. પ્રહલાદભાઈ પટેલ અમેરિકા ● શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ. **આસો વદ-૯** અનિ.પ.ભ. સાકરબેન (શીવીબેન) હરિભાઈ પટેલ (હ. ભગવાનભાઈ પુરુષોત્તમભાઈ પટેલ - મોખાસણવાળા). **આસો વદ-૧૨** પ.ભ. રામજીભાઈ મૂળજીભાઈ કેવળીયા (નાના ઝીંઝાવદરવાળા) ● અનિ.પ.ભ. કરશનભાઈ ગોવિંદભાઈ (હ. ઝવેરભાઈ - ભાવનગર). **આસો વદ-૧૩** પ.ભ. રાજેશભાઈ કાંતિલાલ પટેલ અમદાવાદ. **આસો વદ-૧૩, ૧૪ અને ૩૦ (૩ દિવસ)** પ.ભ. હંસાબેન ટી. પટેલ (પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની પ્રેરણા આશીર્વાદથી).

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર ના વયોવૃદ્ધ સંત સ.ગુ. સ્વામી ભક્તિપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી બાળકૃષ્ણદાસજી તા. ૨૯-૧૧-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બળોલ-ભાલ : પાર્ષદશ્રી વનરાજ ભગત (પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના હજુરી પાર્ષદ) અને પ.ભ. માવજીભાઈ ચાવડાના પિતાશ્રી શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના અત્યંત કૃપાપાત્ર પ.ભ. મોહનભા ગલાભા ચાવડા (ઉં. ૯૮ વર્ષ) સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ભજન સ્મરણ કરતા તા. ૧૭-૧૧-૨૦૦૭ના રોજ અક્ષરનિવાસી થયા છે. (તેઓશ્રી બળોલ ગામના સૌથી મોટી ઉંમરના વડીલ હરિભક્ત હતા.)

મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ તાબાના નિષ્ઠાવાન અગ્રણીય હરિભક્ત પ.ભ. દાનુભા માવજીભા પરમાર શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૧૦-૧૧-૨૦૦૭ના રોજ અક્ષરનિવાસી થયા છે.

પ.ભ. કરશનભાઈ મોતીભાઈ વણોલ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૧૪-૧૧-૨૦૦૭ના રોજ અક્ષરનિવાસી થયા છે.

પ.ભ. ગોવિંદભાઈ મોતીભાઈ સુરના ધર્મપત્નિ અ.સૌ. શારદાબેન શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદી અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના નિષ્ઠાવાન પ.ભ. બચુભા (શ્રી ગણેશભા) રૂપાભા ખેર તા. ૨૭-૧૧-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી મૂળીદેશના સત્સંગમાં મોટી ખોટ પડી છે.

જુના દેવળીયા (મૂળીદેશ) : પ.ભ. મોહનભાઈ પમાભાઈ પટેલ (ઉ. ૭૫ વર્ષ) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૧૬-૧૧-૨૦૦૭ના રોજ અક્ષરનિવાસી થયા છે. જેઓશ્રીનું જીવન ભક્તચિંતામણી અને વચનામૃત પરાયણ હતું. અનિ. શા. સ્વામી ગોપાળચરણદાસજીના સમાગમથી વચનામૃતના ખૂબજ ઉંડા અભ્યાસી અને જ્ઞાતા હતા. દેવ-આચાર્ય અને સત્સંગના પક્ષવાળા આવા હરિભક્તના અક્ષરવાસથી મૂળી દેશના સત્સંગમાં મોટી ખોટ પડી છે.


કોઠા : પ.ભ. પ્રહલાદભાઈ અમથીદાસ પટેલ તા. ૧૩-૯-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સમો : પ.ભ. ચૌધરી ગણેશભાઈ કચરાભાઈ તા. ૨-૧૧-૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


અમદાવાદ : આપણા અમદાવાદ મંદિરમાં ફરજ બજાવતા (સ્કીમ કમિટીના સેક્રેટરી) પ.ભ. નટવરલાલ મોહનલાલ ઠક્કર તા. ૨૨-૧૧-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વડુ : શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વરસો પર્યન્ત કોઠારી તરીકે સેવા કરતા વયોવૃદ્ધ પ.ભ. હરગોવનદાસ માધવદાસ પટેલ નૂતન વર્ષના શુભ દિને તા. ૧૦-૧૧-૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



કોલોનિયા (અમેરિકા) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન



કોલોનિયા (અમેરિકા) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે
ઠાકોરજીને અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



નારાયણઘાટ મંદિરમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.લાલજી
મહારાજશ્રીની શુભ નિશ્રામાં શરદોત્સવ ધામધૂમથી ઉજવાયો.



બાલવામાં શ્રી નરનારાયણ ટ્રેકટર્સમાં પ.પૂ. આચાર્ય
મહારાજશ્રીની પધરામણી




પ.પૂ.મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ
મ્યુઝિયમ નિર્માણના ચાલી રહેલા કામની તસ્વીર



પ.પૂ.મોટા મહારાજશ્રી જ્યાં નિત્ય બિરાજે છે તે
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું કાર્યાલય

Registered under RNI - No - GUJ GUJ/ 2007 / 20221Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08 Licenced to Post Without Prepayment No. AM-019 valid upto 31/05/200





સિધ્ધપુર મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા
પ.પૂ.મોટા મહારાજશ્રી આરતી ઉતારતા



સિધ્ધપુર મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે અન્નકૂટ આરતી
ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



સિધ્ધપુર નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિ
પ્રસંગે યજ્ઞમાં શ્રીફળ હોમતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



સિધ્ધપુર મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને કથામૃત પાન
કરાવતા મહંત શા.સ્વા.પ્રેમસ્વરુપદાસજી